
કુમાર

સંસ્થાપક: સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત


આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૬૧મું · અંક ૫મો · મે ૧૯૮૪

સળંગ અંક ૭૨૫

તંત્રી · બિહારીલાલ ટાંક



કામદેવનું શરસંધાન (લીનોકટ · જગદીપ સ્માર્ત)



કાશ્મીરની શેરી

આલેખન - જગદીપ સ્માર્ત

(જુઓ આ અંકની કલાવાર્તા)

આ અંકમાં

મે ૧૯૯૪

સળંગ અંક ૭૨૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા · અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૧૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વૈશાખી બપોર / ઉશનસ્

- શિખરિણી સૉનેટ -

ચઢી છે બપ્પોરી ભરતી ફળિયાની ઝરી વિશે
અખાત્રી' તડ્કાની ઉભયતટ આસ્ફાલતી ફીણે!
અડચો છે અંભોધિ દ્રવ છલત કયાં દૂર અતિશે,
ભરાવો છે–વ્હેતાં જળ ન; ઊભરો એથી જ ખીણે;

જુઓ હાવાં સ્પર્શે ક્ષણક્ષણ તીણો સૂરજ સવ
ખણ્'તો આરાને ઉભય ભીંસમાં; ઘાટ ગણીને
ચઢે છે અક્કેકું ઘરપગથિયું, ભીષણ દવ!
રહું જોઈ બીકે– નિકટ સ્ફુરતી ફૂંક-ફણીને;

હવે એ શેરીનું દદડ જીભ હડ્કાયું કૂતરું!
સીધી થૈ તે એની પૂંછડી લઈને ડાધિયું-ડરું—
ચઢી આવે મારે ઉમરલગ! ધોળું બળ્યુંઝળ્યું
રહે જોઈ જાળીભીતર સળિયામાંથી સૂંસરું...

શિકારી આંખોથી હડતું જતું પાછા-પગભર્યું
ઘરે છાયા કેરું ગભરું ભીરું ભોળું કબૂતરું...

કલહ પણ... / દેવજી રા. મોઢા

શિખરિણી • સૉનેટ

સખી, એમાં તારો જરી પણ ન'તો દોષ, વરતી
હતી તું સ્ત્રીઓને સહજ બસ એવું જ; રચના
વિધાતાએ એવી કરી અહીં તમારાં મગજની,
રહો કે આનંદી પ્રતીપ વહને કેવળ તમે!

અને તેથી જ્યારે પણ હું રહું બોલાવી તુજને,
તું ના આવે બ્હાનાં વિવિધ તવ કૈં આગળ કરી,
અને ચિત્તે મારી કવન-પ્રક્રિયા ચાલી રહી હો,
તું આવે તે ટાણે– તુજ કરી અપેક્ષા નવ છતાં!

ઉડાવી હોતે જો સકલ મુજ આજ્ઞા નત શિરે,
મૂંગે મોંએ, સામી દલીલ વણ, તો અરસ આ
બન્યું હોતે જીવ્યું; સરસ પણ મારું જીવતર
થયું પામી આજે તુજ દગજલો–રોષ–છણકા!

ન'તો ઝંખ્યો તારો પ્રણય અહીં નિર્ભેળ કદી યે,
મને થોડો થોડો કલહ પણ રૂહેતો ગમી, પ્રિયે!

સમીપ છું / 'રાઝ' નવસારવી

• ગઝલ •

સદીઓમાં સાંપડે છે એ અવસર સમીપ છું,
ઇન્સાન થઈને આજ હું ઈશ્વર સમીપ છું.

તું ના અપાવ યાદ પ્રસંગો નસીબના,
હું જ્યારે ઉન્નતિની ઘડીભર સમીપ છું.

હું કોણ છું ને કયાં છું મને પૂછશો નહીં,
વર્ષો પછી હું એની બરાબર સમીપ છું.

આભાસ એનો મારા હૃદયને થતો નથી,
લોકો કહે છે 'રાઝ' કે હું ઘર સમીપ છું.

નિતનિતનો ઉપવાસી

શશિશિવમ્

• ગાન •

હું નિતનિતનો ઉપવાસી
રહ્યો હું અમૃતરસનો પ્યાસી. —હું૦

ફૂલપરાગનાં ભોજન લેતો,
સૂર્યશશીનાં કિરણો પીતો;
જાણું ના કયા લોકનો વાસી. —હું૦

કુંજકુંજની યાત્રા કરતો,
સુંદરતાના ગગને સરતો;
શોધતો સુરગંગાતટ કાશી. —હું૦

રાત-દિવસની માળા ભણતો,
શ્વાસશ્વાસના મણકા ગણતો;
પારણે ઝુલાવ હે સહવાસી! —હું૦

વ્હેલા આવજો / હર્ષદ ચંદારાણા

• ગાન •

સોના વેલણ ને રૂપા પાટલી રે
દનડાં વણતાં રે ગોરાં દે;
વ્હાલા દરિયો વળોટી વ્હેલા આવજો.

સોના બાજઠ ને રૂપા વીંઝણો રે
રાત્યું વીંઝતાં રે ગોરાં દે;
વ્હાલા વગડો વળોટી વ્હેલા આવજો.

સોના થાળી ને રૂપા વાટકી રે
ઠાલાં ઠાલાં રે ગોરાં દે;
વ્હાલા ડુંગર વળોટી વ્હેલા આવજો.

સોના લેખણ ને રૂપા કાગળ રે
આંખ્યે અંધારાં રે ગોરાં દે;
વ્હાલા રણને વળોટી વ્હેલા આવજો.



રામાનુજાચાર્ય

વિશિષ્ટાદ્વૈતના પુરસ્કર્તા અને દર્શનયુક્ત શ્રીવૈષ્ણવ સંપ્રદાયના આદ્ય સ્થાપક આચાર્ય

—પ્રફુલ્લ રાવલ

વિશિષ્ટાદ્વૈત દર્શનના સ્થાપક શ્રી રામાનુજાચાર્ય હતા. આ દર્શન ભક્તિપ્રધાન છે. એમાં નારાયણનું મહત્ત્વ છે. નારાયણ એ જ બ્રહ્મ. એ લીલા, અર્ચા, વિભવ, વ્યૂહ અને અન્તર્યામી એમ પાંચ સ્વરૂપો ધારણ કરે છે. સગુણ ભક્તિનું દાર્શનિક રૂપ આ દર્શનમાં સર્જાયેલું છે. ભક્તિને પ્રાધાન્ય આપનાર રામાનુજાચાર્ય જૂનામાં જૂના શ્રીવૈષ્ણવ સંપ્રદાયના આદ્ય સ્થાપક છે. એ સંપ્રદાયનું પ્રભવસ્થાન દ્રાવિડ દેશ છે, જ્યાં વૈષ્ણવ ભક્તિની પરંપરાનું અસ્તિત્વ હતું. આ પરંપરાના પોષક 'આળવારો' હતા. એ પરમ વૈષ્ણવ ભક્તો હતા. લગભગ સાતમા સૈકાથી દ્રાવિડ દેશમાં વૈષ્ણવ ભક્તિનો શુભારંભ થઈ ગયો હતો. આળવાર ભક્તોની સંખ્યા બાર ગણાય છે. એમાં માત્ર બ્રાહ્મણો જ નહિ, ક્ષત્રિય અને શૂદ્રો તેમ જ સ્ત્રીનો પણ સમાવેશ થએલો છે. શ્રીવૈષ્ણવ સંપ્રદાય કે રામાનુજ સંપ્રદાયમાં આળવારોની મહત્તા છે. આ ભક્તોના સમય વિશે મતભેદ હોવા છતાંય એ બધા જ રામાનુજાચાર્યની પહેલાં થઈ ગયા એટલું ચોક્કસ છે. વળી, આચાર્ય પરંપરા પણ આળવારોના પછી જ અસ્તિત્વમાં આવી. નવમી સદીથી ચૌદમી સદી દરમિયાન થઈ ગયેલા આચાર્યોએ આળવારોની મધુર વાણીનું સંપાદન-સંકલન કર્યું હતું.

આચાર્ય પરંપરામાં સહુ પ્રથમ આવે છે શ્રીરંગનાથમુનિ. એ-એમનું શ્રીનાથમુનિ એવું બીજું નામ પણ છે. એમણે આળવારોની મધુર રચનાઓને વેદોની જેમ ગાઈ શકાય તેવી સુંદર વ્યવસ્થા કરી. એમણે કરેલા પરિભ્રમણથી વૈષ્ણવ ભક્તિનો ઠીકઠીક ફેલાવો થયો. 'ન્યાય-તત્ત્વ,' 'યોગ-રહસ્ય' અને 'પુરુષ-નિર્ણય' એમના રચેલા સંસ્કૃત ગ્રંથો છે. 'ન્યાય-તત્ત્વ' વિશિષ્ટાદ્વૈતનો પ્રથમ ગ્રંથ ગણાય છે, જેના પરથી રામાનુજાચાર્યે આગળ જતાં એ સિદ્ધાંતને વ્યવસ્થિત રૂપમાં મૂક્યો. અતઃ રામાનુજાચાર્યના વ્યાપક બનેલા દર્શનનું મૂળ આ ગ્રંથમાં છે. શ્રીરંગનાથમુનિ યોગના પણ જ્ઞાતા હતા. એમના પછી એમના પૌત્ર યામુનાચાર્ય આચાર્ય થયા. જે આળવન્દાર નામથી પણ ઓળખાય છે. આળવન્દારનો અર્થ થાય છે મુક્તિ આપનાર. આ તેમનું બિરુદ હતું. તે શાસ્ત્ર-પારંગત વિદ્વાન હતા તેમજ વાદવિવાદમાં ભારે કુશળ હતા. રાજપંડિતને શાસ્ત્રાર્થમાં હરાવીને એમણે અર્ધું રાજ મેળવ્યું હતું. રાજા બન્યા પછી એ વિદ્યા-ભક્તિ વિસરી ગયા હતા એવું મનાય છે. ગુરુ રામમિશ્રે એમને જગાડ્યા. રામમિશ્ર પછી તેઓ શ્રીરંગમની ગાદી પર આવ્યા. 'ગીતાર્થસંગ્રહ', 'ચતુઃશ્લોકી', 'સિદ્ધિત્રય', 'મહાપુરુષનિર્ણય' અને 'સ્તોત્રરત્નમ્' (આળવન્દાર સ્તોત્ર) એ છ એમના ગ્રંથો છે. વિશિષ્ટાદ્વૈતનું રામાનુજાચાર્ય પૂર્વેનું વિવરણ એમાં ઉપલબ્ધ થાય છે. યામુનાચાર્ય રામાનુજને પોતાના ઉત્તરાધિકારી બનાવવા ઇચ્છતા હતા, કેમ કે એમણે રામાનુજની કીર્તિ સાંભળી હતી. પરંતુ દેહાવસાન સુધી ઉભયનો મેળાપ થયો નહોતો. છતાં ય રામાનુજ એમના મત સાથે જોડાયા અને શ્રીવૈષ્ણવ સંપ્રદાયને એક પ્રખર પ્રચારક-પ્રસારક ઉપલબ્ધ થયો.

શ્રીવૈષ્ણવ સંપ્રદાય તરીકે નહિ, પરંતુ દર્શનયુક્ત સંપ્રદાય તરીકે સ્થાપનાર રામાનુજ હતા. એ અર્થમાં એ સાચા સ્થાપક હતા. પરંપરાથી ચાલ્યા આવતા સંપ્રદાયને સુવ્યવસ્થિત કરીને, તેને ચોક્કસ સ્વરૂપ આપનાર અને તેનું આગવું દર્શન ઘડનાર રામાનુજ હતા. આથી જ રામાનુજ શ્રીવૈષ્ણવ સંપ્રદાયના આદ્ય સ્થાપક ગણાય છે. સમગ્ર ભારતવર્ષમાં શ્રીવૈષ્ણવ સંપ્રદાયને ફેલાવનાર તેઓ જ હતા. વળી, એ સંપ્રદાયની માન્યતાને અનુલક્ષીને એમણે આગવું દર્શન આપ્યું. જે વિશિષ્ટાદ્વૈતના નામે ઓળખાય છે. આ દર્શન શંકરાચાર્યના અદ્વૈત વેદાન્ત પછીનું મહત્ત્વનું દર્શન છે. જેની વ્યાપક અસર આજ સુધી રહી છે. આજનો સ્વામિનારાયણ સંપ્રદાય આ જ દર્શન પર અવલંબિત છે. જોકે સહજાનંદીય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ રામાનુજીય દૃષ્ટિ કરતાં અગત્યની બાબતોમાં ભિન્ન પડે છે.

આગવા દર્શનથી ભક્તિમાર્ગની પરંપરાને ફેલાવનાર રામાનુજાચાર્યનું નામ લક્ષ્મણ* હતું. એમનું તમિળ નામ ઇલૈય પેરુમાલ હતું. પિતાનું નામ કેશવ અને માતાનું નામ કાન્તિમતી. જન્મસ્થળ પેરુમ્બુતૂર, ઈ. સ. ૧૦૧૭ના ચૈત્ર સુદ પાંચમના દિવસે જન્મેલા આ બાળક રામાનુજને સંકર્ષણના અવતાર માનવામાં આવે છે. રામાનુજ બાળપણથી વેદાભ્યાસમાં લગન ધરાવતા હોઈ વેદ-વેદાંગમાં અસાધારણ જ્ઞાનપ્રાપ્તિ કરેલી. સોળ વર્ષની વયે એમનું લગ્ન તાનિઅમ્માલ'(Taniammal) નામની વૈષ્ણવ કન્યા સાથે થયું. થોડા જ સમયમાં એમના

* કાંતિમતીના ભાઈ શ્રીશૈલપૂર્ણ તિરુપતિમાં રહેતા હતા. બહુ વર્ષો પછી બહેનને ત્યાં પુત્રજન્મ થતાં તેઓ તેને મળવા પેરુંબુદુરમ્ આવ્યા હતા. એ વખતે નાના બાળકના મસ્તક આસપાસ એમણે એક તેજવર્તુલ તથા દેહ ઉપર રામચંદ્રજીના નાના ભાઈ લક્ષ્મણનાં જેવાં સામુદ્રિક લક્ષણો પણ જોઈ એમણે આ બાળકને રામના અનુજ - રામાનુજ (લક્ષ્મણ) નામ આપ્યું હતું એમ મનાય છે. —સં.

આળવાર એ તમિળનાડના વૈષ્ણવ સંત અને કવિઓ. દક્ષિણ ભારતમાં વૈષ્ણવ પંથમાં બે મુખ્ય ભેદ છે – એક આળવાર પરંપરાવાળા અને બીજા આચાર્ય પરંપરામાં માનનારા. આચાર્યો તો અનેક છે, પણ આળવારોની સંખ્યા માત્ર બાર છે. આળવાર એટલે ભક્ત અથવા પરમેશ્વરના પ્રેમસાગરમાં બૂડેલા રહેનાર એવો અર્થ છે. આ આળવારોનો સમય તો નક્કી થઈ શક્યો નથી, પણ આજ સુધી ઉપલબ્ધ ઐતિહાસિક સંદર્ભો જોતાં એવું લાગે છે કે આળવારો પલ્લવોના કાળમાં અને ચોળ રાજ્ય આવ્યા પહેલાં થઈ ગયાં છે. તેમનો ક્રમ નિશ્ચિત છે, તે આ પ્રમાણે – પોઇગઈ, ભૂતત્તાર, પેઇ, તિરુમળિસૈ, નમ્મ, મધુરકવિ, કુલશેખર, આંડાળ, પેરી, તોંડરડિપોડિ, તિરુપ્પાણ ને તિરુમંગયી.

આમાંના પ્રથમ ચાર બહુ પ્રાચીન હોઈ તેમના વિષે બહુ માહિતી મળતી નથી. પછીના પાંચ મધ્યકાળના અને છેવટના ત્રણ ઐતિહાસિક કે ત્યાર બાદના સમયના છે. આમાં નમ્માળવારનું મહત્ત્વ સવિશેષ છે. 'પ્રબંધમ્' નામના તમિળ ગ્રંથમાં આ બધાં આળવારોનાં પદ્યોનો સંગ્રહ છે. તમિળનાડના વૈષ્ણવ પંથમાં આ ગ્રંથનું ગીતા જેટલું માન છે. ૪૦૦૦ જેટલાં પદ્યોના આ સંગ્રહમાં ૧૩૬૧ જેટલાં પદો તો તિરુમંગયીનાં છે, અને તે પછી સૌથી વધુ પદો નમ્માળવારનાં છે.

આળવારો મુખ્યત્વે ગૂઢગુંજનવાદી સંતો હતા. ભક્તિને લોકપ્રિય બનાવવા તેમણે તેને નવી જ દિશા બતાવી. આ દિશા એટલે સંપૂર્ણ શરણાગતિ. પાંચરાત્ર એ ભક્તિનો સંપ્રદાય છે. એનું એક આગવું તત્ત્વજ્ઞાન છે. તેમાં વાસુદેવ (હરિ, બ્રહ્મ), વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચ એવાં પરમાત્માનાં પાંચ રૂપ માન્યાં છે. તેને સ્વીકારી આળવારો અર્ચ પર વિશેષ ભાર મૂકે છે. વેદ અને આગમોના તત્ત્વજ્ઞાનમાં આળવારોએ સમન્વય સાધી પરમેશ્વર પ્રતિ નમ્રતાનું મહત્ત્વ સ્વીકાર્યું છે. એમની ભક્તિ સર્વ ભાવે દેવના શરણે જવાની હોઈ ભક્તિના વાચ્યાર્થથી તે ભિન્ન છે. એમનો ભક્તિમાર્ગ દેખાય છે એટલો સરળ નથી. તેમાં તો બુદ્ધિ સંકળાએલી છે, અને તે બુદ્ધિ પ્રાચીન ગ્રંથોમાં દર્શાવેલી ભક્તિનો માર્ગ જાણવામાં તથા સંતોના સદુપદેશો શ્રવણ કરી તેને ચિત્તમાં ધારણ કરવામાં પ્રયોજાય છે.

એમનો આ ભક્તિમાર્ગ સાર્વજનિક પણ છે. જાતિભેદ કે વર્ણાશ્રમની મર્યાદાનો તેમાં સ્વીકાર નથી. પૂર્ણપણે ઈશ્વરના શરણે જનાર કોઈ પણ જાતિ કે ધર્મનો હોય તો યે ઈશ્વર તેનો ઉદ્ધાર અને રક્ષણ કરે છે. ઈશ્વર સર્વવ્યાપી હોઈ માણસ સહિત સૃષ્ટિની સર્વ વસ્તુમાં તેનો વાસ છે. એટલે માનવીનું પોતાનું શરીર પણ દેવસ્થાન જ સમજી તેની અંતર્યામી ભક્તિ કરવી જોઇએ. ગીતામાં પણ આ જ સિદ્ધાંત પ્રબોધ્યો છે તેમ આળવારપંથી વૈષ્ણવો માને છે.

રામાનુજાચાર્યે આળવારની આ સંપૂર્ણ શરણાગતિની ભાવના પર જ પોતાના 'પ્રપત્તિ'ના તત્ત્વજ્ઞાનની માંડણી કરી છે. ભક્તિયોગમાં વર્ણ અને આશ્રમની દૃષ્ટિએ કેટલીક મર્યાદા છે. પણ પ્રપત્તિમાં તે નથી. પ્રપત્તિને અન્ય ગુણોની જરૂર નથી, અને એ જ એનો મુખ્ય ગુણ છે. પ્રપત્તિ એ માણસને જ્ઞાની કે અતિ માનવ સિદ્ધ કરે છે એટલું જ નહિ, તે તો તેને જળ-સ્થળમાં ઈશ્વર સાક્ષાત્કારનો આનંદ આપે છે.

આળવાર વિધવિધ વૈષ્ણવક્ષેત્રોની યાત્રા કરીને સ્વતઃ ભક્તિનું સુખ મેળવે છે અને બીજાને આપે છે. શ્રીરંગમ્ તથા ઈતર પ્રમુખ દેવસ્થાનોમાં આળવારોની મૂર્તિઓ પણ જોવા મળે છે. રામાનુજાચાર્યના આદેશથી તેમની સ્થાપના થયાનું મનાય છે. બાર આળવારોમાં બ્રાહ્મણો સાથે શુદ્રો જ નહિ, એક સ્ત્રી – આંડાળની પણ ગણના થાય છે. દક્ષિણના વૈષ્ણવોમાં આચાર્યો કરતાં યે આળવારોનું સ્થાન ઊંચું ગણાય છે. કારણ એ આચાર્યો કરતાં યે પ્રાચીન અને જીવનમુક્ત વિભૂતિઓ છે. —સં.

પિતા કેશવનું અવસાન થયું. રામાનુજ માટે એ આઘાતજનક સમાચાર હતા, છતાં ય ટૂંક સમયમાં શોકને હળવો કરીને એમણે વિદ્યાભ્યાસમાં મન પરોવ્યું. એમને પરમ વિદ્વાન થવાની મનેચ્છા હતી. એ સમયે કાંચીપુરમ્માં યાદવપ્રકાશ નામના પ્રખર અદ્વૈતી વિદ્વાન હતા. રામાનુજ એમને ત્યાં વિદ્યાભ્યાસાર્થે ગયા. રામાનુજની બુદ્ધિમત્તા અપૂર્વ હતી. વેદાંતનું અધ્યયન એમણે પૂરા ઊંડાણથી કર્યું. પરિણામે એમની આગવી દૃષ્ટિ પાંગરી. ગુરુ અદ્વૈતી હતા અને રામાનુજની વિચારધારા એમનાથી વિરુદ્ધ હતી. આથી અવારનવાર ગુરુ-શિષ્ય વચ્ચે વૈચારિક-સૈદ્ધાંતિક મતભેદ ઊભો થતો. અદ્વૈતસિવાયની વ્યાખ્યા વિષે યાદવપ્રકાશ રામાનુજને સંપૂર્ણ સંતોષકારક ઉત્તર આપી શક્તા નહોતા. આથી ગુરુના જ્ઞાન વિષે રામાનુજ શંકિત બનતા ગયા. એમાં છાંદોગ્ય શ્રુતિના એક શ્લોકના અર્થઘટન પરત્વે યાદવપ્રકાશ કરતાં રામાનુજ ચડિયાતા સાબિત થયા. ગુરુને શિષ્યની અદેખાઈ આવી. એમ પણ મનાય છે કે યાદવપ્રકાશે વેર લેવાની વૃત્તિથી રામાનુજને તેમના મસિયાઈ ભાઇ અને સહાધ્યાયી ગોવિંદ ભટ્ટ સાથે કાશી-પ્રયાગ મોકલી કાસળ કાઢવાનું છટકું ગોઠવ્યું હતું. માર્ગમાં એક ભીલ દંપતીએ એમને બચાવ્યા. એવી અનુશ્રુતિ છે કે રામાનુજને બચાવનાર ભીલ દંપતી તે સ્વયં વિષ્ણુ-લક્ષ્મી હતા.[1] આ પ્રસંગથી એમનું મન ખિન્ન થએલું સાથેસાથે નારાયણની કૃપાથી જે નવજીવન મળ્યું તેનો વિનિયોગ તેમણે જીવકલ્યાણાર્થે કરવાનું વિચાર્યું.

રામાનુજ હવે કાંચીના દેવરાજ મંદિરમાં પૂજારી તરીકે રહ્યા. પરંતુ વિદ્વાન તરીકેની એમની ખ્યાતિ સારી એવી ફેલાઇ હતી. આની ખબર યામુનાચાર્યને પડી. એમની જીવનલીલા પૂર્ણ થવામાં હતી. પોતાની પરંપરાને જીવંત રાખવામાં રામાનુજ પર એમની આંખ ઠરી હતી. યામુનાચાર્યે પોતાના શિષ્ય મહાપૂર્ણ દ્વારા રામાનુજને બોલાવ્યા. રામાનુજ આમંત્રણથી શ્રીરંગમ્ આવ્યા, પરંતુ બે મહાન આત્માનું મિલન શક્ય ન બન્યું. દૈહિક રીતે યામુનાચાર્ય નહોતા, પરંતુ એમની દિવ્ય વાણી અચૂક રામાનુજે સાંભળી હશે! આથી જ યામુનાચાર્યના પાર્થિવ દેહના દર્શન કરીને એમની અતૃપ્ત – અધૂરી રહેલી ત્રણ ઇચ્છાઓને પૂર્ણ કરવાની રામાનુજે પ્રતિજ્ઞા કરી. એમ કહેવાય છે કે આ પ્રતિજ્ઞા લેતાંની સાથે જ અત્યાર સુધી આચાર્યના

---

૧. એમ પણ મનાય છે કે પોતાની કુશાગ્ર બુદ્ધિથી થોડા જ સમયમાં વેદાન્તનું તત્ત્વજ્ઞાન આત્મસાત્ કરી લીધા પછી ઉપનિષદના અમુક અંશના અર્થઘટન અંગે રામાનુજને ગુરુ યાદવપ્રકાશ સાથે જે મતભેદ થયો તે ગુરુને જચ્યો નહોતો. પરિણામે રામાનુજ પ્રત્યેની એમની આત્મીયતા ઘટતી જઈ તેના સ્થાને દ્વેષ વધવા લાગ્યો. અદ્વૈતવાદના વિરોધી રામાનુજ આગળ જતાં પોતાનો નવો પંથ સ્થાપશે જ એવી ગુરુના મનમાં ખાતરી થઈ ગઈ ત્યારે પોતાના અદ્વૈત-સિદ્ધાંતના રક્ષણાર્થે એમણે અન્ય શિષ્યોનો સાથ લઈ કાશીની યાત્રા યોજી. માર્ગમાં રામાનુજની હત્યા કરવાનો એમાં ઉદ્દેશ હતો. ગોવિંદે આ અંગે રામાનુજને ચેતવ્યા, અને એક અંધારી રાતે સંઘ છોડી રામાનુજ નાસી છૂટયા. અજાણ્યા વનમાં માર્ગ ન સૂઝતાં એ અટવાઈ પડ્યા એટલે બધી આશા છોડી એમણે વરદરાજનું સ્મરણ કર્યું અને ભીલભીલડીના રૂપમાં વિષ્ણુ-લક્ષ્મીએ એમને કાંચી સુધી પહોંચાડી દઈ અંતર્ધાન થ ગયાં. ઘેર પહોંચી રામાનુજે માતાને બધી વાત કરી, અને ત્યાર પછી ગુરુ વિના જાતે જ અધ્યયન કરવા માંડયું. આ જ અરસામાં માતાની આજ્ઞાથી એ વિવાહબદ્ધ બન્યા હતા. —સં.

આંડાળ

બાર આળવારોમાં તમિળનાડની ભક્ત કવિયિત્રી આંડાળની પણ ગણના થાય છે. તે દક્ષિણની મીરાં કહેવાય છે. આઠમા શતકના ઉત્તરાર્ધમાં તેનો જન્મ થયાનું મનાય છે. વિષ્ણુચિત્ત નામના એક વૈષ્ણવ ભક્તને તુલસીવનમાંથી એક નવજાત બાળકી મળી. ભગવાનનો આદેશ ગણી તે એને પોતાને ઘેર લઈ ગયો અને તેને 'કોદઈ' એવું નામ આપ્યું. કોદઈ એટલે ફૂલહાર સમી કમનીય. બચપણથી જ કૃષ્ણભક્ત બની કોદઈ મીરાંની માફક અન્ય કોઇને યે વરવા ઇચ્છતી નહોતી, અને તેણે તેમ જ કર્યું.

ભગવાનનો પ્રેમ અને કૃપા પ્રાપ્ત થયાં હોઈ તેને 'આંડાળ' એવું નામ મળ્યું. વિષ્ણુચિત્તને પૂજામાં દેવને પહેરાવવા જે પુષ્પહાર જોઇતો તે આંડાળ જ બનાવી આપતી. પણ આંડાળ તે હાર બની રહે એટલે પ્રથમ તો પોતાના ગળામાં પહેરીને દર્પણમાં પોતાનું સૌંદર્ય નિહાળતી. વિષ્ણુચિત્તને આની જાણ નહોતી. પરંતુ એક દિવસ હારમાં વિષ્ણુચિત્તે એક વાળ જોયો. આથી તે હાર તેણે રંગનાથની મૂર્તિને પહેરાવ્યો નહિ. પોતાની પુત્રીનો એ અપરાધ ગણી તે બહુ ગુસ્સે થયો. પરંતુ તે જ રાતે રંગનાથે સ્વપ્નમાં આવી વિષ્ણુચિત્તને કહ્યું કે કોદઈએ પહેરી લીધેલો હાર જ તેને અધિક પ્રિય છે. આ પરથી વિષ્ણુચિત્તને કોદઈની કૃષ્ણભક્તિનો ખયાલ આવ્યો. એક દિવસ રંગનાથે આંડાળ સાથે પોતાનું લગ્ન કરવાનો દેવાલયના અધિકારીઓને આદેશ આપ્યો. અને તેઓએ ધામધૂમથી એ લગ્ન ઊજવ્યું. ભગવાન રંગનાથ સાથે પરણીને મંદિરમાં આવતાં જ આંડાળ તેમની શેષશય્યા ઉપર ચઢી ગઈ, અને એ વેળા સર્વત્ર એક દિવ્ય પ્રભા પ્રસરી ગઈ. આંડાળ એ તેજરાશિમાં જ વિલીન થઈ ગઈ એવી આખ્યાયિકા છે. દક્ષિણ ભારતમાં આજે પણ વૈષ્ણવ મંદિરોમાં દર વર્ષે આંડાળ-રંગનાથના લગ્નનો ઉત્સવ ઉજવાય છે.

આંડાળની ભક્તિ પ્રેમ અને કારુણ્યથી ભરપૂર છે. શ્રીહરિનો નામસંકીર્તનમાં એ સ્વયંને વિસરી જાય છે. રંગનાથ એટલે કે શ્રીકૃષ્ણ પતિ મળે તે માટે તેણે ગોકુળની ગોપીઓ મુજબ કાત્યાયની વ્રત કર્યું હતું. આજ પણ દક્ષિણ ભારતીય કન્યાઓ તે વ્રત—'પાવૈવ્રત' કરે છે. આંડાળે આ વ્રત માટે 'તિરુપ્પાવૈ' નામે એક પદ્યસંગ્રહ પણ રચ્યો છે. 'નચ્ચિયાર તિરુમોલિ' એ તેનો બીજો કાવ્યગ્રંથ છે. આજે યે તમિળ યુવતી માઘ માસમાં પ્રાતઃકાળે આ વ્રતના સ્નાનાર્થે જાય ત્યારે આ ગ્રંથમાંની આંડાળની રચનાઓ પ્રેમપૂર્વક ગાય છે.

પોતાના આરાધ્ય શ્રીકૃષ્ણને ગમે તે જ કહેવું-કરવું, અને ન ગમે તે સઘળું વર્જ્ય ગણવું એ આંડાળની વૃત્તિ રહી છે. શ્રીકૃષ્ણમાં દૃઢ વિશ્વાસ, આત્મસમર્પણ અને દીનતા વગેરે સમા ભક્તિપૂર્ણ ભાવ આંડાળના કાવ્યસર્જનમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. —સં.

મૃતદેહમાં વળેલી રહેલી ત્રણ આંગળીઓ સીધી થઈ ગઈ. એમની ત્રણ ઇચ્છાઓ હતી: 'બ્રહ્મસૂત્ર'નું ભાષ્ય રચવું, 'વિષ્ણુસહસ્રનામ'નું ભાષ્ય રચવું, અને 'દિવ્યપ્રબંધમ્'નું ભાષ્ય રચવું.[૨]

રામાનુજ યામુનાચાર્યની વૈષ્ણવ ભક્તિની પરંપરાથી મુગ્ધ થયેલા. આથી એમના જ શિષ્ય મહાપૂર્ણ પાસેથી એમણે વિધિપૂર્વક વૈષ્ણવ દીક્ષા લીધી.[૩] માત્ર દીક્ષા લઇને દીક્ષિત જ ન થતાં શિક્ષિત પણ થયા. દરમિયાન પત્નીથી અપમાનિત થતાં એમણે સંસારનો ત્યાગ કર્યો અને સંન્યાસી બન્યા. એમનું વૈવાહિક જીવન સુખદ નહોતું એટલે એમણે પત્નીને પીયર મોકલી દઈ પોતે સંન્યાસ લીધો અને વરદરાજના મંદિર પાસે મઠસ્થાપી રહેવા લાગ્યા. ત્યારે એમની વય બત્રીસ વર્ષની હતી. એ પછી રામાનુજે યામુનાચાર્યના વિવિધ શિષ્યો પાસેથી વિવિધ વિદ્યાઓ પ્રાપ્ત કરી. અત્યાર સુધી આચાર્યની વિદ્યા અલગઅલગ રૂપે અસ્તિત્વ ધરાવતી હતી તે એકમાત્ર રામાનુજ પાસે એકત્ર થઈ. રામાનુજ યામુનાચાર્યના ઉત્તરાધિકારી બન્યા અને રામાનુજાચાર્ય તરીકે ઓળખાવા લાગ્યા. એમના પહેલા શિષ્યોમાં એમના ભાણેજ દાશરથી સ્વામી ને કુરેશ હતા. એમના પૂર્વગુરુ યાદવપ્રકાશે પણ એમની પાસેથી દીક્ષા લઇને શિષ્યત્વ સ્વીકાર્યું. રામાનુજે એમનું નવું નામ ગોવિંદયોગી રાખ્યું. ગોવિંદયોગીએ 'યતિધર્મસમુચ્ચય' નામનો ગ્રંથ રચ્યો છે.

[યામુનાચાર્યના પુત્ર વરદરંગ રામાનુજને કાંચીથી શ્રીરંગમ્ લઈ ગયા હતા. ત્યાં રામાનુજે શ્રીરંગનાથના મંદિર તથા ત્યાંના મઠના સર્વસૂત્રો પોતાને હસ્તક લીધાં હતાં. ત્યાર બાદ એમણે ગોષ્ઠીપૂર્ણ પાસે ફરી દીક્ષા લીધી હતી. ગોષ્ઠીપૂર્ણે એમને 'ૐ નમો નારાયણાય' એ મંત્ર આપ્યો, અને તે મંત્ર ગોપિત જ રાખવા આજ્ઞા આપી તેનું રહસ્ય સમજાવ્યું. આ મંત્ર દ્વારા માણસને મુક્તિ મળે છે એવું જ્યારે રામાનુજને સમજાયું ત્યારે પાસેના મંદિરના શિખર ઉપર ચઢી જઈ એમણે મોટા અવાજે એ મંત્ર બોલવા માંડ્યો, સેંકડો સ્ત્રીપુરુષો એ સાંભળવા લાગ્યાં. આની જાણ થતાં ગોષ્ઠીપૂર્ણ અત્યંત ગુસ્સે થયા અને રામાનુજને બોલાવીને કહ્યુ, 'તેં ગુરુની આજ્ઞા લોપી છે એથી અનંત કાળ સુધી તારે નર્કયાતના ભોગવવી પડશે.' ઉત્તર આપતાં રામાનુજ બોલ્યા, 'જો આપની કૃપાથી આ બધાં સ્ત્રીપુરુષો મુક્તિ પામશે અને હું એકલો નર્કમાં પડીશ તો મને તેનો આનંદ જ થશે.' શિષ્યની ઉદાત્તતા જોઈ ગુરુનો ગુસ્સો શમી ગયો અને પ્રસન્ન થઈ તેમણે કહ્યુ, 'આજથી વિશિષ્ટાદ્વૈત તારા જ નામ પરથી 'રામાનુજદર્શન' નામે પ્રસિદ્ધ થશે.'
—સં.]

રામાનુજાચાર્યે આચાર્ય થતાં જે મત પ્રસાર્યો તે વિશિષ્ટાદ્વૈત. આ કાળે શંકરનો અદ્વૈતવાદ ખૂબ પ્રચલિત હતો. રામાનુજાચાર્યે આ મતનું ખંડન કરીને પોતાનો વિશિષ્ટાદ્વૈત મત ફેલાવ્યો હતો. રામાનુજાચાર્યે અદ્વૈત મત ધરાવનાર યજ્ઞમૂર્તિ નામના સંન્યાસી સાથે સોળ દિવસ શાસ્ત્રાર્થ કરીને તેને પરાજિત કરેલા. એ રામાનુજાચાર્યના શિષ્ય બન્યા અને દેવરાજ નામ ધારણ કર્યું. 'જ્ઞાનસાર' અને 'પ્રમેયસાર' એમના બે ગ્રંથો છે. આમ, ક્રમશઃ એમનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રચલિત બનતો ગયો ને અનેક વ્યક્તિઓએ તે સિદ્ધાંતનો સ્વીકાર કરીને શ્રીવૈષ્ણવ સંપ્રદાયની દીક્ષા લીધી. અન્ય આચાર્યોની

---

૨. એક મત એવો છે કે યામુનાચાર્યની ત્રણ ઇચ્છા આ પ્રમાણે હતી: (૧) 'બ્રહ્મસૂત્ર' પર ભાષ્ય રચવું, (૨) એ સમયના દિલ્હીના પાદશાહ પાસે પહોંચેલી એક વિષ્ણુમૂર્તિ પાછી લાવવી તથા (૩) દિગ્વિજય કરી વિશિષ્ટાદ્વૈતની સ્થાપના કરવી. કેટલાક માને છે કે ત્રણ ઇચ્છા આવી હતી: (૧) બ્રહ્મસૂત્ર પર ભાષ્ય રચવું, (૨) દ્રાવિડ વેદનો પ્રચાર કરવો અને (૩) સુયોગ્ય એવા બે જણને 'પરાશર' તથા 'શઠકોપ' એવું નામ આપવું.

૩. યામુનાચાર્યના અંત્યસંસ્કાર કરી રામાનુજે કાંચી પાછા ફરી વરદરાજની ઉપાસના તથા વિદ્યાભ્યાસંગ કરવા માંડયાં. પણ તેમને યામુનાચાર્યના પટ્ટશિષ્ય પેરિયાનંબી અર્થાત્ મહાપૂર્ણ પાસે અધ્યયન કરવું જરૂરી લાગતાં એ શ્રીરંગમ્ જવા નીકળ્યા. આ જ રીતે રામાનુજને મળવાની ઇચ્છાથી પેરિયાનંબી કાંચી જવા નીકળ્યા હતા. મધુરાંતકમ્ નામના સ્થળે બંને મળી ગયા. રામાનુજ મહાપૂર્ણને સાથે લઈ કાંચી પાછા ફર્યા, અને છ માસ સુધી પોતાને ત્યાં રાખી એમની પાસેથી વેદાંતસૂત્ર તથા ત્રણ હજાર ગાથા શીખ્યા. —સં.

જેમ જ રામાનુજાચાર્યે પણ સમગ્ર ભારતવર્ષની તીર્થયાત્રા કરી. સંપ્રદાયના પ્રચાર-પ્રસારમાં ઠીક સમય ગયેલો એથી યામુનાચાર્યના દેહાવસાન પછી જે પ્રતિતા લીધી હતી તે હજુ પૂર્ણ થઇ નહોતી. આથી એ પૂર્ણ કરવા તેઓ પ્રવૃત્ત થયા. કાશ્મીરયાત્રા દરમિયાન એમના પટ્ટશિષ્ય કુરેશ એમની સાથે જ હતા. ત્યાં 'બોધાયનવૃત્તિ'ની એક હસ્તપ્રત હતી, પરન્તુ એ માત્ર વાંચવા જ મળી. આથી કુરેશે સંપૂર્ણ પ્રત કંઠસ્થ કરી લીધી. આ ગ્રંથની સહાયથી રામાનુજાચાર્યે વેદાન્તનું 'શ્રીભાષ્ય' તૈયાર કર્યું અને યામુનાચાર્યની પ્રથમ ઇચ્છાને પૂર્ણ કરી. ફરી વાર કાશ્મીર ગયા ત્યારે આ 'શ્રીભાષ્ય'નો સારો સત્કાર થયો હતો. ત્યાંથી હયગ્રીવની મૂર્તિ પુરસ્કાર રૂપે મળી હતી. મૈસુરના પરકાલ મઠમાં એ મૂર્તિની પૂજા થાય છે.[૪]

કુરેશને પરાશર અને પિલ્લન્ એ બે પુત્રો હતા. આ બન્ને પુત્રો ખૂબ જ વિદ્વાન હતા. રામાનુજાચાર્યે 'વિષ્ણુસહસ્રનામ'નું ભાષ્ય પરાશર પાસે તૈયાર કરાવ્યું. અને પિલ્લન્ પાસે 'દિવ્ય પ્રબન્ધમ્'નું ભાષ્ય તૈયાર કરાવ્યું. આમ, યામુનાચાર્યની ત્રણે ય અતૃપ્ત ઇચ્છા પૂર્ણ થઇ. એ પછીનાં વર્ષોમાં એમણે સતત વિશિષ્ટાદ્વૈત મતનો પ્રચાર કર્યો. ભક્તિનું એક પ્રબળ મોજું એમના પ્રચારથી ફરી વળ્યું. તમિળ વૈષ્ણવભક્તિનું આંગણું બન્યું. આળવાર ભક્તોની જે પરંપરા હતી તે નવા જ રૂપે જનસામાન્યમાં પ્રચલિત બની. ભક્તિને દર્શનનું રૂપ આપીને રામાનુજાચાર્યે શ્રીવૈષ્ણવ સંપ્રદાયનો ભારે ફેલાવો કર્યો. ભાગવતકાળમાં ભક્તિની જે સેર ફૂટી હતી તે રામાનુજાચાર્યે પ્રવાહ રૂપે વહેતી કરી. ભક્તિ સંપ્રદાયના તાત્ત્વિક મૂળ શ્રી વૈષ્ણવ સંપ્રદાયમાંથી મળી રહે છે. રામાનુજાચાર્ય કથિત વિશિષ્ટાદ્વૈત મતનો ફેલાવો સારા પ્રમાણમાં થયો હતો અને શ્રીવૈષ્ણવ સંપ્રદાય જનસામાન્યમાં લોકાદર પામ્યો હતો. આની ઈર્ષા તે વખતના ચોલ રાજાઓને આવી હતી. ચોલ રાજા પ્રથમ કુળોત્તુંગ પરમ શૈવ હતો. શૈવ મતનો ચાહક હોવા સાથે તેનો પ્રચારક પણ હતો. એણે શૈવ સંપ્રદાયના સમર્થન અર્થે વિદ્વાનોનું એક વૃંદ પોતાના રાજ્યમાં ઊભું કર્યું હતું. એ સહુ શૈવ મતના પ્રચારકો હતા. કેટલુંક સત્તાને જોરે થતું. રામાનુજાચાર્યની ખ્યાતિ-પ્રતિષ્ઠાથી દંગ થયેલા રાજાએ એમને રાજસભામાં નિમંત્રણ આપ્યું. રાજાના આ નિમંત્રણમાં રામાનુજાચાર્યના ગુરુ મહાપૂર્ણને શંકા જન્મી. એ રાજાના મનોભાવને કળી ગયા, આથી એમણે રામાનુજાચાર્યને રાજસભામાં ન જવા દીધા અને પોતે તેમજ કુરેશ ગયા. સભામાં રાજા સાથેની ધર્મ વિષયક ચર્ચામાં કુરેશે વૈષ્ણવ મતનું સમર્થન કર્યું. કુળોત્તુંગ ઉદારમતવાદી નહોતો, પરંતુ ધર્માંધ હતો. આથી વૈષ્ણવ મતના વિચારોને દાબી દેવા એણે કુરેશની બન્ને આંખો કઢાવી નાખી એમ કહેવાય છે. અંધ બનેલા કુરેશ ધૈર્ય ધરીને ત્યાં જ રહ્યા, પરંતુ મહાપૂર્ણ આ આઘાતથી જ મૃત્યુ પામ્યા.

કુળોત્તુંગની રાજસભામાં આ પ્રસંગ બનતાં રામાનુજાચાર્ય માટે ત્યાં રહેવું સલામત ન લાગ્યું. એમણે સ્થળાંતર કર્યું. એ મૈસુર ચાલ્યા ગયા. ત્યાંના રાજા બિટ્ટિદેવે એમનો આદરસત્કાર કર્યો. એ રાજા જૈન ધર્મી હતો. રામાનુજાચાર્યે મૈસુરમાં વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર પ્રારંભ્યો. સરળ ભક્તિમાર્ગનો આ સંપ્રદાય લોકોએ તરત જ સ્વીકારી લીધો. રાજા બિટ્ટિદેવે પણ વૈષ્ણવ સંપ્રદાયને સ્વીકાર્યો રામાનુજે તેને વિષ્ણુવર્ધન નામ આપ્યું. એણે વૈષ્ણવ સંપ્રદાયને પૂર્ણ પચાવ્યો. એ ધર્માંધ નથી બન્યો તેની પ્રતીતિ બેલૂરના હોયસળેશ્વરના મંદિરનાં દ્વાર ઉપર કોતરાવેલા સર્વધર્મનો સમન્વય કરતાં શ્લોક પરથી થાય છે. રામાનુજાચાર્યે વિષ્ણુધર્મની મદદથી ઈ. ૧૦૯૯માં મેલકોટ (તિરુનારાયણપુરમ્)માં નારાયણનું એક મંદિર બંધાવ્યું. આ પછી પાંચ સ્થળે એમણે વિષ્ણુમંદિરો બંધાવ્યા હતાં. લગભગ ૧૨ વર્ષ સુધી રામાનુજાચાર્યે ત્યાં નિવાસ કર્યો, ને આ નિવાસ દરમિયાન એમનું એક પ્રશસ્ય કાર્ય તે અંત્યજને મંદિર-પ્રવેશ. સમાજની અસ્પૃશ્ય જાતિ જે રીતે ભગવદ્-ભક્તિ કરતી હતી તે જોઈને એમને આ વિચાર આવેલો. જેનો એમણે અમલ પણ કર્યો ને એ યુગના અછૂતોને 'તિરુકુલત્તર' અર્થાત્ 'ઇશ્વરના સર્વોત્તમ કુળના' એવું સરળ નામ આપ્યું. રામાનુજાચાર્યનું આ પગલું અનુયાયીઓ દ્વારા પાછળથી પળાયું નહીં, પરંતુ એમની ઉદાત્તતાનું દર્શન અવશ્ય આ પ્રસંગ કરાવે છે. આચાર્યનું કર્તવ્ય માત્ર ઉપદેશક થવાનું નથી, પણ એમના ઉપદેશનું અનુકરણ કરનારને સુયોગ્ય માનસ્થાન મળે તે જોવાનું પણ છે. જે કામ રામાનુજાચાર્યે કર્યું હતું. એ દૃષ્ટિએ અંત્યજ-ઉદ્ધારક રૂપે એમનું સ્થાન આદ્ય છે.

ચોળ રાજા કુળોત્તુંગનું અવસાન થતાં વળી રામાનુજાચાર્ય શ્રીરંગમ્ આવ્યા. કુળોત્તુંગના ઉત્તરાધિકારી ચોળ રાજા વિક્રમે રામાનુજાચાર્યના શિષ્ય બનીને વૈષ્ણવ સંપ્રદાયનો સ્વીકાર કર્યો. વીસેક વર્ષના ગાળામાં રામાનુજાચાર્યે અનેક પ્રશંસાપાત્ર કાર્યો કર્યાં. ઉપાસનાની પદ્ધતિમાં 'દિવ્યપ્રબંધમ્'ને સ્થાન આપ્યું. ૭૪ મઠોથી સ્થાપના કરી અને તેના સંચાલન અર્થે નાતજાતના ભેદભાવ વગર ૭૪ શિષ્યોની નિમણૂંક કરી. મઠ-વ્યવસ્થાની આ પદ્ધતિમાં આચાર્ય શંકરનું અનુકરણ અવશ્ય દેખાય છે. મંદિરોમાં આળવારોની પ્રતિમાઓ મૂકાવી. દક્ષિણની યાત્રા કરીને તિરુપતિમાં ગોવિન્દરાજનું મંદિર બંધાવ્યું. ઈ. ૧૧૩૭માં ૧૨૦ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને રામાનુજાચાર્યે દેહત્યાગ કર્યો.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૭)

---

૪. કાશ્મીરમાં સરસ્વતી પીઠના પંડિતોએ ભેટ આપેલી હયગ્રીવની મૂર્તિ સાથે પાછા ફરતાં રામાનુજે દિલ્હી જઈ ત્યારના બાદશાહ પાસેથી વિષ્ણુમૂર્તિ પ્રાપ્ત કરી યામુનાચાર્યની બીજી ઇચ્છા પણ પૂરી કરી હતી એમ કહેવાય છે. કુરેશને ત્યાં બહુ વર્ષે બે પુત્રો થયા હતા. તેમાંના એકને 'પરાશર' નામ આપવા કુરેશને આજ્ઞા કરીને યામુનાચાર્યની ત્રીજી ઇચ્છા રામાનુજે આ રીતે પૂરી કરી હતી. —સં.

દ્વૈત એટલે આત્મા અને પરમાત્મા એકબીજાથી ભિન્ન છે, બ્રહ્મ અને જીવનો ભેદ નિત્ય છે એવો દાર્શનિક સિદ્ધાંત. તેના પુરસ્કર્તા મધ્વાચાર્યના કહેવા પ્રમાણે જીવ પરમેશ્વરને અધીન છે. ઇશ્વર સદા એક જ રહે છે. એકપણું એ તેનો સ્વભાવ છે. તે અનેક થઈ શકતો નથી. જીવ અને જગત છે તે ઇશ્વર નથી, એ તેની સૃષ્ટિ છે. જ્યારે અદ્વૈત એ અખિલ વિશ્વ એ જ ઇશ્વર અથવા જગત અને બ્રહ્મ એક જ છે એમ માનનારો સિદ્ધાંત છે. જડ અને ચૈતન્ય જુદા નથી એવો તેનો અભિપ્રાય છે. વલ્લભાચાર્યનું વિશુદ્ધાદ્વૈત એટલે દોષ રહિત બ્રહ્મનું અદ્વૈતપણું. જ્યારે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંત અનુસાર જીવ, ઇશ્વર અને માયા એ ત્રણ અનાદિ છે. ચિત્ અને અચિત્ સાથે પ્રભુની એકતા છે અને ઇશ્વરના સત્યજ્ઞાનથી મોક્ષ મળે છે. બ્રહ્મ વિષ્ણુ અથવા નારાયણનું બીજું નામ છે. ઇશ્વર સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને કૃપાળુ હોઈ તે સૌનો આશરો છે. વાસ્તવિક રીતે રામાનુજનો આ સિદ્ધાંત દ્વૈત અને અદ્વૈત વચ્ચેનો મધ્યમમાર્ગ છે. આથી તેનો ભેદાભેદવાદ પણ કહે છે. આ વિશિષ્ટાદ્વૈતથી અલગ બતાવવા નિમ્બાર્કે દ્વૈતાદ્વૈતવાદ નામે પોતાના આગવા વિચારો દર્શાવ્યા હતા. તેમાં જીવ, જગત અને ઇશ્વર એ ત્રણે જો કે ભિન્ન નથી, તો પણ જીવ ને જગતનું અસ્તિત્વ અને તેમનો વ્યાપાર સ્વતંત્ર નથી, પરંતુ ઇશ્વરેચ્છા પર અવલંબિત છે. મૂળ પરમેશ્વરમાં જ જીવ અને જગતનાં સૂક્ષ્મ તત્ત્વો સમાએલાં છે એમ તેનું કહેવું હતું.

હાર, જીત અને........

રમેશ ત્રિવેદી

સંદીપ ક્યારનોય પાનના ગલ્લે ઊભોઊભો સિગારેટ ફૂંકી રહ્યો હતો. થોડીથોડી વારે એની નજર ગલ્લાના આયના પર અને કાંડાના ઘાડયાળ પર ફર્યા કરતી હતી. ને પછી સિગારેટનો કસ, અને ધુમાડો, આયનામાં પ્રતિબિંબાતો રસ્તો, આવતાં-જતાં વાહનો, માણસો, ગલ્લાવાળાનો સુડો, કતરાતી સોપારી, પાનની પિચકારી, રેડિયાનો બખારા જેવો તરડાતો અવાજ, વાહનોનો ઘોંઘાટ, માણસો-ની બોલચાલ, ગલ્લાના ખૂણે લટકતી કાથીની સળગતી દોરી, ફરી સિગારેટનો કસ, ધુમાડો અને ગલ્લાનો આયનો...

આયનામાં નજર નાખતાં સંદીપ એકાએક ચમક્યો. હાથમાંની સળગતી સિગારેટ એણે નીચે ફેંકી દીધી અને રસ્તા સામે મોં ફેરવ્યું. પણ એટલી વારમાં સામેથી આવતા પ્રિન્સિપાલ સડસડાટ બસ-સ્ટેન્ડ તરફના વળાંક પાસે વળી ગયા હતા. સંદીપે તમાકુવાળું પાન ગલોફા-માં દબાવ્યું. કાથીનો સળગતો છેડો હાથમાં લઈ બીજી સિગારેટ પેટાવી. લાંબો કસ લીધો, અને ગલ્લાના એક ખૂણે મૂકેલાં નોટ-પુસ્તક હાથમાં લીધાં, ને એ પણ બસ-સ્ટેન્ડના વળાંક તરફ ઝડપથી આગળ વધ્યો. માણસોની ભીડ વચ્ચે ચાલતાંચાલતાં એને થયું કે પ્રિન્સિપાલને આવતાં જોઇને એણે શા માટે સિગારેટ નીચે ફેંકી દીધી ? એમ કરવા બદલ એને પોતાની જાત પર ખીજ ચઢી ગઈ. એ જાણતો હતો કે આજે પ્રિન્સિપાલ હમેશને માટે કૉલેજ અને શહેર છોડીને જઈ રહ્યા છે, અને હવે તે ફરી અહીં આવવાના નથી; છતાં આયનામાં માત્ર એમનું પ્રતિબિંબ જોઇને એ એમનાથી શા માટે આટલો બધો ઓઝપાઈ ગયો ? પ્રિન્સિપાલે તો ગલ્લા સામે નજર સુધ્ધાં કરી નહોતી. કદાચ એની સામે જોયું હોત તો ય કયો મોટો પહાડ તૂટી પડવાનો હતો હવે ?

સંદીપ બસસ્ટેન્ડના કમ્પાઉન્ડમાં પ્રવેશ્યો.

એણે જાણી જોઇને ટી-શર્ટના કોલર ઊંચા કર્યા. એ જાણતો હતો કે આ પ્રકારની ફૅશન હવે સાવ જૂની-પુરાણી થઈ ગઈ છે. તે છતાં હજી યે કોઇની સામે નફિકરાઈ પ્રગટ કરવા માટે ઊંચા કોલર, પાનની પિચકારી, સિગારેટના કસ અને મોંમાંથી છૂટતાં ધૂમ્રવલયો પૂરતાં હતાં.

સંદીપ ત્રણ નંબરના પ્લૅટફૉર્મથી ખાસ્સો દૂર, પણ પ્રિન્સિપાલ-ની નજર પડે એ રીતે ઊભો રહી ગયો. એના આશ્ચર્ય વચ્ચે એના પગ આપોઆપ જ થંભી ગયા હતા. પૂરી થવા આવેલી સિગારેટના છેડાથી એણે બીજી સિગારેટ સળગાવી અને ઠૂંઠાને બૂટથી કચડી નાખતાં એની બાજુમાંથી પસાર થઈ રહેલા કૂતરા પર પાનની પિચકારી મારી. એની આંખો હસી ઊઠી. અનેરી લિજ્જતથી ધૂમ્રસેર છોડતાંછોડતાં એ કૂતરા સામે જોઈ રહ્યો. જરા વાર પછી એણે પ્લૅટફૉર્મ સામે જોયું. ઉતારુઓની લાંબી કતાર વચ્ચે પ્રિન્સિપાલ ઊભા હતા. આ ઉંમરે પણ છાતી કાઢીને ટટ્ટાર ઊભા રહેવાની એમની આગવી ખાસિયતને લીધે એ બીજા ઉતારુઓથી સાવ જુદા તરી આવતા હતા. સદાયના એમના ગંભીર લાગતા ચહેરા પરથી અત્યારે પણ એ ઊંડા વિચારોમાં ડૂબી ગયેલા જણાતા હતા. અને એમની ઍટેચી એમના પગ પાસે પડી હતી. ઍટેચી જોતાં જ એક ક્ષણ તો સંદીપને થયું કે કોઈ ગઠિયો એ ઉઠાવી જાય, ને પ્રિન્સિપાલ હાંફળાંફાંફળા બની જાય તો મજા પડે. પણ એણે જોયું કે પ્રિન્સિપાલ સ્થિર નજરે દૂરદૂર દેખાતી પહાડી તરફ તાકી રહ્યા હતા. જ્યારે એ પોતે એમની ઍટેચી સામે, આસપાસ-નાં ઉતારુઓ સામે ચાંપતી નજરે જોઈ રહ્યો. પ્રિન્સિપાલની નજર હવે સામેની ઊંચી પહાડી પરની પડવાના વાંકે ઊભેલી કોઈક અડગ શિલા પરથી ખસીને દૂર દેખાતા કૉલેજના વિશાળ ઘુમ્મટ પર સ્થિર થઈ ગઈ હતી. સંદીપે ઍટેચી સામે જોતાંજોતાં જ પેન્ટના ખિસ્સામાં હાથ નાખ્યો. સિગારેટના પાકીટ સાથે તેમાં એક લાંબું ધારદાર ચપ્પુ પણ હતું. એની આંગળીઓ ચપ્પા પર ફરી રહી હતી. એણે માની લીધું હતું કે આજે પ્રિન્સિપાલને વિદાય આપવા માટે એમના કેટલાય ખુશામતિયાઓ અચૂક હાજર રહેશે. અને કદાચ... પણ કોણ જાણે કેમ એમાંનું કંઈ જ બન્યું નહોતું.

એણે ધીરેથી ઍટેચી પરથી નજર ઊંચકીને પ્રિન્સિપાલને નખ-શીખ જોઇ લીધા. હાથમાં સ્ટિક પકડીને એ ઉન્નત મસ્તકે ઊભા હતા. એમની નજર હજીય કૉલેજના ઘુમ્મટ પર સ્થિર થએલી હતી.

સંદીપે લાંબું બગાસું ખાઇને કપાળ પરનો પરસેવો લૂછી નાખ્યો. સિગારેટ ફૂંકીફૂંકીને હવે એ થોડો કંટાળી ગયો હતો. એણે તાજી જ સળગાવેલી સિગારેટને દૂર ફગાવી દીધી. ને કૉલેજના મકાન તરફ નજર લંબાવી. એ નજર મકાનના ઘુમ્મટની ટોચ ઉપર કોઈ પક્ષીની જેમ સ્થિર બનીને બેસી ગઈ. સંદીપ પોતે પણ જાણતો હતો કે પ્રિન્સિપાલ સાહેબને પોતાની સર્વિસના હજી તો પૂરા છ મહિના બાકી હતા, છતાં ય એ સ્વૈચ્છિક નિવૃત્તિ લઇને રાજીનામું આપી જઈ રહ્યા હતા. એનું કારણ એ પોતે જ હતો. હા, આ વરસની શરૂઆતથી જ એનાં તોફાનોએ માઝા મૂકી દીધી હતી. કૉલેજ-ચૂંટણીમાં પોતાના પક્ષની સરિયામ હાર થયા પછી એણે જ તો કૉલેજમાં તોફાન કરાવ્યું હતું... બારીઓના કાચ ફૂટ્યા હતા, ફાનચરના ભુક્કા બોલ્યા હતા, બગીચાના કંઈ કેટલાય કાચા-કૂણા છોડ ઊખડ્યા હતા. આમે ય એ પોતે તો કેવળ મનોરંજનને ખાતર જ કૉલેજમાં આવતો હતો. રોજ-રોજ નવી ફૅશનનાં કપડાં, સેન્ટ, પોલિશ્ડ શૂઝ, એ શૂઝના અવાજમાં કચડાતી કૉલેજની લૉબીની શાંતિ, છોકરીઓની મશ્કરી, કૅન્ટિનમાં ખખડતાં કપરકાબી, ચાની ચૂસકીઓ પ્રોફેસરોની ટીખળો, અને અવારનવાર તોફાની વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલની ચૅમ્બરમાં હલ્લો લઈ જવા ઉશ્કેરણી... હા, છેલ્લા ટેસ્ટમાં પ્રોફેસર શાહે એને ચોરી કરતો અટકાવવા પ્રયાસ કર્યો હતો. ને પછી તો એકદમ ઉશ્કેરાઇને એણે પ્રો. શાહ પર હુમલો કર્યો હતો. ગભરાઈ જઇને એ પ્રિન્સિપાલની ચૅમ્બરમાં ધૂસી ગએલા અને...

સામેથી વળાંક લઈ ઘુર્રાટો બોલાવતી એક બસ આવી અને પ્લૅટ-ફૉર્મ પાસે ઊભી રહી. સંદીપે પ્રિન્સિપાલ સામે જોયું. હાથમાંની સ્ટિક અને ઍટેચી લઈને માંડમાંડ એ બસમાં ચઢી શક્યા હતા. એમને બેસવાની જગા મળી લાગતી નહોતી. એ ઊભા હતા – સદાયની જેમ અડીખમ બનીને. દૂરથી સંદીપને એમની સ્ટિક દેખાતી હતી. સંદીપ તેની સામે અનિમિષ નજરે જોઈ રહ્યો...

તે દિવસે પેલા પ્રોફેસર પ્રિન્સિપાલની ચૅમ્બરમાં ધૂસી ગયા ત્યારે એમની પાછળપાછળ પોતે પણ કેટલાક મિત્રોની સાથે ત્યાં પહોંચી ગયો હતો. એને જોતાં જ પ્રિન્સિપાલ ખુરશીમાંથી ઊભા થઈ ગયા હતા. એમણે પોતાની સ્ટિક ઊંચી કરી એની સામે ધરી એકદમ ઠંડી પણ બાળી મૂકે તેવી નજરે તાકી રહી કહેલું : 'લે આ સ્ટિક, ને પહેલો ઘા મારા માથા પર કર. એ પછી જ તું મારા પ્રોફેસરને...'

સંદીપ હાલ્યાચાલ્યા વગર બસ સામે જોઈ રહ્યો હતો. એક ક્ષણ તો એને થયું કે પોતે ઝડપથી બસ પાસે દોડી જાય, કોઈ ઓળખીતાને વિનંતી કરીને, ને ન માને તો ઝઘડો કરીને પણ ઊઠાડે, ને પ્રિન્સિ-પાલસાહેબને એ સીટ પર બેસાડી દે... પણ કોણ જાણે (અનુ. પૃ. ૧૨૭)

અવકાશ-યાત્રા-ક્ષેત્રમાં ભારતનો પ્રવેશ

—ડૉ. સુશ્રુત પટેલ—



◁ સોયુઝ ટી-૧૧ના યાત્રીઓ રાકેશ શર્મા, યુરી માલિશેવ અને જ્ન્નાડિ સ્ટ્રેક્લૉવ. આ અવકાશયાત્રા બાદ સ્કવૉડ્રન લીડર રાકેશ શર્માને રશિયાએ 'હીરો ઑવ સોવિયેત યુનિયન', 'ઑર્ડર ઑવ લેનિન' અને 'ગોલ્ડ સ્ટાર'ના માનવી નવાજશે કરી હતી. રશિયામાં આ માન સૌથી મોટાં ગણાય છે. આ પછી આ ત્રણે અવકાશયાત્રીઓને ૧૨ મેના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિભવનમાં એક શાનદાર સમારંભ યોજી રાષ્ટ્રપતિના હસ્તે, શાંતિ-સમયના ભારતના સૌથી ઊંચા શૌર્યપદક 'અશોક ચક્ર' અર્પણ કરવામાં આવ્યા. વધુમાં આ અવકાશયાત્રા માટે અનામત રખાએલા અવકાશયાત્રી-કર્નલ એન્ટોલી, બ્રેઝાલોઈ, વિંગ કમાન્ડર રવીશ મલહોત્રા અને જ્યૉર્જી ગ્રેચકોને 'કીર્તિ ચક્ર' અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

દુનિયામાં આશરે ચૌદેક જેટલાં રૉકેટ-ઉડ્ડયન મથકો છે, જેમાં આપણા શ્રીહરિકોટાનો પણ સમાવેશ થાય છે. રશિયાની વાત કરીએ તો ત્યાં આવાં ત્રણેક મથકો કે કૉસ્મોડ્રોમ છે,જે પૈકી કઝખસ્તાનના સપાટ મેદાનમાં આવેલું બૈકોનુર (Baikonur) કૉસ્મોડ્રોમ સહુથી મોટું અને અદ્યતન છે. આ ઉડ્ડયન-મથક મૉસ્કોથી ૨૦૦૦ કિલોમીટરના અંતરે આવેલું છે. નકશામાં જે અક્ષાંશ-રેખાંશ પર બૈકોનુર દર્શાવાય છે તે શહેર આ હરગિજ નથી. રશિયાએ આ કૉસ્મોડ્રોમને બહારની દુનિયાથી હમેશાં ગોપિત રાખવા કોશિશ કરી છે. એટલે એના સ્થાન, ત્યાં ચાલતી પ્રવૃત્તિ વગેરે અંગે અમેરિકા જાસૂસી ઉપગ્રહો દ્વારા સતત માહિતી મેળવ્યા કરે છે, જે કહી જાય છે કે બૈકોનુરનો પથારો આશરે ૩,૭૦૦ ચોરસ માઇલમાં ફેલાએલો છે. આ સ્થળ અરલ સમુદ્રની ઉત્તરે, પૂર્વમાં ક્યાંક આવેલું છે. આ મથકની દક્ષિણે લેનિન્સ્ક (Leninsk) નામનું એક વિરાટ નગર અથવા કહો કે વિજ્ઞાન-નગરી જ વસાવવામાં આવી છે.

આ જ કૉસ્મોડ્રોમથી દુનિયાનો સૌપ્રથમ કૃત્રિમ ઉપગ્રહ 'સ્પુટનિક-૧' છોડવામાં આવેલો. અહીંથી જ દુનિયાનો પ્રથમ અંતરિક્ષયાત્રી યુરી ગાગારિન (૧૯૩૪–૧૯૬૮) ૧૨મી એપ્રિલ ૧૯૬૧ના રોજ ઊડેલો. વિશ્વની પ્રથમ મહિલા અંતરિક્ષ યાત્રી વેલેન્ટીનાએ પણ અહીંથી આજથી ૨૧ વર્ષ પહેલાં ઉડ્ડયન કર્યું હતું. આ ઉપરાંત, અનેક સમાનવ ઉડ્ડયનો, સંખ્યાબંધ અંતરિક્ષયાનો અને સંખ્યાબંધ ઉપગ્રહો અહીંથી વ્યોમવિહાર કરી ચૂક્યાં છે.

બૈકોનુરની આ 'પ્રથમ' નામાવલિમાં હવે ભારતનો પણ સમાવેશ થયો છે, કારણ કે ૩ એપ્રિલ ૧૯૮૪ મંગળવારના દિવસે કડકડતી ઠંડીમાં સાંજના ૬ ને ૩૮ મિનિટે, ૩૫ વર્ષના સ્ક્વૉડ્રન લીડર રાકેશ શર્માએ બે રશિયન સહયાત્રીઓ યુરી મૉલિશેવ (Yuri Malyshev) અને જ્ન્નાડિ સ્ટ્રેક્લૉવ (Gennady Strekalov) સાથે આ કૉસ્મોડ્રોમ પરથી અંતરિક્ષમાં છલાંગ લગાવી હતી.

આ જ દિવસે, પણ આજથી બરાબર ૨૦૧ વર્ષ પહેલાં અમેરિકામાં વૉશિંગ્ટન ઇર્વિંગ નામનો એક લેખક જન્મેલો. 'રિપ વાન વિંકલ' એની નાનકડી પણ મશહૂર કથા છે. કુંભકર્ણી ઊંઘ ખેંચીને એનો નાયક ધારો કે આજે ફરી જાગે તો દુનિયાની તાસીર જોઈને ફરી ખાટલા ભેગો થઈ જાય! ભારતીય અંતરિક્ષ-સંશોધનના પિતા ડૉ. વિક્રમ સારાભાઈ (૧૯૧૯–૧૯૭૧)ને પણ કલ્પના નહિ હોય કે આપણો એક જવાન સ્પુટનિક પછી માત્ર ૨૭ વર્ષના ગાળામાં જ અંતરિક્ષમાં ખાસ્સા નવેક દિવસની લટાર મારી આવશે!

એપ્રિલ મહિનો એ ચાર્લ્સ પ્રોટિઅસ સ્ટાઈનમેટ્ઝ, ગૉસ તથા માર્કોની જેવા ખ્યાતનામ વૈજ્ઞાનિકોનો જન્મ-માસ છે. પંખીચિત્રણમાં કાબેલ ઓડુબોન, હાન્સ ઍન્ડરસન તથા વિલિયમ વર્ડ્ઝવર્થ જેવા સાહિત્યસ્વામીઓ તેમજ લેનિન અને હિટલર પણ આ જ મહિનામાં જન્મેલા. કેટલીક વૈજ્ઞાનિક ઘટનાઓ પણ આ જ મહિનામાં બની છે; જેમ કે ૧૯૩૭માં ડૉ. વર્નાર વૉન બ્રાૅન અને તેમના સાથીઓએ જર્મનીમાં દુનિયાનું કદાચ સહુ પ્રથમ રૉકેટ-સંશોધન-મથક સ્થાપ્યું. ૧૯૬૫માં વિશ્વનો પ્રથમ ભૂ-સ્થગિત (જીઓસ્ટેશનરી) ઉપગ્રહ 'અર્લીબર્ડ' અમેરિકાએ તરતો મૂક્યો. ચીને આ જ મહિનામાં ૧૯૭૦માં પોતાનો પ્રથમ ઉપગ્રહ તરતો મૂક્યો અને ઉપગ્રહ છોડનાર પાંચમું રાષ્ટ્ર બન્યું. ૧૯૭૩ના આ જ મહિનામાં અમેરિકાએ 'પાયોનિયર-૧૧' યાન ગુરુ તથા શનિ તરફ રવાના કર્યું. આ જ મહિનામાં ૧૯૮૩માં અમેરિકાના અવકાશી-શટલ 'ચૅલેન્જર'નું સૌપ્રથમ ઉડ્ડયન. ભારત માટે તો એપ્રિલ મહિનો જાણે અંતરિક્ષ-સંશોધનનો બની રહ્યો છે.

જેમ કે ૧૯ એપ્રિલ ૧૯૭૫ના રોજ આપણો સૌપ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' રશિયાએ તરતો મૂકી આપ્યો. આ જ દિવસે, પણ ૧૯૮૧માં જર્મન વૈજ્ઞાનિકોના સહયોગમાં થુમ્બાથી ભારતીય બનાવટના રૉકેટનું સફળ ઉડ્ડયન થયું. ૧૦ એપ્રિલ, ૧૯૮૧માં આપણો 'ઈન્સેટ-૧એ' ઉપગ્રહ અમેરિકાએ તરતો કરી આપ્યો. તો વળી, ૧૭ એપ્રિલ, ૧૯૮૩ના રોજ 'એસ.એલ.વી.-૩' રૉકેટની મદદથી શ્રીહરિકોટાથી 'રોહિણી-૨' ઉપગ્રહ સફળતાપૂર્વક છોડાયો. આમ રશિયનો માટે એપ્રિલ મહિનો યુરી ગાગારિનનો છે, તો હવે આપણે માટે તે રાકેશ શર્માનો છે.

આમંત્રણ

રશિયા તરફથી કોઇ ભારતીય યુવાનને અંતરિક્ષમાં મોકલવાની ઑફર આવતાં આપણી સરકારે હવાઈદળના વડાને પસંદગી કરવા કહ્યું. કુલ ૨૦૦ જેટલી અરજીઓમાથી ૪૦, અને એમાંથી આખરે ભારતીય હવાઈદળના બે ટેસ્ટ પાયલોટ-વિંગ કમાંડર રવીશ મલ્હોત્રા (જન્મ ૨૫ ડિસેમ્બર. ૧૯૪૩) તથા સ્ક્વૉડ્રન લીડર રાકેશ શર્મા (જન્મ ૧૩ જાન્યુઆરી, ૧૯૪૯)ની પસંદગી કરાઈ. તાલીમ માટે એમને રશિયા મોકલવામાં આવ્યા. આ તાલીમ મૉસ્કોથી ૭૦ કિલોમીટર દૂર આવેલા 'સ્ટાર સિટી' ખાતેના 'યુરી ગાગારિન કૉસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટર'માં સપ્ટેમ્બર ૧૯૮૨થી આરંભાઈ. લગભગ ૧૮ મહિના ચાલેલી આ આકરી કસોટીમાંથી બંને સફળતાપૂર્વક પાર ઊતર્યા તો ખરા, પણ મૂળ યોજના મુજબ આખરી એકમાત્ર પસંદગીનો કળશ ઢોળાયો રાકેશ શર્મા ઉપર.

ઈ. ૧૯૮૨થી અત્યાર સુધીમાં રશિયાએ નહિ નહિ તોયે આશરે નવેક જેટલા મિત્ર દેશોના યુવાનોને અંતરિક્ષની 'સહેલ' કરાવી છે. રાકેશનો નંબર ૧૧મો છે. આવી સહેલ કરનાર સૌપ્રથમ બિનરશિયન નાગરિક Jeanloup Chretien નામનો ફ્રાન્સનો વતની હતો. રાકેશ શર્મા ભારતના પ્રથમ બિનરશિયન ૧૧મા અને દુનિયાના ૧૩૮-મા અંતરિક્ષયાત્રી બન્યા છે. ભારતની વાત કરીએ તો આ સાહસથી ભારત દુનિયાનો ૧૪મો એવો દેશ છે કે જેનો એક નાગરિક અંતરિક્ષ યાત્રી બન્યો છે. આપણા આર્યભટ્ટ (૧૯૭૫), ભાસ્કર-૧ (૧૯૭૯) અને ભાસ્કર-૨ (૧૯૮૧) એવા ત્રણ પ્રયોગલક્ષી ઉપગ્રહો આ અગાઉ લગભગ મફતના ભાવમાં રશિયાએ આકાશમાં ચઢાવી આપ્યા હતા. પણ રાકેશને અંતરિક્ષયાત્રી બનાવવાનું આ સાહસ ભારત-રશિયાની મૈત્રીની પરાકાષ્ઠારૂપ છે. ભવિષ્યમાં (૧૯૮૬માં) દૂરથી પરીક્ષણ કરનાર (રિમોટ સેન્સિંગ) એવા આપણા ૯૫૦ કિલોગ્રામ વજનના ઉપગ્રહને ૯૦૪ કિલોમીટરની ઊંચાઈએ રશિયા મૂકી આપશે ત્યારે આ મૈત્રી ચરમ ટોચે પહોંચશે.

ખરું પૂછો તો રાકેલી શર્મા આજે ભારતના લાખ્ખો-કરોડો બાળકો માટે એક આદર્શ બની ગયા છે. અને નવી પેઢીને અંતરિક્ષયાત્રા અંગે આટલું કુતૂહલ અને દિલચસ્પી જાગે તો એની પાછળનો પોણા બે કરોડ રૂપિયાનો જંગી ખર્ચ પણ કંઈ વિસાતમાં નથી. આ ઐતિહાસિક સફરેથી પાછા ફર્યા બાદ રાકેશે રશિયન વૈજ્ઞાનિકોને એમની ભાષામાં કહેલું 'Spasiba' અર્થાત્ 'આભાર.' આપણે પણ એ દોહરાવવું જ રહ્યું.

ઉડ્ડયન-સાહસનો આરંભ

ચૌદ માળ જેટલા ઊંચા, ૩૦૦ ટન વજનવાળા, ઇન્જેકશનની સિરિંજ જેવા રૉકેટના અગ્રભાગમાં મૂકેલા ૬,૮૫૦ કિલોગ્રામ વજનના 'સોયુઝ-ટી-૧૧' યાનમાં રાકેશ શર્મા અને બે રશિયન સહયાત્રીઓ ગોઠવાયા બાદ પ્રચંડ ધડાકા સાથે જ્વાળાઓ છોડતું રૉકેટ ઊપડ્યું ત્યારે ભારતીય દર્શકો ટીવી ઉપર આ જીવંત પ્રસારણ જોઇને રોમાંચિત થઈ ઊઠ્યા. દૂર હૈદરાબાદમાં રાકેશનાં માતાપિતા તૃપ્તાદેવી અને દેવેન્દ્રનાથ પડોશીના ઘરમાં બેસીને પારકા ટીવીમાં ધડકતા હૃદયે પોતાના પુત્રનું પરાક્રમ જોઇ રહ્યાં હતાં. તો રશિયાના સ્ટાર સિટીમાં તેરમા માળના ફ્લૅટમાં બેસીને રંગીન ટીવી ઉપર રાકેશનાં પત્ની મધુ અને નવ વર્ષનો પુત્ર કપિલ આ સાહસ નિહાળવામાં તલ્લીન થઈ ગયાં હતાં. જમીનથી અધ્ધર ઊંચકાયા બાદ, અવાજની ગતિ કરતાં ૨૪ ગણી વધુ ઝડપે આગળ ધપતું રૉકેટ જોતજોતામાં તો આકાશમાં જાણે કે અલોપ થઈ ગયું !

દર સેકન્ડે ૮-૧ કિલોમીટરની ઝડપે આગળ ધસતા રૉકેટમાંથી તે છોડાયાની ૧૧૮ સેકન્ડ બાદ એના બળતણનો પ્રથમ તબક્કો છૂટો પડી ગયો ત્યારે રૉકેટ ૪૦ કિલોમીટરની ઊંચાઈએ પહોંચી ગયું હતું. એ પછી બીજા તબક્કાના એંજિને કામગીરી ઉપાડી લેતાં રૉકેટને ૧૬૦ કિ. મી. ઊંચાઈએ ચઢાવી દીધું. ત્યારે ઘડિયાળનો સેકન્ડ કાંટો હજી તો ડાયલમાં પૂરા પાંચ વખત પણ ફર્યો ન હતો. ત્રીજા અને આખરી તબક્કાના એંજિને રૉકેટ છોડાયાની ૫૩૦ સેકન્ડ બાદ એને ૨૦૦ કિ.મી.ની ઊંચાઇ પર પહોંચાડી દીધું, ત્યારે 'સોયુઝ-ટી-૧૧' યાન એના યાત્રીઓ સહિત, મૂળ રૉકેટથી અલગ થઇ ગયું. આમ, ધરતીથી ઊંચકાયા બાદ માત્ર ૯ મિનિટની અંદર યાન એની ઊર્ધ્વ ગતિમાંથી આડું પડીને પૃથ્વીની પરિક્રમ્મા કરતી કક્ષામાં ગોઠવાઈ ગયું. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ-બળની પકડ ઢીલી થઈ ગઈ. અને એ સાથે જ ત્રણે અંતરિક્ષયાત્રીઓની છાતી પરનો બોજ હળવો થઈ ગયો, નાડીના ધબકારા સામાન્ય થવા માંડ્યા. હવે તેઓ હવામાં તરી શકતા હતા. છૂટા પડેલા 'સોયુઝ-ટી-૧૧' યાને પૃથ્વીને ફરતે ચક્કર મારવા માંડ્યાં અને પ્રથમ ત્રણ ચક્કર બાદ, મૉસ્કોથી આશરે ૨૫ કિ.મી. દૂર આવેલા કાલિનિનગ્રાદ (Kaliningrad) ખાતેના મિશન કંટ્રોલ સેન્ટરે યાન ઉપર સંપૂર્ણ નિયંત્રણ સંભાળી લીધું, અને એની સાથે જ યાનની કક્ષા વધુ ઊંચે કરવા માંડી. પૃથ્વી ફરતે ૧૭મા ચક્કરે એની ગતિમાં થોડો વધારો કરીને કંટ્રોલ મિશને યાનને એવી રીતે ગોઠવ્યું કે અગાઉથી અંતરિક્ષમાં ઘૂમતી 'સેલ્યુત-૭' નામની પ્રયોગશાળાની જ કક્ષામાં રહીને એ એનાથી ૭૦૦૦ કિ.મી. આગળ નીકળી જાય. એ પછી 'સોયુઝ-ટી-૧૧' યાનની ગતિ ધીમી પાડી દેવાઈ. ૧૮મા ચક્કરે તો બંને યાનોની ગતિ ઘટાડી નખાઈ. પછી જ્યારે બંને વચ્ચે ૪૦૦ મીટરનું અંતર રહ્યું ત્યારે સ્વયંસંચાલિત કૉમ્પ્યુટરોએ તથા અદૃશ્ય એવા વીજચુંબકીય તરંગોએ હવાલો સંભાળી લીધો અને બંને યાનોનો સંગમ-વેગ એક સેકંડમાં માત્ર ૩ સેન્ટીમીટરની ઝડપે થવો ચાલુ થયો. ભારતીય સમય અનુસાર ૪થી તારીખે, બુધવારે રાત્રે બરાબર ૮ ને પાંચ મિનિટે, એટલે કે, છોડાયા બાદ ૨૪ કલાક અને ૨૭ મિનિટે જોડાણ પૂર્ણ થયું. ત્યારે કાલિનિનગ્રાદ નિયંત્રણ-કેન્દ્રના ૨,૫૦૦ વ્યક્તિઓના બનેલા કાફલાએ રાહતનો દમ લીધો. બંને યાનન જોડાણ પછી ત્રણ કલાકે 'સેલ્યુત-૭'ના કમાન્ડર લીઓનીદ કિઝિમે (Leonid Kizim) બે યાનને જોડતો દરવાજો ખોલ્યો ત્યારે લીલાં વસ્ત્રોથી સોહતા હસતા મુખારવિંદવાળા રાકેશ બોગદા જેવા માર્ગમાંથી 'તરતા-તરતા' આવીને કિઝિમને ભેટી પડ્યા.

'સેલ્યુત-૭' યાન રશિયાની આગવી સિદ્ધિ છે. ૧૯ એપ્રિલ ૧૯૮૨ના રોજ છોડાએલું આ યાન દર ૮૮ મિનિટે પૃથ્વીને ફરતો એક આંટો મારે છે. બે વિશાળ બેડરૂમવાળા ફ્લૅટ જેટલું મોટું આ યાન જાણે કે બે નળાકારો જોડ્યા હોય તેવું છે. ૨૦ ટન વજન ધરાવતી આ પ્રયોગશાળા પાંચ મૉડ્યુલ્સ કે ખંડોમાં વહેંચાએલી છે. આમાં વર્ક મૉડ્યુલ મહત્ત્વનું છે. કારણ કે વૈજ્ઞાનિક પ્રયોગો ઉપરાંત યાત્રીઓ અહીં ઊંઘે તથા ખાય છે, આ યાન ૧૫ મીટર લાંબું અને અને સાડા ચાર મીટર પહોળું છે. આ યાનની બંને પડખે તથા

ઉપરની તરફ સૌરશક્તિને વિદ્યુતશક્તિમાં રૂપાંતરિત કરતી સોલર પેનલો લગાવેલી છે. આ યાનમાં ૨૧૧ તથા ૧૫૦ દિવસ જેટલું લાંબું રહીને રશિયનોએ અંતરિક્ષમાં લાંબામાં લાંબું રોકાણ કરવાના વિશ્વવિક્રમો પણ તોડયા છે.

રાકેશ કરતાં ૫૫ દિવસ વહેલા, એટલે કે ૯મી ફેબ્રુઆરી ૧૯૮૪ના રોજ પહોંચેલા 'સેલ્યુત-૭' યાનના યાત્રીઓ કિઝિમ તથા વ્લાદિમીર સોલોવ્યોર (Vladimir Solovyor) અને ડૉ. ઑલેગ ઍટકૉવ (Oleg Atkov) જે યાનમાં બેસીને ત્યાં પહોંચેલા તે યાન પણ હૂબહૂ રાકેશના યાન જેવું જ હતું. આ યાનને 'સોયુઝ-ટી-૧૦' નામ અપાયું હતું. આ યાન 'સેલ્યુત-૭'ની એક તરફ 'પાર્ક' થએલું હતું. એની બીજી તરફ રાકેશવાળું યાન પાર્ક થયું. પાછા ફરતી વખતે રાકેશ અને તેના સાથીઓ પોતાનું યાન ત્યાં જ છોડી દઇને આ 'સોયુઝ-ટી-૧૦' યાનમાં પાછા ફર્યા. સોયુઝ-સેલ્યુતના યાત્રીઓમાંથી પાંચ રશિયન અને એક ભારતીય થઇને કુલ ૬ યાત્રીઓ થયા. આ અગાઉ સેલ્યુતમાં વધુમાં વધુ પાંચ જ યાત્રીઓ એકસાથે રહેલા: આ ઉપરાંત, એક બીજો પણ જોગાનુજોગ બન્યો.

અમેરિકાએ 'સોલર મેક્સ' નામના અગાઉ છોડેલા ઉપગ્રહને દુરસ્ત કરવા ૬ એપ્રિલ ૧૯૮૪ના રોજ 'ચૅલેન્જર'ને રવાના કર્યું. આ ચૅલેન્જરમાં પાંચ અમેરિકન અંતરિક્ષયાત્રીઓ હતા. આ પાંચ અને 'સેલ્યુત-૭'માં છ, એમ કુલ મળીને એક સામટા ૧૧ અંતરિક્ષયાત્રીઓ પૃથ્વીથી ઉપર અવકાશમાં ઘૂમતા હોય એવું પહેલી વાર બન્યું, ને એ પણ ત્રણ વિવિધ દેશોના – આ પણ એક વિશ્વવિક્રમ બની ગયો!

ઉતરાણ

'સેલ્યુત-૭'માં આઠેક દિવસના રોકાણ બાદ પોતાની કામગીરી આટોપીને રાકેશ અને તેના બે સાથીઓ ૧૧ એપ્રિલે સવારે ૧૦ વાગ્યે 'સોયુઝ-ટી-૧૦'માં પ્રવેશ્યા. અહીં એ ત્રણેક કલાક રોકાયા અને પોતાને પાછા લઈ જનાર યાનને બરાબર ચકાસી લીધું. એમને લાવનાર 'સોયુઝ-ટી-૧૧' અને પાછા લાવનાર 'સોયુઝ-ટી-૧૦' યાન કાર્ય પ્રમાણે ત્રણ મૉડયુલ્સ ((Modules) કે ખંડો ધરાવે છે. કક્ષામાં ફરતું કરનાર ઉપખંડને ઑર્બિટલ વિભાગ, બીજાને સર્વિસ વિભાગ અને જેમાં યાત્રીઓ બેઠેલા હોય તેને ઊતરાણ વિભાગ (ડિસેન્ટ મૉડયુલ) કહેવાય છે. આ ડિસેન્ટ મૉડયુલ મોટા ગોળા જેવું હોય છે. એક નાનકડા વિસ્ફોટ બાદ આ ઉતરાણ-યાને 'સેલ્યુત-૭' સાથેનો સંબંધ તોડી નાખ્યો અને બે કલાક બાદ યાનને હલકું કરવા માટે પ્રથમ એમાંથી ઑર્બિટલ વિભાગ અને એ પછી થોડી વારે સર્વિસ વિભાગ છૂટા પાડી દેવાયા, જે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાં જ સળગીને ખાખ થઈ ગયા. બાકી રહેલા ડિસેન્ટ મૉડયુલનું વજન ઓછું થતાં એની ઝડપ વધવા લાગી. આ યાનની રચના એવી હોય છે કે અતિ ઊંચું ઉષ્ણતામાન થતાં પણ સળગી ઊઠતું નથી. બહારનું આવરણ ઘર્ષણને કારણે તપીને લાલચોળ થઈ જાય, પણ યાનની અંદરનું ઉષ્ણતામાન તો ૨૦ અંશ સેન્ટીગ્રેડ જેટલું જ રહે. યાનનો આ વિભાગ બીજી પણ ખૂબી ધરાવે છે. નીચે ઊતરતાં જો એની ગતિ નિયંત્રણમાં ન રહે તો હવાના ઘર્ષણની ગરમીથી યાન સળગી જાય. અને ધારો કે એમાંથી બચી જાય, તો પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી ખેંચાઇને ધરતી પર પછડાતાં એના ભુક્કા બોલી જાય. આમ ન થાય એ માટે યાનનું ઉતરાણ હળવું કરવું જોઇએ. રશિયાએ આવા હળવા ઉતરાણમાં અમેરિકાથી હમેશાં સરસાઈ ભોગવી છે. જ્યારે અમેરિકાના અંતરિક્ષયાત્રીઓ દરિયામાં ફંગોળાતા હતા, ત્યારે પણ, પહેલેથી જ રશિયાના અંતરિક્ષયાત્રીઓ પૂર્વનિર્ધારિત સ્થળે જમીન ઉપર ઉતરાણ કરતા આવ્યા છે. આ માટે હવાઈ છત્રીઓનો તથા નાના રૉકેટોનો ઉપયોગ થાય છે. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાં જ અમુક ઊંચાઇએ પેરેશૂટ આપોઆપ ખૂલવા માંડે છે. ૨૫૦૦ ફૂટ ઊંચાઇએ યાનની આગળ મૂકેલાં નાના રૉકેટ દાગવામાં આવે છે, જે યાનને અવળી દિશામાં ધક્કો આપે છે, એથી એમને 'રિટ્રો-રૉકેટ કહેવાય છે. શુક્ર કે મંગળ જેવા હવાવિહિન ગ્રહ ઉપર ઉતરાણ કરતાં મૉડયુલ માટે હવાઈ છત્રી નાકામિયાબ હોઈ, આવી પરિસ્થિતિમાં રિટ્રો-રૉકેટ કે પછી કોઈ અન્ય તરકીબો અજમાવાય છે.

પેરેશૂટ અને રિટ્રો-રૉકેટોની મદદથી 'સોયુઝ-ટી-૧૦' યાનના ડિસેન્ટ મૉડયુલની ઊતરવાની ગતિ અત્યંત ઓછી કરી દેવાઈ-પ્રતિ સેકન્ડે ૮૦ મીટર. એ પછી પણ એની ઝડપ ઘટાડીને સાયકલની ગતિ જેટલી કરી દેવાઈ. આ પણ વધારે હોય તેમ જમીન પાસે આવતાં આવી જ કોઈ કરામતથી એની ઝડપ પ્રતિ સેકન્ડે ૩ મીટર જેટલી કરી દેવાઈ! બલૂનની નીચે ગોંડોલા હોય એવો એનો દેખાવ ટી.વી. ઉપર જણાતો હતો. ઉપર જતાં ૯ મિનિટ લાગી હતી, પણ ઉતરાણમાં ખાસ્સા સાડા ચાર કલાક નીકળી ગયા. ભારતીય સમય પ્રમાણે ૧૧ એપ્રિલે, બુધવારે બપોરે ૪ ને ૧૯ મિનિટે બૈકાનુરથી આશરે ૬૦૦ કિ.મી. દૂર આવેલા આર્કાલિક (Arkalik) શહેરથી ૬૦ કિ.મી. દૂર બરફ અને કાદવથી છવાએલી જમીન ઉપર એનું ઉતરાણ થયું. એ પછી ત્રણે યાત્રીઓને બહાર ખેંચી લેવામાં આવ્યા.

વૈજ્ઞાનિક પ્રયોગો

ભારત જેવા ગરીબ દેશને આવા ખર્ચાળ શૉખ ન પાલવે એવી ટીકા કરેલાની છે, કારણ કે આ સફર દરમિયાન કરાએલાં સંરક્ષણ અંગેના અમુક પ્રયોગો તથા અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો કેટલા ઉપયોગી હતા એનો એક દાખલો બસ થશે. રાકેશે ભારતનો આશરે ૬૦ ટકા વિસ્તાર ફોટોમાં ઝડપ્યો. આટલો જ વિસ્તાર ચીલાચાલુ એરીઅલ સર્વે દ્વારા વિમાનથી કરાય તો સહેજે બે વર્ષ નીકળી જાય! તેવી જ રીતે પૃથ્વીનો આશરે ૫૦ કરોડ ચો. કિ.મી. જેટલો વિસ્તાર કચકડાની ૭૦ એમ.એમ.ની પટ્ટી પર અંકિત કરી લેવાયો. આ જ કામ કરતાં ૧૦૦ વિમાનોને ૫૦ વર્ષ લાગે!

આ પ્રયોગોમાંના કેટલાક તો રાકેશે જાતે જ ટીવી ઉપર હિન્દી ભાષામાં સમજાવ્યા. રોજ સાંજે ૧૦ મિનિટ આ માટે ફાળવવામાં આવેલી. હિન્દી ભાષા પહેલી જ વખત અંતરિક્ષમાંથી પ્રસારિત થઈ, જેણે કરોડો ભારતવાસીઓનાં દિલ જીતી લીધાં.

જરૂરી શક્તિ મળી રહે તે માટે અંતરિક્ષયાત્રીઓએ રોજની ૩,૨૦૦ કિલો કેલરી મેળવવી જોઇએ. આ માટે કુલ ૧૦૩ વિવિધ વાનગીઓ ત્યાં લઈ જવાઈ હતી. બૅંગલોરની ડીફેન્સ રિસર્ચ લૅબોરેટરીએ આને અનુરૂપ ખાસ તૈયાર કરેલી ભારતીય વાનગીઓ પણ સૌપ્રથમ વખત અંતરિક્ષમાં ગઈ.

૨૮૦ થી ૩૦૦ કિ. મી. ઊંચાઇએથી 'સેલ્યુત-૭' આશરે ૬૨૮ વખત ભારત પરથી પસાર થયું. એ વખતે રાકેશે MKF-6mm મલ્ટીસ્પેક્ટ્રલ કૅમેરા તરીકે ઓળખાતા રિમોટ સેન્સિંગ કૅમેરાથી હજારો ફોટો પાડયા. આવા જુદીજુદી તરંગલંબાઈ ઉપર કામ કરતા કુલ છ કૅમેરા હતા. એમાંથી બે કૅમેરા સૂર્યપ્રકાશ તથા અંધારામાં પણ કામગીરી બજાવી શકે તેવાં ગરમીનાં કિરણો પર ચાલતા ઈન્ફ્રારેડ પ્રકારના હતા. આવા કૅમેરામાં એવી ફિલ્મ વાપરવામાં આવે છે કે જેમાં ઈન્ફ્રારેડ કિરણોનાં જુદાંજુદાં પરિવર્તન માટે જુદા રંગો દેખાય. પરાવર્તિત થતાં તેમજ ઉત્સર્જિત થતાં ગરમીના આ ઈન્ફ્રારેડ (અધોરક્ત) કિરણો ઝાડ-પાન, એમાંના રોગો, ખડકોના બંધારણ વગેરે

આશરે ૩૦૦ કિ.મી.ની ઊંચાઈ પર ચક્કર મારતા 'સેલ્યુત-૭'-માંથી ટી.વી. ઉપર જીવંત પ્રસારણ આ રીતે થતું હતું—

મૉસ્કોથી આશરે ૨૫ કિલોમીટર દૂર કાલિનિનગ્રાદ આવેલું છે. સોવિયેટ સંઘની બધી જ અંતરિક્ષ-યાત્રાઓનું સંચાલન અહીંથી થાય છે. અંતરિક્ષયાનોને અહીંથી જ આદેશો મોકલાય છે. અહીંથી જ ટેલિવિઝન, ટેલિમિટરી વગેરે જેવાં સંચાર-સાધનો દ્વારા અંતરિક્ષયાત્રીઓની તમામ ગતિવિધિઓ ઉપર ચાંપતી નજર તેમજ નિયંત્રણ પણ રાખવવામાં આવે છે.

'સેલ્યુત-૭' યાનમાં લગાડેલા ટેલિવિઝન કૅમેરા ત્યાંથી ચિત્રો ઝડપી કાલિનિનગ્રાદના નિયંત્રણ ખંડમાં પહોંચાડતાં હતાં. અહીંથી એને મૉસ્કોના ટેલિવિઝન કેન્દ્ર પર મોકલી દેવાતાં હતાં, જ્યાંથી દૂર દૂર સુધી તેનું પ્રસારણ થઈ શકે એ માટે રશિયા ખાતેના દુબ્નાના ભૂ-કેન્દ્ર ઉપર એ મોકલાતાં હતાં.

દુબ્ના ભૂ-કેન્દ્રથી ટીવી પ્રોગ્રામને 'સ્તાત્સિઓનાર-૨' નામના સંચાર ઉપગ્રહ તરફ મોકલાતાં હતાં. આ રશિયન ઉપગ્રહ ભૂમધ્ય રેખાથી ૩૬,૦૦૦ કિલોમીટરઉપર ભૂસ્થગિત કે સુસ્થિર(જીઓસ્ટેશનરી) છે. આ ઉપગ્રહ દ્વારા જ રાકેશનું આખું સાહસ આપણે ટીવી ઉપર માણી શક્યા.

દિલ્હીથી થોડેક દૂર સિકન્દરાબાદ ખાતે આપણું એક ઉપગ્રહ-ભૂકેન્દ્ર છે, 'સ્તાત્સિઓનાર-૨' ઉપગ્રહ પરથી આવતા પ્રોગ્રામ અહીંના એક વિશાળ ઍન્ટેના પર ઝીલાયા બાદ એને માઇક્રૉવેવ ટાવર દ્વારા નવી દિલ્હીના રાજેન્દ્રનગર ઉપર મોકલી અપાતા હતા. અહીંથી એ દિલ્હીના દૂરદર્શન-કેન્દ્ર સુધી પહોંચાડાતા હતા. એ પછી એને દિલ્હીના જ, વાયુભવન ખાતે પહોંચાડી ત્યાંથી દિલ્હીની આસપાસના પ્રદેશમાં તે પ્રસારિત કરાતા હતા.

પણ સમગ્ર દેશમાં પ્રસારિત કરવા સિકન્દરાબાદ ખાતેથી જ એ આપણા 'ઈન્સેટ-૧બી' ઉપગ્રહ તરફ મોકલવામાં આવતા હતા. આપણો આ ઉપગ્રહ ભૂમધ્ય રેખાથી ૩૬,૦૦૦ કિલોમીટર ઉપર, હિન્દી મહાસાગરની ઉપર, ભૂસ્થગિત છે. આટલી ઊંચાઇએથી સમગ્ર ભારતમાં પ્રોગ્રામ પ્રસારિત કરવાની એ ક્ષમતા ધરાવે છે. આ જ 'ઈન્સેટ-૧બી' ઉપગ્રહ મારફત ભારતના ખૂણે-ખાંચરે લગભગ બધા જ લોકોએ રાકેશનું પરાક્રમ 'નજરે' નિહાળ્યું. અલબત્ત, અહીં એ નોંધવું જોઈએ કે પ્રસારણમાં ઘણી વાર ત્રુટિઓ આવતી હતી. તેમ જ, રશિયા જે બતાવે, જેટલું બતાવવા ધારે, તેટલું જ આપણે સૌ જોઈ શકતા હતા. જેમ કે ઉતરાણ, ડૉકિંગ વગેરે બતાવાયાં ન હતાં. યાત્રાના પાંચમા દિવસે કાલિનિનગ્રાદ ખાતેથી કેટલાક સવાલ-જવાબોની આ જ માર્ગે આપ-લે થઈ, એવી જ રીતે, શ્રીમતી ઈંદિરા ગાંધી અને રાકેશ શર્મા વચ્ચે પણ સંવાદ યોજાયો. અને આ બધું ભારતીય દર્શક પોતાના ઘરમાં બેઠાબેઠા ટીવી પર જોઈ શક્યો હતો. — સુ.

અંગે પુષ્કળ ઉપયોગી માહિતી પૂરી પાડે છે. આ કૅમેરાનો સેટ પૂર્વ જર્મનીએ બનાવેલો છે. આ ઉપરાંત, Kate-140 કાર્ટોગ્રાફિક નામના વિશિષ્ટ કૅમેરા પણ ઉપયોગમાં લેવાયા હતા.

આ બધા ફોટોના અભ્યાસથી હિમાલયનો, થરના રણનો તથા ભારતીય સમુદ્ર કાંઠાનો વિસ્તાર વધુ સારી રીતે સમજી શકશે. ઉત્તર તરફની બધી નદીઓના મુખ્ય સ્રોત સમા હિમાલયમાં બરફ પિગળવાની ગતિવિધિ આનાથી સમજી શકાશે. થરના રણમાં ધરબાએલા ભેજના છૂપા સ્રોતોનો પણ પત્તો મેળવી શકાશે. એવી જ રીતે સમુદ્રમાં મત્સ્ય-ઉદ્યોગની શક્યતાઓ તથા પ્લાંક્ટન (Plankton)ના નવા સ્રોત ક્યાં છે તે અંગે માહિતી સાંપડશે. આપણી ધરતીમાં રહેલા ખનિજો, તેલ તેમજ ગૅસના છૂપા ભંડારો અંગે નવી જાણકારી મળશે. જંગલ તેમજ હવામાન અંગે વધુ જાણકારી સાંપડશે. કૃષિસંશોધન સમૃદ્ધ થશે.

અંતરિક્ષમાં ગુરુત્વાકર્ષણ શૂન્ય અથવા તો સૂક્ષ્મ-માત્રામાં (સાચો શબ્દ : micro-gravity condition) હોય છે. એટલે એમાં લાંબા સમય રહેવાથી શરીર ઉપર કેટલીક માઠી અસરો થવાનો સંભવ રહે છે. જેમ કે લોહીના અભિસરણ-તંત્રમાં ખામી ઊભી થાય છે. સ્નાયુ નબળા પડી ગળવા માંડે છે, હાડકાંમાંથી કૅલ્સ્યમ જેવાં તત્ત્વો છૂટાં પડી જતાં હાડકાં પોચાં બની જાય છે, અને અનેક શારીરિક તથા માનાસક બીમારીઓ પણ થઈ આવે છે. આ બધું ન થાય તે માટે અંતરિક્ષયાત્રીએ નિયમિતપણે કેટલીક કસરતો કરવી પડે છે. આવી કસરતોનું સ્થાન આપણાં ભારતીય આસનો કે યોગની કસરતો લઈ શકે કે કેમ તે નક્કી કરવા માટે રાકેશને ખાસ કામગીરી સોંપાએલી. આ માટે એણે રોજ બે-બે મિનિટ માટે પાંચ પ્રકારનાં યોગાસનો કર્યાં હતાં.

બૅંગલોરના હિન્દુસ્તાન ઍરોનૉટિક્સે અંતરિક્ષમાં (હૃદયની ગતિવિધિ જાણવા તથા રુધિરભિસરણની સ્થિતિ તપાસવા તૈયાર કરેલું ખાસ પ્રકારનું સાધન-વેક્ટોકાર્ડિયોગ્રાફ (Vectocardiograph) બનાવીને મૉસ્કો મોકલી આપેલું. આ ઉપકરણ રાકેશના પહેલાં પહોંચેલા માલવાહક-યાન (Cargo craft) દ્વારા 'સેલ્યુત-૭' પર મોકલવામાં આવ્યું હતું. સામાન્ય ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રાફ (ECG) યંત્ર કરતાં આ નવતર યંત્ર વધુ સંવેદનશીલ છે. આ ઉપરાંત, કાન, નાક વગેરે જેવાં અવયવો ઉપર અંતરિક્ષમાં શી અસરો થાય છે, તેનો પણ અભ્યાસ કરાયો. આ બધાંનાં તારણો આપણા હવાઈદળ માટે અત્યંત ઉપયોગી પુરવાર થશે.

શૂન્ય કે નહિવત્ ગુરુત્વાકર્ષણની હાલતમાં પદાર્થો જુદી જ રીતે વર્તે છે. દા. ત. અરીસા ઉપર બહુ સુંદર રીતે 'ઢાળ' ચઢાવી શકાય છે. આવા અરીસા ટેલિસ્કોપ તેમજ અન્ય ઉપકરણોમાં પ્રયોજાય છે. તેવી જ રીતે ધાતુઓનું મિશ્રણ પૃથ્વી પર થાય એ કરતાં વધુ સારી રીતે થઇ શકે છે. શુદ્ધ મિશ્ર ધાતુ તૈયાર થતાં એ નવા જ ગુણધર્મો ધરાવે છે. જેમ કે આ રીતે મેળવાએલી ફોમ-મેટલ (Foam metal) તરીકે ઓળખાતી મિશ્ર ધાતુ લાકડાં કરતાં હલકી, પણ સારામાં સારા સ્ટીલ કરતાં અનેક ગણી મજબૂત હોય છે. વીજળી-ભઠ્ઠીમાં જર્મેનિયમ અને ચાંદીને જુદાજુદા પ્રમાણમાં ઓગાળીને મિશ્ર કરવાની કામગીરી રાકેશે બજાવી. સંરક્ષણ તેમ જ સ્પેસ ટેક્નોલૉજિમાં આવી મિશ્ર ધાતુના સંખ્યાબંધ ઉપયોગો છે. આવી જ રીતે અંતરિક્ષમાં શુદ્ધ સ્ફટિક (Crystal) પણ બનાવી શકાય. આ રીતે મેળવાએલી મિશ્ર ધાતુઓ તથા સ્ફટિક સેમી-કંડક્ટરો, ટ્રાન્ઝિસ્ટર, દગકાચો વગેરે તથા કંઈ કેટલાંય વૈજ્ઞાનિક ઉપકરણો બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

યોગને બાદ કરતાં ઉપરના બધા જ પ્રયોગો કંઈ પહેલી જ વખત અંતરિક્ષમાં થતા હોય એવું નથી, કે પછી એક ભારતીય નાગરિક એ કરે છે એટલા પૂરતું જ એનું મહત્ત્વ છે એવું પણ નથી. પરંતુ આપણે માટે મહત્ત્વની વાત એ છે કે એમાંથી કેટલાક પ્રયોગોની રૂપરેખા આપણા જ વૈજ્ઞાનિકોએ ઘડી કાઢેલી, તો કેટલાંક ઉપકરણો 'મેઈડ ઈન ઈન્ડિયા' હતાં. □

સૌરાષ્ટ્રની ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ કંઠારનાં કેટલાંક લઘુ બંદરોનો પરિચય આપણે ગયા અંકમાં કર્યો. અહીં તે ઉપરાંતનાં બીજાં બંદરો વિષે જોઇએ. આ બંદરો ખંભાતના અખાતમાં સૌરાષ્ટ્રની પૂર્વકંઠારે આવેલાં છે. અલબત્ત, આમાંનાં કેટલાંક બંદરો આજની પલટાએલી સ્થિતિને કારણે, તથા બંદર માટે જરૂરી એવી સગવડોના અભાવે આજે તો લગભગ અથવા તદ્દન બંધ પડયાં છે. પરંતુ બંદર તરીકેની એમની ભૂતકાલીન ગણનાને કારણે આ લેખમાળામાં તેમનો સમાવેશ કરી લીધો છે.

કોટડા


દીવ બેટની સામે સૌરાષ્ટ્રની દક્ષિણ કંઠારે કોટડાનું નાનું બંદર છે. ચોમાસામાં આ બંદર બંધ રહે છે, પણ બાકીની મોસમમાં અહીં થોડોઘણો બંદરી વહેવાર ચાલે છે.

કોટડા તેની નજીકના કોડીનાર તથા અન્ય સ્થળો સાથે બસ-માર્ગો દ્વારા જોડાએલું છે. ઈ. ૧૯૫૩-'૫૪થી '૬૭-'૬૮ દરમિયાન તેની કુલ આયાત ૪૬૮૭ ટન અને કુલ નિકાસ ૧૧,૫૬૫ ટનની હતી. જેમાં ૧૯૫૩-'૫૪ તથા ૧૯૬૦-'૬૧માં આયાત-નિકાસનો આંક ઊંચો રહ્યો હતો; જ્યારે ૧૯૫૯-'૬૦માં આ આંક ઘટી જઈ માત્ર ૪૬ ટન જેટલો નીચે ઊતરી ગયો હતો. આ વધઘટમાં ઇમારતી લાકડું તથા નળિયાં-ની આયાત અને મચ્છીની નિકાસમાં ઘટાડો થયો હતો. ૧૯૭૦-'૭૧ ની સાલમાં તો આ બંદર પર માત્ર ૨૭ ટન માલની જ હેરફેર થએલી. ૧૯૭૧-'૭૨ થી '૭૭-'૭૮ દરમિયાન કુલ ૧૫૩ ટન આયાત અને ૮૦ ટન નિકાસ થએલી. આમાં યે '૭૩-'૭૪ થી નિકાસ બંધ પડી હતી. છેલ્લેછેલ્લે બળતણ માટે જે લાકડાં આવતાં એ પણ બંધ થઈ ગયાં. કારણ ઇમારતી લાકડાં, નળિયાં વગેરેની આયાત તથા માછલીની નિકાસ વેરાવળ બંદર તરફ સરી જતાં અહીંનો બંદરી વેપાર પડી ભાંગ્યો છે. વળી, બંદરને જરૂરી એવી ખાસ કોઈ સગવડ અહીં છે નહિ. ૧૯૭૩ થી '૭૮ દરમિયાન આ બંદરે માત્ર ૨૭ વહાણો આવ્યાં હતાં.

નવાબંદર

પાણકોટાના ટાપુની દક્ષિણે આઠ કિલોમીટર દૂર આવેલું નવા-બંદર ચોમાસામાં બંધ રહેતું હોવા છતાં, બાકીની મોસમમાં વહાણો દ્વારા ચાલતા કંઠારના વેપાર માટે જાણીતું છે. વેરાવળ અને જાફરાબાદ સાથે તે કોસ્ટલ હાઇવે દ્વારા જોડાએલું છે. નજીકમાં પાંચ કિ. મી. દૂર આવેલું દેલવાડા આ બંદરનું નજીકમાં નજીકનું રેલવે સ્ટેશન છે. ભૂશિરના ઊંચા ભાગના પૂર્વ અને પશ્ચિમ છેડે આવેલી ખડકોની વચ્ચેની નાળમાં વહાણો આવજા કરે છે, પણ પેલા ખડકો આ બંદરને માટે બાધક છે. આ બંદરની દીવાદાંડીથી દોઢ કિલોમીટર દૂર નવ મીટર ઊંડા પાણીમાં લંગરગાહ છે. દીવાદાંડીથી જરા દૂર બરૂ ખાડી તેની પાસેના ખડકોને કારણે અર્ધ રક્ષિત હોઈ તે તરફના વિસ્તારના જ્ઞાન વિના તેમાં વહાણ ચલાવવું જોખમી છે.

નવાબંદરની આસપાસની કંઠાર પરનાં સ્થાનો સાથે-નો વહેવાર બહુ જૂનો છે. મુંબઈ સુધી પણ તેનો વેપાર ચાલે છે. આસપાસના નાઘેરના હરિયાળા ફળદ્રુપ પ્રદેશમાં થતાં નાળિયેર, આંબા, શેરડી, તલ, બાજરી, જુવાર વગેરેનો લાભ નવાબંદરના વેપારમાં સહાયક બને છે. વળી, આ બાજુ પુષ્કળ માછલી પણ ઉપલબ્ધ હોઈ ઑક્ટોબરથી જાન્યુઆરી દરમિયાન વલસાડ તરફના માછીમારો પણ અહીં તરફ ઊતરી આવે છે. એક કાળે ભાવનગરથી મુંબઈ જતી સ્ટીમરો નવાબંદર પર ઉતારૂઓ લેવા થોભતી હતી.



સૌરાષ્ટ્રનાં લઘુ બંદરો

ડૉ. શિવપ્રસાદ રાજગોર

આ બંદર પર ૧૯૪૭ થી '૮૩ દરમિયાન નિકાસ કરતાં આયાતનું પ્રમાણ વધુ રહ્યું છે. આમાં ૧૯૭૦ સુધી ટ્રાફિકનું કુલ પ્રમાણ વધતું રહી પછી તેમાં ક્રમશઃ ઘટાડો જોવા મળ્યો છે, જે મુજબ ૧૯૭૮-'૭૯માં માત્ર ૪૯૬ ટન આયાત અને ૩૭૭ ટન નિકાસ નોંધાઈ હતી. જ્યારે ૧૯૬૦-'૬૧માં વધીને તેનો આંક કુલ ૯૨૪૪ ટન થએલો. ત્યાર બાદ ફરી તેમાં વધઘટ થતી જણાઈ હતી. આમાં ઈમારતી લાકડું અને નળિયાંની આયાત તથા મચ્છીની નિકાસમાં ઘટાડો કારણભૂત હતો. સામાન્યતઃ આ બંદર પર લાકડું, ખોળ, વિલાયતી નળિયાં, ઊંજણ માટેનું તેલ, કપાસિયા, લોખંડ ને પોલાદનો સામાન વગેરેની આયાત, તથા મીઠું, મચ્છી, સીંગદાણા, અનાજ, મગફળીનું તેલ, ચીરોડી, તલ અને પરચૂરણ માલની નિકાસ મુખ્યત્વે થતી રહી છે. મુંબઈ, કાલિકટ, કલકત્તા વગેરે સાથે તેનો વેપાર છે. અહીંથી જાપાન, તાઈવાન વગેરે દૂરના દેશોમાં મીઠું જતું હતું, પણ પૂરતી સગવડના અભાવે તે ચડાવવાનું કામ બહુ ધીમી ગતિએ થતું હોઈ આ વેપાર ભાંગી પડ્યો છે. ૧૯૭૭-'૭૮ થી '૮૧-'૮૨ દરમિયાન ૧૦૬૪ વહાણો અહીં આવ્યાં હતાં, જેમાં '૮૦-'૮૧માં આવેલાં ૨૧૭ વહાણોની સંખ્યા વધુમાં વધુ હતી.

અહીં ૨૭૪ મીટર લાંબી કાર્ગો-જેટી, ૩૫૦ મીટર લાંબો બ્રેકવૉટર અને ૧૯૭ મી. લાંબી મત્સ્યોદ્યોગ માટેની જેટી છે. આ ઉપરાંત, નવ જેટલા ઢાળ છે અને બે ગોડાઉનો તથા બે ટ્રાન્ઝિટ-શેડની સગવડ છે. વળી, બંદર ઉપર વિશાળ ખુલ્લી જગ્યા પણ છે. અહીં હવામાનની સૂચના આપવા સિગ્નલની પણ વ્યવસ્થા છે. અહીંનું હવામાન પણ સમધાત છે. ઉના અને કોડિનાર તાલુકા તેનો પીઠપ્રદેશ હોવા સાથે મત્સ્યોદ્યોગનું આ એક મહત્ત્વનું કેન્દ્ર છે. છતાં જાફરાબાદ અને વેરાવળ બંદરના કારણે નવાબંદરનો વેપાર એ તરફ ખેંચાઈ ગયો છે.

મૂળ દ્વારકા–કોડિનાર

કોડિનારથી ત્રણ કિ..મી. દૂર આવેલું મૂળ દ્વારકાનું બંદર કાંઠાના વેપાર માટેનું એક લઘુબંદર છે. શ્રીકૃષ્ણની દ્વારકા નગરીનું આ જ અસલ સ્થાન છે તેમ કેટલાક વિદ્વાનો માને છે. અહીં પ્રાચીન મંદિર પણ છે, અને અહીંની ભૂમિ લાલ રંગની છે. શેરડી, વાલ, બાજરી, મગફળી વગેરેનો અહીં વિપુલ પાક ઊતરે છે. સન ૧૯૫૩ થી '૬૯ દરમિયાન અહીંથી ૮૮૦૧ ટન આયાત અને ૭૬૮૬ ટન માલની નિકાસ થઈ હતી. ત્યાર પછીથી આ બંદર બંધ છે. કોડિનારમાં ૧૯૫૪-'૫૫માં ૭૨૬૮ ટન માલની આયાત-નિકાસ થએલી, પણ '૬૮-'૬૯માં એ ઘટીને ૧૨૮ ટન થઈ ગઈ હતી. ૧૯૬૦ પછી અહીંથી નિકાસ બંધ થઈ ગઈ છે.

ભેરાઈ

પીપાવાવ બંદરના ભાગ રૂપ ભેરાઈ દેવરાપુરાની ખાડી પર આવેલું બંદર છે. ભરતી તથા વરસાદ આવે ત્યારે ભેરાઈની ચોતરફ પાણી ફરી વળી એ બેટ બની જાય છે. ગામની પશ્ચિમે આવેલી નાળ સરળતાથી પાર કરી શકાતી હોઈ 'સુખદેણુ' નામે ઓળખાય છે. જ્યારે ગામની પૂર્વે આવેલી નાળ ઓળંગવી મુશ્કેલ હોઈ તે 'દુઃખદેણુ' કહેવાય છે. અહીં મીઠાનું એક કારખાનું છે, જેની પોતાની જેટી છે. રાજુલા એ આનું નજીકનું રેલવે સ્ટેશન છે, જ્યારે પીપાવાવ સ્ટેશન ૮ કિલોમીટર દૂર છે. વર્ષે લગભગ ૫૦,૦૦૦ ટન જેટલું મીઠું અહીં પકવાય છે, જે વિદેશ સુધી જતું આવ્યું છે.

મહુવા

સૌરાષ્ટ્રની પૂર્વકંઠારે માલણ નદીના મુખ પાસે મહુવાનું સ્થાન છે. પ્રાચીન કાળમાં 'મોહેરક' તેમ જ 'મધુમતી' નામે એ ઓળખાતું એમ મનાય છે. કહે છે કે ભાવડશાના પુત્ર જાવડશાને વિક્રમાદિત્યે આ સ્થાન ભેટ આપ્યું હતું. વજ સ્વામીની સૂચનાથી આ જાવડશાએ તક્ષશિલાથી ઋષભદેવની પ્રતિમા લાવીને પાલિતાણામાં તેની સ્થાપના કરી હતી. મ્લેચ્છોએ મહુવા ઉપર આક્રમણ કરી સૂરીનું અપહરણ કર્યું હતું અને પાલિતાણાનું તીર્થ ભ્રષ્ટ કર્યું હતું.

મહુવાની પાસે 'કતપર' નામનું ગામ છે. મુસ્લિમોએ તેને કુતબપુર નામ આપ્યું હતું. ભીષ્મકની રાજધાની કુંડિતપુર તે આ જ સ્થળ હશે તેમ મનાય છે. તેની પુત્રી રુકમિણીનું લગ્ન શ્રીકૃષ્ણ સાથે થયું હતું. આગળ જતાં કનકસેન ચાવડાના શાસનમાં આ સ્થળ 'કંકાવટી' નામે ઓળખાતું. દંડિનારાકુમાર ચરિતમાં વલભીના નાવિકપતિ ગૃહગુપ્તાની પુત્રી રત્નાવલિનું લગ્ન મધુમાવતી (મહુવા)ના સાર્થવાહના પુત્ર બલભદ્ર સાથે થયું હતું તેવો એક ઈ. ૭૦૦ની આસપાસનો ઉલ્લેખ મળે છે. ચાવડા પાસેથી તળાજાના ભોજ વાળાએ જીતી લીધેલું. સન ૧૩૮૧ના સુદાવાવના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે તે વાવ વાજા રાજા સુદના પ્રધાન વામનની પત્ની જલુદેવીએ બંધાવી હતી. પંદરમી સદીમાં મહુવા અહમદશાહ સુલતાનના આધિપત્યમાં હતું. એક જૂની મસ્જિદમાં સુર સન ૮૨૬નો સુલતાન અહમદશાહનો ઉલ્લેખ તેનું સમર્થન કરે છે. ઈ. ૧૫૯૧માં મહુવા મુઘલોના કબ્જામાં હતું. ઔરંગઝેબના મૃત્યુ પછી મહુવા ખરેડિયા સિપાઇઓને હસ્તક ગયું અને તેમની પાસેથી મીસરી ખસીઆએ આ બંદર જીતી લીધું હતું. જસા ખસીઆના સમય(ઈ. ૧૭૮૪)માં તળાજાના મુલ્કમાં રંજાડ કરનાર હમીર ખસીઆને આશ્રય આપવા બદલ ભાવનગરના ઠાકોર વખતસિંહજીએ ૧૫૦૦૦ના સૈન્ય સાથે ચડાઈ કરી મહુવા જીતી લીધું હતું ત્યારથી છેક ભારતના સ્વાતંત્ર્ય સુધી તે ભાવનગર રાજ્યના મહાલના મુખ્ય મથક ને અગત્યના બંદર તરીકેનું તેનું સ્થાન રહ્યું હતું.

મહુવાની ખાડીમાં ઓછામાં ઓછું બે મીટર અને વધુમાં વધુ ચારેક મીટર ઊંડું પાણી રહે છે. મોટા જુવાળ વખતે ખાડીમાં પૂરતું ઊંડું પાણી હોય ત્યારે ૧૧૦ ટનનાં વહાણો પ્રવેશી શકે છે. નાની ભરતીમાં ૨.૯ મીટર ઊંડાં પાણી હોય છે, ત્યારે ત્રણ મીટર ડ્રાફ્ટવાળાં વહાણો પ્રવેશી શકે છે. નાનાં વહાણો જેગટી કે કતપર ટાપુ નજીક ૧૩ મીટર ઊંડાઈવાળા લંગરસ્થાનનો ઉપયોગ કરે છે. જાફરાબાદ, મુંબઈ અને મલબાર સાથે બહુ જૂના સમયથી મહુવાનો વેપાર ચાલે છે.

રેલવેના આગમન પૂર્વે તળાજાથી પોર્ટ વિક્ટર સુધીનો કાંઠાનો પ્રદેશ તથા કુંડલા ને રાજુલા મહાલ આ બંદરના પીઠપ્રદેશ હતા. સન ૧૯૧૧-'૧૨માં ઢસા-મહુવા રેલમાર્ગ બનતાં મહુવા ભાવનગર અને રાજકોટ સાથે ધોળા-જેતલસર-રાજકોટ રેલમાર્ગ દ્વારા જોડાયું હતું. આ રેલમાર્ગ દ્વારા મગફળી, ડુંગળી વગેરે માલ ગુજરાતના અન્ય ભાગોમાં નિકાસ થાય છે. ૧૯૩૮માં ભાવનગર-તળાજાની નેરોગેજ લાઈન મહુવા સુધી લંબાવવામાં આવી હતી. મહુવાને કોસ્ટલ હાઇવે સાથે પણ જોડાણ છે. મહુવાથી કુંડલા અને રાજુલા-પીપાવાવનો રસ્તો તેને તેના પીઠપ્રદેશ સાથે જોડે છે.

રેલવેના આગમન પૂર્વે ભરૂચ, સૂરત, બિલિમોરા, વલસાડ, મુંબઈ અને મલબાર સાથે મહુવાનો ધીકતો વેપાર હતો. સન ૧૮૭૭-'૭૮ થી '૭૮-'૭૯ દરમિયાન અહીંથી ૬૪,૭૮,૮૮૦ રૂપિયાના માલની આયાત તથા ૬૯,૯૬,૧૬૦ના માલની નિકાસ થઈ હતી. અનાજ, ઈમારતી લાકડું, કાપડ, ખાંડ, કાથી, નાળિયેર, સોપારી અને સૂકા મેવાની અહીંથી આયાત થતી, જ્યારે રૂ, અનાજ અને ઘી અહીંથી નિકાસ પામતું. સન ૧૮૮૦માં ભાવનગર-ધોળા-ઢસા-ધોરાજી રેલમાર્ગ થતાં મહુવાનો વેપાર ઘટચો હતો. સન ૧૯૦૨-'૦૩માં મહુવા બંદરની કુલ આયાત નિકાસ ૩૩,૭૦,૭૮૯ રૂ.ની હતી. '૨૩-'૨૪માં વધીને તે ૮૭, ૮૪,૭૮૩ રૂ.ની થઈ.' ૪૪-'૪૫માં એ ઘટીને ૪૫,૯૨,૩૨૧ની થઈ. પણ સ્વાતંત્ર્ય પછી ક્રમશઃ વધારો દેખાવા માંડી '૫૮-'૬૨ દરમિયાન તેની

આયાત-નિકાસ અનુક્રમે ૧૦૪,૯૦૭ તથા ૧૦૨,૭૭૮ ટન સુધી પહોંચી હતી. પરંતુ આ પછી વળી તેમાં ઘટાડો થઈ '૬૮–'૬૯માં તે અનુક્રમે ૧૬,૦૧૩ તથા ૧૪,૦૦૧ ટન હતી. આ ચડતી-પડતીમાં' ૭૧–'૭૨માં સૌથી વધુ તથા '૭૪–'૭૫માં સૌથી ઓછી આયાત-નિકાસ હતી. તે પછી '૭૭–'૭૮ થી '૮૨–'૮૩ દરમિયાન ૩૯,૯૧૬ ટન માલની આયાત અને ૫૯,૮૧૩ ટનની નિકાસ જોવા મળી.

આ તરફનાં અન્ય બંદરોની પેઠે અહીં પણ સ્થાનિક જરૂરિયાતનો માલ – ઈમારતી લાકડું, કપાસિયા, વિલાયતી નળિયાં, અનાજ, લોખંડ અને પોલાદનો સામાન, શણના કોથળા, કેરોસીન વગેરેની આયાત થતી રહી છે. ૧૯૭૦થી તેમાં રાસાયણિક ખાતરનો ઉમેરો થયો હતો. રૂ, ઘી, અનાજ, તેલીબિયાં, તેલ, ડુંગળી, મીઠું, શીંગદાણા, ચૂનાના પથ્થરો ને ચીરોડી વગેરે અહીંની નિકાસની વસ્તુઓ રહી છે.

મહુવા નજીકનો વિસ્તાર ઘણો ફળદ્રુપ છે. મગફળી, ડુંગળી, બાજરી વગેરેનો વિપુલ પાક થાય છે. નાળિયેરીનું પણ વાવેતર વધ્યું છે. ગોપનાથ અને મહુવા વચ્ચેના પ્રદેશમાં સારી જાતના ચૂનાના પથ્થરો છે, તેથી કોટડા નજીક ૭૦૦ એકરમાં સિમેન્ટનું કારખાનું નાખવાનું વિચારાઈ રહ્યું છે. મહુવામાં અગાઉ એક કાંતણ મિલ પણ હતી. હાલ અહીં તેલના ઘાણા અને લાકડાનાં રમકડાં બનાવવાનાં કારખાનાં છે. અગાઉ હાથકારાગરીથી બનતાં રમકડાં તથા શોભન અર્થે બનતી વિધવિધ વસ્તુઓ માટે મહુવાની સારી ખ્યાતિ હતી. હાલમાં તેની અસલ કારીગરી ઘટી જઈ ફરમાસુ માલનું ઉત્પાદન વધી ગયું છે. અહીંની 'જમાદાર' કેરી પણ બહુ જાણીતી છે. એક કાળે અહીંનો જહાજવાડો પણ ધમધમતો હતો. જો કે હજીયે અહીં વહાણો બંધાય છે. વરસાદ હવે પહેલાં જેટલો પડતો નથી. મીઠું, ચીરોડી ને ચૂનાના પથ્થરોની છતને કારણે સિમેન્ટ ઉપરાંત રાસાયણિક ઉદ્યોગો માટે અહીં તક છે. બંદરનું સતત પુરાણ થતું રહેતું હોઈ ડ્રેજિંગ કરીને કાંપ તથા નડતર રૂપ ખડકો દૂર કરવાની જરૂર છે.

તળાજા

તળાજાનું બંદર સરતાનપુર તળાજાથી દસ કિ. મી. દૂર છે. ભરતી વખતે અહીં માત્ર વહાણો આવી શકે છે, અને ચોમાસામાં તો બંદર બંધ જ રહે છે. તેનો વેપાર કાંઠા પૂરતો મર્યાદિત છે.

બારમી સદીની આખરમાં સુલતાન મુઈઝુદ્દીનની માતાનું હજનું વહાણ તળાજાના ચાંચિયાઓએ લૂંટયાની નોંધ છે. ઈબ્ન બતુતા ને માર્કોપોલોએ પણ ખંભાતના અખાતના ચાંચિયાઓનો ઉલ્લેખ કરેલો છે. ઈસ્ટ ઇંડિયા કંપનીના નૌકાસૈન્યે ૧૭૩૪માં તળાજાના ચાંચિયાઓનાં વહાણો બાળ્યાં ને ડુબાડયાં હતાં. આ રીતે ૧૭૫૯ થી '૬૮ દરમિયાન એવાં ૧૦૦ વહાણોનો નાશ થયો હતો. અખેરાજજીએ અંગ્રેજોને આ કામમાં મદદ કરી હતી એટલે એમને તળાજા સોંપવાની દરખાસ્ત થએલી, પરંતુ તેમણે ના પાડતાં ખંભાતના નવાબ મોમિનખાનને તળાજા સોંપાયું હતું. ખંભાતના નવાબે આગળ જતાં એ ભાવનગરના ઠાકોરને સોંપવું પડયું હતું. આ પછી તળાજા બંદરનો વેપાર વધ્યો હતો, અને સન ૧૮૭૮–'૭૯માં તળાજા બંદરની આયાત-નિકાસ ૧,૫૧,૬૭૦ તથા ૧,૧૮,૪૪૦ રૂપિયાંની હતી. ૧૯૨૬માં ભાવનગર-તળાજા નેરોગેજ રેલવે નખાઈ અને ૧૯૩૮માં તે મહુવા સુધી લંબાવવામાં આવી હતી.

તળાજા ભાવનગરથી ૫૦ કિ. મી. તથા મહુવાથી ૩૯ કિ. મી. દૂર છે. તેના બંદર સરતાનપુરનું બારું શેત્રુંજી નદીના ઉત્તર તરફના મુખથી એકાદ કિ. મી. ઉપરવાસમાં આવેલું છે. શેત્રુંજી નદી ગોપનાથથી ઉત્તર તરફ લગભગ સવાસાત કિ.મી. તથા નવ કિ. મી. દૂર બે ફાંટામાં ખંભાતના અખાતને મળે છે. સરતાનપુરના ખરાબા અને કાંઠા વચ્ચે પાંચ મીટર ઊંડાં પાણીમાં વહાણો લાંગરે છે. સરતાનપુર બંદરમાં ૪૬ મીટર લાંબો વ્હાર્ફ તથા લાકડાના ત્રણ ઢોળાવો છે. માલ રાખવા માટે ૧૩૫૦ ચો. મી. ખુલ્લી જગ્યા તથા બે ગોડાઉનોની સગવડ છે. કાંઠા પર બે-અઢી મીટર ઊંડું પાણી રહે છે. ભરતી વખતે તે દોઢેક વાંભ વધે છે તળાજાનો બંદરી વેપાર દિન-પ્રતિદિન ઘટતો જાય છે. કોસ્ટલ હાઇવે તથા અન્ય માર્ગો દ્વારા મહુવા, ભાવનગર અને પાલિતાણા સાથે તળાજા જોડાએલું છે. શેત્રુંજી બંધ બંધાયા પછી તેનું પાણી મળતાં આ પ્રદેશમાં ઉનાળુ મગફળી, ડુંગળી અને શેરડીનું વાવેતર ઘણું વધ્યું છે. તળાજા નજીક ખાંડનું એક કારખાનું પણ થયું છે.

ઈ ૧૯૫૪–'૫૫માં તેનો કુલ બંદરી વેપાર ૧૬,૫૫,૭૭૮ રૂપિયાનો હતો, તે '૬૦–'૬૧માં વધીને ૫૪,૨૭,૬૦૦ રૂ.નો થયા પછી '૬૩-'૬૪માં ઘટી જઈ માત્ર ૨૧,૮૦,૭૬૦નો રહ્યો હતો. '૫૮–'૫૯થી '૬૧–'૬૨ દરમિયાન કુલ આયાત ૧૮,૭૭૭ ટન માલની અને નિકાસ ૪૧,૭૭૦ ટનની હતી. '૬૩–'૬૪માં ૫૮૧૬ ટન ડુંગળી લંકા, મલબાર, મુંબઈ વગેરે સ્થળે નિકાસ થઈ હતી, જે ગુજરાતનાં બંદરો પૈકી સૌથી વધારે હતી. પણ ૧૯૭૦–'૭૧માં આયાત-નિકાસ ઘટીને ૫,૧૨૮ ટન જેટલી થઈ ગઈ હતી. તે પછી '૭૫–'૭૬ સુધીમાં ૧૩,૩૮૯ ટન માલની આયાત અને ૬,૬૯૬ ટનની નિકાસ થઈ. અગાઉ કરતાં નિકાસનું પ્રમાણ ઘટી ગયું હતું. આ પછી ૧૯૭૯–'૮૦ તથા '૮૨–'૮૩ દરમિયાન તો કંઈ નિકાસ થઈ જ નહોતી. ૧૯૭૫–'૭૬થી '૮૨–'૮૩ દરમિયાન અહીં ૬૮૮ વહાણો આવ્યાં હતાં. હાલ દક્ષિણ ગુજરાત સાથે તેનો વેપાર કંઈક ટકી રહ્યો છે.

ઘોઘા

ખંભાતના અખાતમાં સૌરાષ્ટ્રની પૂર્વ કંઠારે ભાવનગરથી ૧૬ કિ. મિ. દૂર ઘોઘા બંદરનું સ્થાન છે. બંદર તરીકે ઘોઘા બહુ જૂના કાળથી જાણીતું છે. ચોમાસા દરમિયાન એટલે કે ૧૫ મે થી ૧૫ સપ્ટેમ્બર તેનું બારું બંધ રહે છે. તેની નૈઋર્ત્ય તરફના વળાંક અને પીરમ બેટના કારણે નૈઋર્ત્યના મોસમી પવનો સામે તેને રક્ષણ મળે છે. તેનું બારું કિનારાથી દૂર છે, ને ત્યાં મોટી ભરતી વેળા પાણી ચઢે ત્યારે બેઝિનમાં નાનાં વહાણો પ્રવેશી શકે છે. મોટા જુવાળમાં અહીં દસ-અગિયાર મીટર પાણી ચડે છે.

ઘોઘા નામ સાથે કેટલાક રાજસ્થાનના મશહૂર વીર પુરુષ ઘોઘાબાપાનું નામ સાંકળે છે, પણ ગૅઝેટીઅર પ્રમાણે આ સ્થાનનું નામ આ તરફ થતી ઘોઘા નામની છીપ પરથી પડયું છે. ફાધર જોરડાનસે ઈ. ૧૩૨૧માં તથા ઈબ્ન બતુતાએ ૧૩૪૨માં એક સમૃદ્ધ શહેર અને સાહસિક વહાણવટીઓના વતન તરીકે ઘોઘાની ઓળખ આપી છે. ઈ. ૧૩૨૫માં મોખડાજી ગોહિલે મુસલમાનોના કબ્જામાંથી ઘોઘા ખૂંચવી લીધેલું અને પીરમમાં ગાદી સ્થાપી હતી. એમણે ખંભાતના વેપારી પાસેથી જકાત વસૂલ કરતાં, તેની ફરિયાદથી મહમદ તઘલખે ચડાઈ કરી મોખડાજીને મારીને ઘોઘા કબ્જે કર્યું હતું. ઈબ્ન બતુતાએ આ સમૃદ્ધ શહેરની મુલાકાત લીધી ત્યારે હુનકુલ કે ડુંગરજી અહીં રાજા હતો. ઈ. ૧૩૭૮ના એક શિલાલેખમાં મુઝફરખાનનું નામ છે. ૧૪૨૯માં માહિમની ચડાઈ માટે ઘોઘા વગેરે બંદરોમાં પડેલાં વહાણોનો કાફલો તૈયાર કર્યો હતો. સન ૧૪૭૩માં દ્વારકાના ચાંચિયાઓને અને આરંભડાના રાજાને હરાવીને પાછા ફરતાં મહમદ બેગડો ઘોઘા આવ્યો હતો. ૧૫૯૧માં ઘોઘા મોગલ શાસનમાં આવ્યું હતું. દીવથી ત્રણ દિવસની સફર ખેડીને વર્થેમા(૧૫૦૪–'૦૬)એ ઘોઘા જોયા પછી ત્યાંના સમૃદ્ધ વેપારીઓ અને તેમના બહોળા વેપારની નોંધ કરી હતી. ૧૫૧૩માં બાર્બોસાએ મલબાર અને એડન સાથે બધી વસ્તુઓનો વેપાર ખેડતાં અહીંના વહાણોનો ઉલ્લેખ કરેલો છે. ૧૫૩૧ ને ૧૫૪૬માં

પોર્ટુગીઝોએ ઘોઘા લૂંટ્યું અને બાળ્યું હતું. ૧૬૧૪માં પણ ફરી એક વાર તેમણે ૧૨૦ વહાણો બાળ્યાં હતાં, જેમાં જહાંગીરની માતાનું હજ માટે જતું જહાજ 'રહીમી' પણ હતું. ૧૬૧૨માં ઘોઘામાં કોઠી નાખવા માટે જહાંગીરે અંગ્રેજોને પરવાનગી આપી હતી, પણ આખર કોઠી સ્થપાઈ નહોતી, કારણ સુરત અને ખંભાતની કોઠીઓ સ્થપાતાં ઘોઘાની અગત્ય ઘટી હતી. છતાં અહીં મોટાં વહાણો આવતાં, અને અહીંથી નાની હોડીઓ દ્વારા તેમાંનો માલ ખંભાત પહોંચાડાતો હતો. ઔરંગઝેબના મરણ પછી ઘોઘા જુદાજુદા અમીરોના શાસન તળે ફેરવાતું રહી ૧૭૫૮ પછી પેશ્વાના શાસનમાં પણ ગયું હતું.

ભાવનગરના ઉદય સાથે ઘોઘા બંદરનાં વળતાં પાણી થયાં. ૧૯મી સદીની શરૂઆતમાં ૫૦થી ૨૫૦ ટનનાં વહાણો આ બંદરે આવતાં હતાં. ખેડાના કલેક્ટર્સ હાઉલ્સ તથા બોરોડેલે તેના વિકાસમાં રસ લીધો હતો, પણ ભાવનગરની હરીફાઈમાં એ ટકી શક્યું નહિ. કચ્છ અને ઉત્તર ગુજરાતનો માલ વીરમગામ થઇને ગાડા-રસ્તે અને ઊંટ ઉપર ધોલેરા થઇને આવતો. કાશ્મીરની શાલ, માળવાનું અફીણ અને રૂ અહીંથી નિકાસ થતું હતું. આમાં અફીણ લૂણાવાડા અને કપડવંજ થઇને આવતું. અમેરિકાના આંતરવિગ્રહને કારણે રૂની નિકાસ બહુ વધી ગઈ હતી. પણ એ વિગ્રહ શમી ગયા પછી રૂના ભાવ ગગડી ગયા હતા. વીરમગામથી અને ભાવનગરથી વઢવાણ સુધી રેલમાર્ગ બનતાં ઘોઘા બંદરનો વેપાર એકદમ ઘટી ગયો હતો. ૧૯મી સદીના અંતે ક્યારેક અહીંથી મીઠું કે રૂ નિકાસ થતું, પણ બંદરી વેપારની ઓટને લીધે ઘોઘાની જાહોજલાલી નષ્ટ થઈ હતી, અને અહીંના વેપારીઓ પણ ભાવનગર જઈ વસતાં ઘોઘા બંદર ઘણું પડી ભાંગ્યું.

સન ૧૯૫૬–'૫૭ કુલ આયાત-નિકાસ ૧૩,૨૧૬ ટન હતી તે વધીને '૬૩–'૬૪માં ૧૨,૬૭૫ ટન થએલી. ૧૯૫૮–'૫૯ થી '૬૧–'૬૨ દરમિયાન માત્ર ૧૯૭૦ ટન આયાત અને ૩૮,૫૮૦ ટન નિકાસ હતી. ૧૯૭૦'–'૭૧ થી '૭૬–'૭૭માં ૩૯૦૦ ટન આયાત અને ૨૯.૧૪૯ ટન નિકાસ હતી. સરેરાશ વાર્ષિક ટ્રાફિક ૪૭૦૦ ટન હતો. ૧૯૭૭–'૭૮ થી '૮૨–'૮૩ દરમિયાન આ ઘટાડાનું વલણ ચાલુ રહ્યું હતું.

ઘોઘા બંદરે ઢોર, માટી, ઇમારતી લાકડું, રૂ અને તેલીબિયાંની આયાત અને બેન્ટોનાઈટ, ડુંગળી, પથ્થરો, મીઠું, સીંગતેલ, સીંગદાણા વગેરેની નિકાસ થાય છે. આ વસ્તુઓ સૂરત, ભરૂચ, દહેજ, ભગવા અને મુંબઈ જાય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ચોગુલે કંપનીએ ઘોઘામાં જહાજવાડો ઊભો કર્યો છે, જ્યાં ૩૦૦ ટનની ટગ અને બજરા બને છે. ઘોઘાથી દહેજની ફેરી સર્વિસની યે વિચારણા થઈ રહી છે.

અહીં ૧૧૨૧ મીટર લાંબી જેટી, પૅસેન્જર જેટી તથા માલસામાન રાખવા ખુલ્લી જગ્યા છે. ૧૯૬૭ થી '૭૭ દરમિયાન અહીં ૩૩૩૭ વહાણો આવ્યાં હતાં, જ્યારે તે પછી '૮૧–'૮૨ સુધીમાં ૧૫૦૪ વહાણો આવેલાં.

ઘોઘાની આજુબાજુનો પ્રદેશ સૂકો છે. સરેરાશ અહીં વરસમાં ૬૦૦ મિ. મી. વરસાદ પડે છે. સમુદ્ર પાસે જ હોઈ ઉનાળામાં અહીં ભાવનગર કરતાં ઓછું ઉષ્ણતામાન રહે છે, આથી લોકો અહીં હવા-ખાવા આવે છે. ઘોઘા નજીક કુંડ પાસે ગૅસ મળી આવ્યો છે. અને આ તરફ તેલ મળી આવવાની શક્યતા છે. ૧૪મી સદીમાં તથા ૧૯મી સદી દરમિયાન સૂરતના મુલ્લા મહમદઅલીએ નજીકના પીરમ ટાપુને વિકસાવવા પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં સફળતા મળી નહિ. અહીંથી બહુ પ્રાચીન યુગનાં પ્રાણીઓના અવશેષો પણ મળ્યાં છે અને અહીંનું ભૂસ્તર પણ તેની અતિ પ્રાચીનતાની શાખ પૂરે છે. અંકલેશ્વર, ખંભાત, સાણંદ વગેરેનાં તેલક્ષેત્રોની આ દિશાએથી રક્ષણ કરવાની વ્યુહાત્મક દૃષ્ટિએ પીરમનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

અનુસંધાન] ધનિયો [પૃષ્ઠ ૧૨૦ થી

'કુંડળી છે?'

'હોવે.'

'એ લાવજે.'

'રાહુ આડો ફાટ્યો છે.'

'કોણે કીધું?'

'થોડીક તો ખબર પડેને!' આટલું કહેતાં એનું મોં ભાવિના ગૂઢાર્થો જાણવા તલપાપડ બનતું'તું, મને એનું કથન સાચું લાગ્યું. સાચે જ રાહુ નડતો હશે એને. રાહુ એટલે સમાજનો ભદ્ર વર્ગ. બીજી વાર મળ્યો. ત્યારે કહે : 'હાળી કુંડળી કંઈક આડે હાથે મુકાઈ ગઈ છે'

'જડે તો મળજે'.

'હોવે' કહીને ચાલતો થયો.

'રાહુનું નડતર છે.' મેં કહ્યું. એ પાછો વળીને થંભ્યો.

'તો રાહુ ખસેડી નાખો.' હમણાં રાહુ તારી આજુબાજુથી ખસે તેમ લાગતું નથી.'

'એમ!'

'હા.'

'ભલે, થોડા વધુ દિવસ દુઃખના.' હું એનું વાક્ય સાંભળી ઘડીભર સ્તબ્ધ બન્યો. ધનિયાને દુઃખ દૂર કરવું છે. પણ દુઃખનો ભાર ઊંચકી એ ફરતો નથી. દુઃખ ઘટે તો ઠીક. નહીંતર છે છે ને છે જ. ધનિયો કહે છે કે 'રાહુને ખસેડી નાખો', પણ એ બિચારો ક્યાં જાણે છે કે એનો રાહુ અને મારો રાહુ સાવ જુદા છે. એ કુંડળીના રાહુથી બીએ છે. હું જીવતા જાગતા રાહુથી ડરું છું. આકાશમાં એક રાહુ છે. સમાજ તો રાહુઓથી ખચિત છે. ધનિયો એ ઘેરાવામાંથી બહાર નીકળવા મથે છે. ત્યારે રાહુઓ એને નડે છે. મંત્રતંત્રમાં મને જરાય રસ નથી, છતાંય ક્યારેક મનમાં એ જાણવાની ઇચ્છા થાય છે, કેમ કે મારે ધનિયાનો રાહુ દૂર કરવો છે. સ્થળાંતરથી એ રાહુમુક્તિ મેળવી શકે, પરંતુ એની કુંડળીમાં સ્થળાંતરનો કોઈ યોગ જ નથી. □

સત્યજિત રાયની એક રહસ્યકથા

ઍટેચીની અદલબદલ

—સુકન્યા ઝવેરી—

પૂર્વકથા : મિ. ધમિજાને તેમની ઍટેચી પહોંચાડવા અનેક મુશ્કેલીઓ પાર કરી ફેલુદા અને તેના સાથીઓ સિમલા પહોંચે છે. માર્ગમાં તેમને અકસ્માત જાણ થાય છે કે એ ઍટેચીમાંથી મળેલી ડબ્બીમાં સોપારીના કકડા સાથે એક કિંમતી હીરો પણ છુપાવેલો હતો. મિ. ધમિજાને તેમની ઍટેચી સોંપતી વેળા ફેલુદા જાણી લે છે કે એ હીરા વિષે મિ. ધમિજાને કંઇ જ ખબર નથી. તો એ હીરો કોણે છુપાવ્યો હશે? બીજી બાજુ પાછી આવેલી મિ. લાહિડીની ઍટેચીમાં તિબેટની ભ્રમણકથાની હસ્તપ્રત હતી જ નહિ એમ મિ. ધમિજા વિશ્વાસપૂર્વક કહે છે. તો શું એ હસ્તપ્રત હતી જ નહિ? મિ. લાહિડીએ તે વિષે ખોટું કહ્યું હશે? મિ. ધમિજાએ તે ઉઠાવી લીધી હશે? આવાં બે અણઉકલ્યાં રહસ્યો સાથે ફેલુદા મિ. ધમિજાને ત્યાંથી પાછા ફરે છે. માર્ગમાં... ...

મિ. ધમિજાને એમની ઍટેચી આપીને પાછા ફરતાં તો માર્ગમાં અંધારું થઈ ગયું. પણ સૂર્યાસ્ત થવાને હજી ઘણી વાર હતી. ઘડિયાળ પણ ચાર ને પચ્ચીસનો સમય બતાવતી હતી, ટૅક્સીની બારીમાંથી મેં માથું બહાર કાઢી ચોપાસ નજર દોડાવી. સમજાઈ ગયું. બહાર અત્યારે શ્વેત નહિ, ઘેરા રાખોડી રંગનાં વાદળો છવાઈ ગયાં હતાં. કદાચ વરસાદ પણ પડે. મનમાં થયું ન પડે તો સારું. આમેય આ રસ્તો લપસણો તો હતો જ. ભલે અમે હવે ઢાળ પરથી નીચે જતા હતા, પણ એથી અમારી ગાડી વધુ જલ્દી માર્ગ કાપે તેમ નહોતું. ઊલટું ગાડી લપસી પડવાનો વધુ ડર હતો. નિરાંત એટલી જ હતી કે એ વખતે રસ્તા પર વાહનોની અવરજવર લગભગ નહિવત્ જ હતી.

ડ્રાઈવરની બાજુમાં ફેલુદા ચૂપચાપ બેઠા હતા. એમની નજર આગળના રસ્તા પર મંડાએલી હતી. મને એમનો ચહેરો નહોતો દેખાતો, પણ હું કહી શકું તેમ હતો કે એમનાં ભવાં સંકોચાએલાં હશે. એ શા વિચારમાં હશે તે હું બરાબર જાણતો હતો. એ વિચારતા હશે કે કાં તો દિનાનાથબાબુ, અથવા તો ધમિજા જૂઠું બોલે છે. ધમિજાના ડ્રૉઈંગરૂમમાં પણ કબાટ ભરીને પુસ્તકો હતાં. શંભુચરણના નામથી એ પણ પરિચિત હોઈ શકે. પચાસ વર્ષ પહેલાં અંગ્રેજીમાં લખાએલી તિબેટની ભ્રમણકથાથી એ લોભાયા હોય એવું યે બને. પણ જો એવું હોય તો ફેલુદા હવે એમની પાસેથી એ મેન્યુસ્ક્રિપ્ટ કઈ રીતે પાછું મેળવશે?

હવે એકના બદલે બે રહસ્યો ઉકેલવાનાં થયાં હતાં. એક તો પેલા પથ્થર કે હીરાના ખરા માલિકની ખોજનું, ને બીજું મૅન્યુસ્ક્રિપ્ટની ખોજનું.

ઠંડી વધી ગઈ હતી. ઉચ્છ્વાસની સાથે નાકમાંથી ધુમાડા નીકળવા માંડ્યા હતા. લાલમોહનબાબુએ ઓવરકોટનું બટન ખોલી અંદર હાથ નાખી ભકભક ધુમાડા કાઢતાં પૂછયું : 'બુમ રૅંગ; તો ટાઢું બોળ લાગે છે. ઑસ્ટ્રેલિયાની ચીજ છે, અહીં આ ઠંડા પ્રદેશમાં કામ તો દેશેને?' મને કહેવાનું મન થયું કે ઑસ્ટ્રેલિયામાં પણ ઘણાં સ્થળે બહુ ઠંડી પડે છે અને બરફ પણ પડે છે. પણ મારાથી કહેવાયું નહિ. એકાએક મારી નજર સામે રસ્તા પર પડી. સોએક વાર દૂર એક ગાડી અમારો રસ્તો રોકતી ઊભી હતી. કોશિશ કરીએ તો કદાચ તેની પાસેથી પસાર થઈ જઈ શકાય, પણ એ બહુ જોખમકારક હતું.

અમારા ડ્રાઈવરે વારંવાર હૉર્ન માર્યું, પણ કંઈ પરિણામ નીપજ્યું નહિ. સ્થિતિ કંઈક ગરબડભરી લાગી. કંઈ પણ બોલ્યા વિના સ્ટીઅરિંગ પર હાથ મૂકી ફેલુદાએ ગાડી રોકવા સૂચન કર્યું. ડ્રાઈવરે ખૂબ સાવધાનીથી ગાડીને પહાડ ભણી દોરી જઇને ઊભી રાખી. અમે ચારે જણ બરફ અને કાદવથી પચપચતા રસ્તા ઉપર બહાર નીકળ્યા.

ચારે તરફ એક સન્નાટો હતો. આટલાં બધાં વૃક્ષો છતાં કોઈ પક્ષીનો એકાદ ટહુકોય સંભળાતો નહોતો. વધુ આશ્ચર્ય તો એ હતું કે રસ્તો રોકીને પડેલી અમારા જેવી જ ઍમ્બેસેડર ગાડીમાં તેના પ્રવાસી કે ડ્રાઈવર કોઈ દેખાતું નહોતું, કે ન તો કોઇનો અવાજ સંભળાતો હતો.

માર્ગ ઉપરના બરફમાં પડેલા ચીલામાં બહુ સાવચેતીપૂર્વક ડગ માંડતાં અમે ધીમેધીમે પેલી ગાડી તરફ આગળ વધવા લાગ્યા. એવામાં અમારી પાછળ આવતા લાલમોહનબાબુ અચાનક ચમકી જઈ ગડથોલિયું ખાઇને ઊંધે માથે બરફમાં પટકાઈ પડ્યા. ચોપાસ જે નિસ્તબ્ધતા છવાઈ ગઈ હતી તેમાં એકાએક કંઈ અવાજ થાય તો ચમકી જ જવાય. મને લાગ્યું કે ઉપરની તરફના પાઈનવૃક્ષોની ડાળ ઉપર જામેલા બરફનું એકાદ ગચિયું પડવાનો એ અવાજ હતો. જેમતેમ કરી હાથ પકડીને લાલમોહનબાબુને ઊભા કરી અમે આગળ વધ્યા.

ગાડીની નજીક પહોંચતાં જોયું કે ડ્રાઇવરની જગ્યાએ એક માણસ બેઠો હતો. અમારો ડ્રાઈવર કહે કે એ એને ઓળખતો હતો. એનું નામ અરવિંદ હતું. અને એ ટૅકસી પણ એની જ હતી અરવિંદને નિશ્ચેષ્ટ જોઈ અમારો ડ્રાઈવર હરિવલ્લભ બોલી ઊઠયો, 'વો મર ગયા લગતા હૈ, યા બેહોશ પડા હૈ.'

મેં જોયું કે ફેલુદાનો હાથ તેના કોટની અંદર ચાલ્યો ગયો હતો. ત્યાં તેની રિવૉલ્વર રહે છે તે હું જાણું છું.

છતાં પાસેના જ કોઈ ઝાડ ઉપરથી ફરી બરફનું એક ચોસલું પડયું. લાલમોહનબાબુ ચમકી ઊઠયા, પણ આ વખતે પછડાયા નહિ. બીજી જ પળે કંઈક એવું બન્યું કે ત્યારે તો એ ગબડી પડ્યા જ. એ ગાઢ નીરવતામાં કાન ફાડી નાખે તેવો એક અવાજ થયો અને અમારી નજીકમાં બરફના કણો હવામાં ઊડયા. આ પછી યે એ ધડાકો પહાડીઓમાં પડઘાતો રહ્યો.

અમે પેલી ગાડીની પાસે પહોંચી ગયા હતા. ધડાકો સાંભળતાં જ ફેલુદા મારો હાથ ઝાલી ગાડીની પાછળ કૂદી પડયા. ગબડતાં ગબડતાં લાલમોહનબાબુ પણ અમારી પાસે આવી પહોંચ્યા, ને અમારો ડ્રાઈવર પણ કૂદીને અમારી પડખે ભરાઈ ગયો. એ જુવાનજોધ હતો, પણ આવી પરિસ્થિતિમાં અગાઉ ક્યારેક મુકાયો નહિ હોય તેમ લાગ્યું.

અમારા માર્ગની કોરે જ પહાડ હતો. તેના ઉપરથી કોઇએ કરેલા ગોળીબારનો એ અવાજ હતો. અમે ગાડીની આડશે હતા એટલે હવે એ અમને જોઈ શકતો નહિ હોય તેમ લાગ્યું. ગાડીની પાછળ ઊંધે માથે અમે ભોંય ઉપર બરફમાં લાંબા થઈ પડ્યા હતા. કોઈ નવી જ ઘટનાનો આરંભ થયો લાગતો હતો. મારી ડોક પર ઠંડી વસ્તુ ગલીપચી કરતી હોય તેવું લાગ્યું જોયું તો ખબર પડી કે આકાશમાંથી રૂના પોલ જેવો બરફ ધીમેધીમે વરસવા લાગ્યો હતો. કેવું અદ્ભુત એ દૃશ્ય હતું! એ વખતે જ મને ખબર પડી કે બરફ પડે ત્યારે તેનો કશો જ અવાજ થતો નથી. લાલમોહનબાબુએ કંઈ કહેવા મોં ખોલ્યું, પણ તુરત સિસકારો કરી ફેલુદાએ એમને વાર્યા.

એકાએક એ સન્નાટાને ભેદતો અવાજ સંભળાયો. એ અવાજ ઝાડ ઉપરથી બરફનું ઢેકું પડવાનો નહોતો કે નહોતો બંદૂકનો. બરફ પરથી આવતી કોઈ ગાડીનોયે એ અવાજ નહોતો. આ તો કોઈ માણસ બોલી રહ્યો હતો :

'સાંભળો મિસ્ટર મિત્તિર!' કોનો હતો આ અવાજ! કંઈક પરિચિત લાગતો હતો.

'મિસ્ટર મિત્તિર, સાંભળો. અત્યારે તમે મારા તાબામાં છો એ તો જરૂર સમજી ગયા હશો. એટલે કંઈ ચાલાકી કરશો નહિ. તમારા જાનનો ખતરો વધશે.' બરાડા પાડીને બોલાએલા આ શબ્દો આસપાસની પહાડીઓમાં પડઘાઇને આ નીરવ વાતાવરણને ગજાવી મૂક્તા હતા. ફરી એ અવાજ આવ્યો.

'હું તમારી પાસેથી માત્ર એક જ વસ્તુ ઇચ્છું છું.'

'કઈ વસ્તુ?' ફેલુદાએ પહાડ તરફ માથું ઊંચકી બૂમ મારીને પૂછ્યું.

'પ્રથમ તો તમે એ ગાડીની પાછળથી બહાર નીકળી સામે આવો. હું તમને જોવા ઇચ્છું છું. જો કે તમે મને નહિ જોઈ શકો.'

મારી નજીકમાંથી કંઈ અદ્ભુત અવાજ આવતો હતો. એ એકધારા અવાજથી પ્રથમ તો મને લાગ્યું કે એ ગાડીમાંથી આવે છે, પણ પછી સમજાયું કે એ તો લાલમોહનબાબુના દાંત કડકડવાનો અવાજ હતો.

બરફ ઉપરથી ઊઠીને ફેલુદા ગાડીની પેલી તરફ જઈ ઊભા. એકે ય અક્ષર એમના મોંમાંથી નીકળ્યો નહિ. એ સમજી ગયા હતા કે પેલા છુપાએલા માણસનું કહ્યું માનવા સિવાય બીજો કોઈ માર્ગ એમને માટે રહ્યો જ નહોતો, એમ મને લાગ્યું. આવી કઢંગી પરિસ્થિતિમાં મેં એમને ક્યારેય ફસાઈ ગએલા જોયા નહોતા.

'તમારી સાથે જે ત્રણ જણ છે,' પેલા અવાજે ફેલુદાને ખુલ્લામાં આવેલા જોઈ આગળ બોલવા માંડ્યું, 'તેઓ જો મોટર પાછળ છુપાઇને કંઈ પણ ચાલાકી કરશે તો તમારે તેનું ફળ ભોગવવું પડશે એ તેઓ યાદ રાખે.'

'તમારે શું જોઇએ છે એ કહેશો?' ફેલુદાના અવાજમાં મને કંટાળો ઉમેરાયેલો લાગ્યો. ગાડીના પૈડા પાછળથી હું ફેલુદાને જોઈ શકતો હતો. એમની નજર પેલા પહાડ પર ઊંચે મંડાએલી હતી. સામેના એ ઢાળ ઉપર લગભગ બધી જ જગ્યાએ બરફ છવાએલો હતો. જરા ઊંચેથી આગળ બધે ઝાડનાં વૃક્ષોની ગીચ ઝાડી હતી અને તેમાંના કોઈ વૃક્ષની આડશ લઇને પેલો આદમી અમારા પર નજર રાખવા સાથે બોલતો હતો.

'તમારી રિવૉલ્વર બહાર કાઢી તેને તમારી સામે પથરાએલા બરફ પર ફેંકી દો.' ફેલુદાએ નછૂટકે તેમ કરવું જ પડ્યું.

'હવે તમારી પાસે કોડાકની ડબ્બી છે? હોય તો તે બતાવો.'

કોટના ખિસ્સામાંથી ડબ્બી કાઢી ફેલુદાએ પેલાને દેખાય તે રીતે ખુલ્લી હથેળીમાં તે ધરી રાખી.

'હવે તેની અંદર જે પથ્થર હતો તે બતાવો.'

ખિસ્સામાં જાળવીને રાખેલો એ પથ્થર પણ ફેલુદાએ બહાર કાઢીને પેલાને દેખાય તે રીતે પકડીને ધરી રાખ્યો. થોડી પળો સુધી ચૂપકીદી છવાઈ રહી. કદાચ પેલો આદમી બાઇનોક્યુલર વડે એ જોઈ રહ્યો હશે.

'અચ્છા! હવે એ પથ્થર ડબ્બીમાં મૂકી, તે ડબ્બી તમારી જમણી તરફ રસ્તા ઉપર જે કાળો પથ્થર દેખાય છે તેના ઉપર રાખી દો, અને તમે લોકો સિમલા તરફ ઊપડી જાઓ. જો તમે...'

'તમારે આ પથ્થર જ જોઇએ છે ને?' પેલાનું બોલવું વચ્ચેથી જ કાપી ફેલુદાએ પૂછ્યું.

'એ પણ કહેવું પડશે?'

'તો પછી આ લો એ પથ્થર.' અને એટલું બોલી ફેલુદાએ તો એ પથ્થર પેલા અવાજની દિશામાં ફેંક્યો. ફેલુદાએ અણધાર્યું આ એવું કર્યું કે ક્ષણભર તો મારી બુદ્ધિ બહેર મારી ગઈ. ફેલુદાએ જેવો પથ્થર ફેંક્યો કે પેલો આદમી ઝાડની આડશ છોડી તેને લેવા બહાર ખુલ્લામાં કૂદી પડ્યો. ખુલ્લા ઉજાશમાં એ હવે દેખાઈ ગયો એટલું જ નહિ, એના કૂદવાથી જ્યાં એના પગ પડ્યો ત્યાંથી બરફનું એક મોટું ગચિયું સરકી ગયું. આથી એણે સમતુલા ગુમાવી એ પણ પેલા બરફની જોડે લગભગ પચાસેક ફૂટ ઊંચેથી ઢાળ પર ગબડતોગબડતો અમારાથી થોડે દૂર રસ્તાની ધારે આવી પડ્યો. આમ એકાએક લપસીને પડવાથી એનું બાઇનોક્યુલર, રિવૉલ્વર, આંખો પરનાં ગૉગલ્સ અને ચીબુક પર લગાડેલી બનાવટી દાઢી બરફીલા ઢાળમાં અહીંતહીં ફેંકાઈ ગઈ હતી.

અમારે હવે ટૅક્સી પાછળ સંતાઈ રહેવાનો કોઈ અર્થ નહોતો. એટલે અમે ત્રણે પણ ફેલુદાની પાસે જઈ ઊભા. મને લાગ્યું કે આટલે ઊંચેથી પડવાથી કદાચ એ મરી ગયો હશે, યા બેહોશ તો જરૂર થઈ ગયો હશે. પરંતુ એ તો બરફ પર ચત્તો પડ્યો ફેલુદા ભણી આંખો ફાડી તાકી રહ્યો હતો, શ્વાસોચ્છ્વાસથી એની છાતી ઊંચીનીચી થતી હતી.

એનો અવાજ મને કંઈક જાણીતો લાગેલો એ સ્વાભાવિક જ હતું. પોતાનો વેષપલટો વિંખાઈ જતાં, ફિલ્મમાંથી રદ થએલા અભિનેતા અમરકુમાર ઉર્ફે પ્રવીર લાહિડી—દીનાનાથબાબુના ભત્રિજાની ઓળખ હવે ગોપિત રહી શકે તેમ નહોતી.

'હવે સમજી તો ગયા જ હશો, પ્રવીરબાબુ, કે કોણ કોના કાબૂમાં છે.' બહુ ઠંડકથી ફેલુદાએ કહ્યું, 'તમે હવે કંઈ છુપાવી શકો તેમ નથી. અને છુપાવવાથી તમને કોઈ લાભ પણ નથી. બોલો, તમારે શું કહેવું છે?'

ચત્તાપાટ પડેલા અમરકુમારના ચહેરા પર બરફના કણો પડી રહ્યા હતા. એક ટશે એ મૂગોમૂગો ફેલુદા ભણી તાકી રહ્યો હતો. થોડી વાર રાહ જોઈ ફેલુદા બોલ્યા, 'ભલે તમે કંઈ ન બોલો તો મને બોલવા દો. મારી કંઈ ભૂલ હોય તો સુધારજો.' પછી પળભર થંભી ફેલુદાએ કહેવા માંડ્યું, 'પેલી નેપાળી પેટીમાંથી તમને હીરો મળ્યો હતો. પોતાને બચાવી લેવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવા નેપાળના રાજાએ જે મહામૂલું રત્ન શંભુચરણને ભેટ આપ્યું હતું તે કદાચ આ જ હશે. આ નેપાળી પેટી અસલ તો શંભુચરણની હતી, પણ પોતાના મૃત્યુ પહેલાં એણે તે પોતાના મિત્ર સતીનાથ લાહિડીને સોંપી હતી. પોતાની ભારે માંદગીને કારણે સતીનાથ કદાચ પેટીમાં રાખેલા આ હીરાની વાત કોઈને કહી શકે તે પહેલાં મૃત્યુ પામ્યા, ને હીરો પેટીમાં જ પડ્યો રહ્યો. અકસ્માત પેટીમાં ખાંખાખોળા કરતાં તમને તે મળી આવ્યો. તમે તેને છુપાવી રાખવા તેના પર રંગ લગાડી કોડાકની ડબ્બીમાં ચીટકાવી દીધો અને તેની ઉપર સોપારીના ટુકડા ભરી દીધા. તમારા કાકાએ આપેલી ઍટચીમાં તમે એ ડબ્બી સલામત રહેશે સમજી મૂકી દીધી. પણ એ ઍટચી તેના ખરા માલિકને સોંપવા તમારા કાકા મને સોંપશે એ તો તમે કલ્પ્યું પણ નહિ હોય. પછી તમે જ્યારે જાણ્યું કે એ ઍટચી મારી પાસે પહોંચી છે એટલે તમે એ ઍટચી હાથ કરવાની પેરવી કરવા માંડી. મિસ્ટર પુરીના નામે ખોટો ફોન કરી પ્રિટોરિયા સ્ટ્રીટમાં ગુંડાઓ રોકી તે ઍટચી પડાવી લેવામાં ન ફાવ્યા, એટલે વેષપલટો કરી અમારી પાછળ દિલ્હી આવ્યા. ત્યાં યે જનપથ હોટેલમાં મારા પર હુમલો કરી ઍટચી ઉઠાવી જવાનો તમારો પ્લાન નિષ્ફળ ગયો, અને ન છૂટકે તમારે અમારી પાછળ સિમલા આવવું પડ્યું. અને અહીં પણ તમારી કારી ફાવી નહિ અને અત્યારે આ હાલત...'

ફેલુદા અટક્યા. અમે—અમારો ડ્રાઈવર પણ—બધા ફેલુદાની આસપાસ ગોઠવાઈ ગયા હતા.

'બોલો, પ્રવીરબાબુ, મેં જે કંઈ કહ્યું એ બરાબર જ છે ને?' ફેલુદાએ પૂછ્યું.

પ્રવીરબાબુની ઉગ્ર નજરમાં અચાનક એક ચમક દેખાઈ. ધૂર્ત નજરે એણે ફેલુદાને કહ્યું, 'શી વાત કરો છો, તમે? કયો હીરો? હું તો કંઈ જ સમજી નથી શકતો.'

આ સાંભળી મારી છાતી યે ધડકી ઊઠી. પેલો હીરો તો આ બરફમાં ન જાણે ક્યાં પડયો હશે, અને આટલી વારમાં તો તેના ઉપર આ વરસતા બરફનો બીજો થર પણ ચડી ગયો હશે. હવે એ શોધ્યે યે જડે તેમ નહોતો.

'કેમ? તમે શું આને નથી ઓળખતા?' હું ફરી ચમકી ગયો. ફેલુદાએ પોતાની છાતી પાસેના ખિસ્સામાંથી પોતાનું પાકીટ લઇ તેમાંથી હીરો કાઢીને પ્રવીરબાબુને બતાવતાં પૂછ્યું હતું. વાદળઘેરી બરફીલી સાંજના આછા થતા ઉજાશમાં યે એ હીરો ઝગમગી રહ્યો હતો. 'પેલો બરફમાં પડયો છે એની કિંમત તો પાંચ જ રૂપિયાની છે. આજ સવારે જ સિમલાની બજારમાંથી મેં એ ખરીદ્યો હતો. અસલ ચીજ તો આ છે...' એ જોતાં જ પ્રવીરબાબુએ વાઘની જેમ ફેલુદા પર છલાંગ મારી એના હાથમાંનો હીરો ઝડપી લીધો. પરંતુ બીજી જ ક્ષણે કંઈક અવાજ થયો. પ્રવીરબાબુના મસ્તક પર એક જોરદાર ઘા પડ્યો અને એ લથડીને તમ્મર ખાઈ ફરી બરફ પર ઢળી પડયા. ફેલુદાએ તુરત તેની મુઠ્ઠી ખોલી તેમાંથી હીરો લઈ લીધો.

'થૅન્ક યુ, લાલમોહનબાબુ!' ફેલુદાનાં આભારવચનો લાલમોહનબાબુના કાને પડયાં કે નહિ એ તો ખબર ન પડી, પણ તેઓ હજી પોતાના હાથમાંના બુમરૅંગને આશ્ચર્યથી જોઈ રહ્યા હતા.

અમરકુમાર હવે અળશિયું બની ગયા હતા. સિમલા પાછા ફરતાં એણે ટૅક્સીમાં બધું જ કબૂલ કરી લીધું હતું. ફેલુદાને ફેંકી દેવી પડેલી તે પોતાની રિવૉલ્વર એણે પાછી મેળવી લીધી હતી, એટલે પ્રવીરબાબુ પાસેથી બધી સાચી હકીકતો કઢાવવામાં સુવિધા થઈ હતી. એના માથા પર બુમરૅંગ ફટકાર્યા પછી, ગાડીમાં બેસાડતાં પહેલાં લાલમોહનબાબુએ જ રસ્તા પરથી બરફ ઉપાડી પ્રવીરબાબુના માથા પર ઘસ્યો હતો. પ્રવીરબાબુની ટૅક્સીનો ડ્રાઈવર પણ ભાનમાં આવી જઈ સ્વસ્થ થઈ ગયો હતો. રૂપિયાની લાલચે પણ પોતાના પક્ષમાં ન લઈ શકાતાં પ્રવીરબાબુએ જ એને મારીને બેહોશ બનાવી દીધો હતો.

'અશરીરી' ફિલ્મમાંથી બાકાત થઈ ગયા પછી પ્રવીરબાબુનું ભેજું ચકરાઈ ગયું હતું. ફિલ્મમાં કામ કરીને પોતે ખૂબ નામના અને પૈસા કમાશે એવો તેમનો ખયાલ હતો, પણ એમનો અવાજ એમને નડ્યો. સીધા માર્ગે કંઈ વળે તેમ ન લાગતાં એમણે આડો માર્ગ લેવા વિચાર્યું, અને એવામાં જ એમને પેલી નેપાળી પેટીમાંથી અકસ્માત હીરો મળી ગયો. ઝવેરી પાસે તેની કિંમત કઢાવતાં જે રકમ સાંભળી એની તો એમને કલ્પના જ નહોતી. હવે એ સ્વપ્નો જોવા લાગ્યા. પોતે જ ફિલ્મ બનાવી તેમાં પોતે હીરો બનવાનું વિચારવા લાગ્યા. પછી ફિલ્મમાંથી બાકાત થવાપણાનો પ્રશ્ન જ રહેતો નહોતો. અને એ પછી... પછીની ઘટના તો અમે જાણતા જ હતા.

હાલમાં તો પ્રવીરબાબુને સિમલાની પોલીસના કબજામાં રાખ્યા છે. હીરો મળ્યો ત્યારથી જ ફેલુદાને પ્રવીરબાબુ પર શક પડયો હતો, તેથી સિમલા પહોંચીને તેણે ફોન કરીને દીનાનાથબાબુને બોલાવ્યા હતા. જો કે એણે એમને કારણ કહ્યું નહોતું. કાલે સવારે અગિયારની ગાડીમાં તેઓ આવી જશે. પછી ભત્રિજાનું જે કરવું ઠીક લાગશે તે કરશે. ફેલુદા પેલો હીરો હવે એમને સોંપી દેશે, કેમ કે એ એમના મોટાકાકાની સાથે આવ્યો હતો.

આ બધી વાતો સાંભળ્યા પછી મેં ફેલુદાને પૂછ્યું, 'હીરાની વાત તો સમજાઈ ગઈ, પણ શંભુચરણની પેલી ભ્રમણકથાનું શું થયું?'

'એ બીજા નંબરનું રહસ્ય છે. બે નાળવાળી બંદૂક હોય છે તે તો જાણે છે ને? આપણું આ ઍડ્વેન્ચરનું રહસ્ય પણ એવું જ છે.'

'પણ બીજા રહસ્યનો કંઈ ઉકેલ મળ્યો છે?'

'હા, મળ્યો છે. થૅન્ક્સ ટુ છાપાં ઍન્ડ પાણીનો ગ્લાસ.'

શંભુચરણની હસ્તપ્રત કરતાં ફેલુદાના આ કથનમાં રહેલું રહસ્ય કંઈ કમ નહોતું. પણ ફેલુદાએ તે પર કંઈ પ્રકાશ પાડયો નહિ.

ક્લાર્ક્સ હોટેલની ઉત્તર તરફની ખુલ્લી અગાશીમાં રંગીન છત્રી નીચે અમે હૉટ ચૉકલેટ પીતા બેઠા હતા. બધાં મળી ત્યાં આઠેક ટેબલ હતાં. એક પર અમે ત્રણ હતા. બીજા એક પર બે જાપાની અને ત્રીજા દૂરના એક ટેબલ પર પેલો કાનમાં રૂ ભેરવી ફરતો આદમી એકલો બેઠો હતો. જો કે અત્યારે એના કાનમાં રૂ ભેરવેલું દેખાતું નહોતું. વાદળો વીખરાઈ ગયાં હતાં, પણ સાંજ પડવા આવી હોઈ ઉજાશ ઘટી રહ્યો હતો. પૂર્વ તરફ પહાડ પર સિમલા પથરાએલું હતું. શહેરના માર્ગ ઉપર તથા ઘરોમાં એકએક કરી બત્તીઓ થવા માંડી હતી.

લાલમોહનબાબુ અત્યાર સુધી કોઈ વિચારમાં તલ્લીન હતા. અંતે ચૉકલેટનો એક મોટો ઘૂંટ લઈ બોલ્યા, 'બધા માણસના મનમાં થોડીઘણી હિંસ્રતા રહેતી તો હશે જ એમ લાગે છે, ખરું ને ફેલુબાબુ? બુમરૅંગનો ફટકો ખાઇને પેલા સજ્જન ચક્કર ખાઇને પડયા ત્યારે અંતરમાં હું એક જાતની ઉત્તેજના ફીલ કરતો હતો. એને ઉલ્લાસ કહું તો યે ખોટું નહિ. મને હજી તેની નવાઈ લાગે છે.'

'માણસ વાનરમાંથી ઊતરી આવ્યો છે એ તો જાણો છો ને?' ફેલુદાએ કહ્યું, 'આજકાલ એક થીઅરી પ્રચલિત થઈ છે કે કેવળ વાનરમાંથી નહિ, પણ આફ્રિકાની એક ખૂની વાનરજાતમાંથી માણસનું અવતરણ થયું છે. એટલે પ્રવીરબાબુને બુમરૅંગ ફટકાર્યા પછી તમને જે આનંદ થયો તે માટે તમારા પૂર્વ-પુરુષો જ જવાબદાર છે.'

અમારી વાતો ભલે બુમરૅંગ અને વાનર વિષે હતી, પણ મારું મન વારંવાર શંભુચરણની ભ્રમણકથા તરફ ખેંચાઈ જતું હતું. ક્યાં અને કોની પાસે હશે એ હસ્તપ્રત? કે પછી એ કોઈ પાસે કદી હતી જ નહિ? આખરે રહી ન શકાતાં મેં પૂછી જ નાખ્યું, 'ફેલુદા! કોણ જૂઠું બોલતું હશે, મિ. ધમિજા કે દીનાનાથબાબુ?'

'બેમાંથી કોઈ જૂઠું નથી બોલતા.' ફેલુદાએ જવાબ આપ્યો.

'તો પછી ભ્રમણકથા છે ખરી, એમ જ ને?'

'હા. પણ એ પાછી મળશે કે નહિ તે વિષે મને શંકા છે.'

'કોની પાસે એ હશે તે તમે જાણો છો?' મેં ડરતાંડરતાં પૂછ્યું.

'હા. હવે હું બધું જ જાણું છું. પરંતુ જેની પાસે છે તેને દોષિત ઠરાવવો બહુ મુશ્કેલ છે. એ માણસ બહુ ઉસ્તાદ અને જબ્બર બુદ્ધિશાળી છે. મને પણ એણે લગભગ બુદ્ધુ બનાવી દીધો હતો.'

લગભગ! આ શબ્દ સાંભળી મને કંઈક આશ્વાસન મળ્યું, ફેલુદા પૂરેપૂરા બુદ્ધુ બન્યા હોય એવો વિચાર પણ મારા માટે કષ્ટદાયક છે.

'મિત્તિર સા'બ!' એક બેરાએ અગાશીના બારણા પાસે આવી ફેલુદાના નામની બૂમ પાડી આમતેમ નજર ફેરવવા માંડી.

'અરે ઈધર, ઈસ તરફ...' બોલી ફેલુદાએ હાથ ઊંચો કરી બેરાને બોલાવ્યો. પાસે આવી એણે ફેલુદાને બ્રાઉનપેપરનું એક મોટું કવર આપતાં કહ્યું: 'મૅનેજર સા'બ કે પાસ આપ કે લીએ કોઇ રખ ગયા થા.'

કવર ઉપર લખ્યું હતું: પી. સી. મિત્તર, ક્લાર્ક્સ હોટેલ.

કવર હાથમાં લેતાં જ ફેલુદાના ચહેરા પરના ભાવ એકદમ બદલાઈ ગયા. અંદરની વસ્તુ બહાર કાઢતાં એક જાણીતી વાસ આવી, અને ફેલુદા આશ્ચર્ય પામતાં બોલી ઊઠયા, 'અરે! આ અહીં ક્યાંથી?'

એ હતી એક બહુ જૂની થઈ ગએલી નોટબુક. આપણે ત્યાં હવે આવી નોટબુક જોવા મળતી નથી. પૂઠા પર મોતીના દાણા જેવા સુંદર અક્ષરે અંગ્રેજીમાં લખ્યું હતું: 'એ બૅંગાલી ઈન લામાલૅન્ડ' અને તેની

નીચે લેખકનું નામ હતું – 'શંભુચરણ બોઝ.' છેક નીચે મહિનો અને સાલ મૂકી હતી – જૂન ૧૯૨૭.

'અરે, આ તો પેલી મેન્યુસ્ક્રિપ્ટ લાગે છે!' લાલમોહનબાબુ બોલી ઊઠયા. એમનું અંગ્રેજી સુધારવા જેવી મારા મનની હાલત ત્યારે નહોતી. હું ફેલુદા ભણી જોતો હતો. એની નજરે ત્યારે નોટબુક પર નહિ, પણ પોતાની સામેની દિશામાં એ કંઈક તાકી રહ્યા હતા. શું ફેલુદા ખરેખર પૂરેપૂરા બુદ્ધ બની ગયા હતા? પણ મને લાગ્યું કે એ કંઈક વિશેષ ભણી જોઈ રહ્યા હતા. મારી નજર પણ એ તરફ વળી ગઈ. પેલા જાપાનીઓ તો ચાલ્યા ગયા હતા. હવે અમારા સિવાય માત્ર એક જ જણ ત્યાં હતો. એ જ પેલો કાનમાં રૂ, કાળાં ચશ્માં અને નેપાળી ટોપી પહેરેલો વૃદ્ધ. ફેલુદા એકીટશે એને તાકી રહ્યા હતા.

અંતે એ માણસ ઊભો થયો અને ધીરેધીરે અમારી તરફ આવ્યો. અમારા ટેબલથી ત્રણેક હાથ દૂર થંભી જઈ એણે પ્રથમ ચશ્માં અને પછી ટોપી ઉતારી નાખી. એમનો ચહેરો હવે કંઈક પરિચિત લાગ્યો, પણ હજી કંઈક ખૂટતું હતું.

'ચોકઠું નહિ પહેરો?' ફેલુદાએ પૂછયું.

'સર્ટન્લી.' કહી એણે ખિસ્સામાંથી દાંતનાં ચોકઠાં કાઢીને પોતાના મોંમાં બેસાડી દીધાં. ચહેરા પર દેખાતા ગાલના ખાડા પુરાઈ જઈ જડબું ઊપસી આવ્યું અને ઉંમર દસ વર્ષ કમ દેખાવા લાગી. હવે એમને ઓળખવામાં કંઈ મુશ્કેલી ન રહી. એ હતા લૅન્સડાઉન રોડના ચૅમ્પીઅન ખટપટિયા. મિ. નરેશચંદ્ર પકડાશી.

'આ દાંત ક્યારે બનાવરાવ્યા?'

'ઑર્ડર તો ઘણા સમય પહેલાં આપ્યો હતો, પણ દિલ્હીથી આવ્યા પછી બીજા દિવસે મારા હાથમાં આવ્યા..'

ઓ. હવે સમજાયું કે દીનાનાથબાબુએ નરેશબાબુનું વર્ણન કરેલું ત્યારે એમને કઈ રીતે વૃદ્ધ કહેલા. એ વખતે નરેશબાબુ પાસે દાંતનું ચોકઠું હતું જ નહિ. અને એ પછી અમે જ્યારે એમને એમના નિવાસ સ્થાને મળવા ગયા ત્યારે એ આવી ગયું હોઈ એમણે પહેરવા માંડયું હતું. એટલે જ મને એમની વય દીનાનાથબાબુએ અંદાજેલી તે કરતાં ઓછી લાગી હતી.

'ઍટેચી અકસ્માત જ નહિ, પણ કોઇએ વિચારપૂર્વક બદલી હોવાની શંકા તો મને બહુ પહેલાંની પડી હતી, પરંતુ એ પરાક્રમ તમારું હતું તે શોધવા મારે બહુ વિચારવું પડયું.' ફેલુદાએ કહ્યું.

'સ્વાભાવિક છે...' નરેશબાબુ બોલ્યા, 'હું કંઈ સાવ મૂર્ખ નથી એ તમે જરૂર માનો જ છો.'

'ચોક્કસ, પણ તમે ક્યાં ભૂલ કરી એ જાણો છો? પેલાં છાપાં મિ. ધમિજાની ઍટેચીમાં મૂક્યાં ને, એ તમે ભૂલ કરી. હું જાણું છું કે નોટબુકને લીધે ઍટેચીનું વજન હતું. જ્યારે મિ. ધમિજાની ઍટેચી મિ. લાહિડીની ઍટેચી કરતાં હળવી હતી. એટલે બદલાએલી ઍટેચી હાથમાં ઊંચકતાં મિ. લાહિડીને એ હળવી ન લાગે એટલા સારું તમે એમાં છાપાં મૂકી વજન વધાર્યું. પણ ટ્રેનમાં વાંચી લીધેલાં છાપાંને ચીવટથી ઘડી કરીને ઍટેચીમાં કોણ મૂકે?'

'રાઈટ. એ જ તમારી વિશિષ્ટતા. બીજા કોઇને ય આ ન સૂઝે.'

'હવે એક સવાલ પૂછું. તમારા સિવાય તે રાતે બધાને બહુ સરસ ઊંઘ આવી હતી, ખરું?'

'હું એમ કહી શકો ખરો.'

'જો કે દીનાનાથબાબુ બહુધા ટ્રેનમાં બરાબર ઊંઘી શકતા નથી. એમને શું તમે ઊંઘની દવા ખવરાવી હતી?'

'રાઈટ.'

'પાણીના ગ્લાસમાં ઊંઘની ગોળીનો પાવડર કરીને નાખી દીધો હશે.'

'રાઈટ. સિકોનાલ. એ હમેશાં મારી જોડે જ હોય છે. ડિનર પહેલાં બેરા બધાને પાણી આપી ગયો હતો, અને ધમિજા સિવાય બીજા બંને બાથરૂમમાં હાથ ધોવા ગયા હતા.'

'મતલબ કે મિ. ધમિજાને તમે એ આપી શક્યા નહિ.'

'અહં. એટલે જ તો મારી આખી રાત બગડી હતી. સવારે છ વાગ્યે ઊઠી ધમિજાએ દાઢી કરી, એ પછી પોતાની ચીજવસ્તુઓ ઍટેચીમાં મૂકી એ બાથરૂમમાં ગયો. આ તક ઝડપી લઈ મેં મારું કામ પતાવી નાખ્યું. પેલા બે જણ તો ત્યારે પણ ઘસઘસાટ ઊંઘતા હતા.'

'પણ સૌથી વધુ ચાલાકી તો તમે હસ્તપ્રત તમારી પાસે હોવા છતાં તેના માટે મને રૂપિયા ઑફર કરવામાં બતાવી.'

મિ. પકડાશી ખડખડાટ હસી પડયા. ફેલુદા કહે, 'સિમલા જવાની મનાઈ કરવી અને ટેલિફોન તથા ચબરખી દ્વારા અમને ધમકી દેવી એ ય તે તમારાં જ પરાક્રમો હતાં ને?'

'નૅચરલી. પહેલાં તો તમે સિમલા આવો એવું હું જરાય ઇચ્છતો નહોતો. એ વખતે તો તમે મારા કટ્ટર દુશ્મન સમા લાગતા હતા. મને લાગ્યું કે ફેલુ મિત્તિરે જ્યારે આ કેસ હાથ ધર્યો છે ત્યારે મારો આ પરફેક્ટ પ્લાન ફસકી જશે. પ્લૅનમાં પણ મેં જ તમારા આ સંગાથી મિત્રના ખિસ્સામાં ધમકીની ચબરખી સેરવી દીધી હતી. પણ સિમલા આવ્યા પછી મને થયું કે મૅન્યુસ્ક્રિપ્ટ તમને સોંપી દેવું જ ઉચિત છે.'

'કેમ?' ફેલુદાએ પૂછયું.

'કારણ કે એ નોટબુક વિના ઍટેચી પાછી આવત તો તે ગુમ થવા અંગે ખુદ તમારી ઉપર પણ થોડીક શંકા તો પ્રકટી શકત જ. અને એ હું ઈચ્છતો નહોતો. આ થોડા દિવસોમાં હું તમને કંઈક તો ઓળખી શક્યો છું જ.'

'થૅંક યુ, નરેશબાબુ. હવે હું એક પ્રશ્ન પૂછું?' અને પકડાશીએ ડોકું ધુણાવી હા પાડતાં ફેલુદાએ પૂછયું, 'ભ્રમણકથાની હસ્તપ્રત તો તમે પાછી આપી એ ખરું, પણ તમે એની કૉપી કરી લીધી છે ને?'

નરેશબાબુનું મોં પળભર લેવાઈ ગયું. ફેલુદા ઉસ્તાદીથી ચાલ ચાલતા હતા. એમણે કહ્યું. 'અમે જ્યારે તમારે ઘેર આવ્યા ત્યારે તમે એની કૉપી જ ટાઈપ કરી રહ્યા હતા. ખરું?'

'પણ. તમને...?'

'તમારા રૂમમાં જે વાસ આવી હતી, એવી જ વાસ શંભુચરણની નેપાળી પેટીમાંથી પણ આવી હતી. ને આજે આ ચોપડીમાંથી આવે છે.'

'કૉપી!...પણ...'

'મને બોલવા દો, પ્લીઝ! શંભુચરણ ટ્વેન્ટી વનમાં ગુજરી ગયા. એટલે કે એકાવન વર્ષ પહેલાં. મતલબ કે, એમના લેખનો કૉપીરાઈટ એક વર્ષ પહેલાં ખલાસ થઈ ગયો. એટલે આજે ગમે તે વ્યક્તિ તે લેખ છપાવી શકે, ખરું ને?'

'અલબત્ત, છપાવી શકે.' નરેશબાબુ ઉત્તેજિત થઈ બોલ્યા. 'તમે શું એમ કહેવા માગો છો કે મેં કંઈ અન્યાય કર્યો છે? આ તો અસાધારણ લેખ છે. દીનાનાથ શું આ ભ્રમણકથા ક્યારેય છપાવત? આ તો હું જ છપાવીશ, ને મારા આ હક્કમાં કોઈ હસ્તક્ષેપ કરી શકશે નહિ.'

'હસ્તક્ષેપ ભલે ન કરી શકે, પણ હરીફાઈ-પ્રતિદ્વંદ્વિતા તો કરી શકે જ?'

'એટલે? કોણ કરશે પ્રતિદ્વંદ્વિતા?'

ફેલુદાએ હોઠ મરકાવતા નરેશબાબુ તરફ હસ્તધૂનન માટે હાથ લંબાવવા કહ્યું, 'મીટ યૉર રાઈવલ, મિ. પકડાશી.. આ ઍટેચીના કેસ બદલ દીનાનાથબાબુ પાસેથી હું માત્ર આટલું જ પારિશ્રમિક માગીશ– શંભુચરણની આ ભ્રમણકથા.'

'બુમરૅંગ!' જટાયુ એકદમ બોલી ઊઠયા. જો કે એમના મોંમાંથી આ શબ્દ શાથી નીકળ્યો એ તો હજી યે મને સમજાયું નથી. (સંપૂર્ણ)

ચરિત્ર-નિબંધ

ધનિયો

'આનંદશર્મન્'

'નો રે'વાયું. મારી માંચલો કોળી જાગી ગ્યો.' આટલું બોલતાંબોલતાં ધનિયો ગળગળો થઈ ગયો. ચહેરા પર ગુનાની ભાત અંકિત થઈ ગયેલી. ક્યાંય સુધી કશું જ ન બોલ્યો. માત્ર ચહેરો કર્મનો અફસોસ વ્યક્ત કરતો રહ્યો. કર્મ હતું માછલાં પકડવાનું. કોળીનું તો એ કર્મ જ કહેવાય. એમાં વળી અફસોસ શાનો? પરંતુ ધનિયો કેટલાક વખતથી કોળી મટતો જતો'તો. આજ એના કોળીત્વે બંડ કર્યું. ધનિયો હાર્યો. એના માંહ્યલો કોળી જીત્યો. એ માંહ્યલા કોળીની જીતનો અફસોસ ધનિયાના ચહેરા પર પ્રસરી ગયો'તો. એ વખતે મને 'દિવ્યચક્ષુ'માંનો ધનો ભગત યાદ આવી ગયો. તમસમાં જીવતા ધનિયાએ કૂદકો માર્યો. એને સત્ત્વને પકડવું'તું. પકડાયું અને સરકી ગયું. લાગે છે કે સત્ત્વ માછલા જેવું જ સુંવાળું હશે! માનવ માત્ર એને પકડવા મથે છે અને તે સાચવીને સરકી જાય છે. રજસ્ કે તમસ્ મ્હાત કરે છે. હું તો સત્ત્વથી કાયમ ડરતો જ રહ્યો છું.

ધનિયો કારેલા ગામનો વતની. ગામ દરબારી – દરેક અર્થમાં. ગામના રામજી મંદિરના પૂજારી રામરતનભાઈ મારા પરમ સ્નેહી. ધનિયો એમને ત્યાં અવારનવાર આવે. એમના પુત્ર પંકજને હર્ષદભાઈ તરીકે બોલાવે. ગામની નવાજૂની કહે. જમે. ક્યારેક રાતવાસો કરે. ક્યારેક નવી ફિલમ જોવા જાય. એ બધું ક્યારેક જ. એક વસ્તુ કાયમ કરે. લોટરીની ટિકિટ કાયમ ખરીદે. જેનો ડ્રૉ એ જ દિવસે કે એકાદ-બે દિવસમાં હોય તે રાજ્યની લોટરી લે. સાથે ગામના બીજા કોઈકની પણ ખરીદે. હર્ષદભાઈ દ્વારા ટિકિટ મંગાવે. તેના પર નામ લખાવે. પોતાનું ભાગ્ય પોતાની પાસે, બીજાનું બીજાને મુબારક. ક્યાંય અંચાઈ નહિ, બેઈમાની નહિ, બદદાનત નહિ. કદાચ આ ગુણો જ એના દુઃખના મૂળમાં છે. છતાં યે એનો એને અફસોસ નથી. એ જીવે છે. દુઃખમાં જીવે છે. દુઃખમાંથી સુખ શોધે છે. શોધે છે એટલે તો જીવે છે. કશુંક શોધવું એ માનવકર્મ છે. આથી જ ક્યારેક મને હું માનવ છું તેની સુગંધ આવે છે.

ધનિયો જાતે કોળી. આજે ચોકીદાર છે, તાપથી તપ્ત થયેલું કાળું શરીર, લાંબું પણ બાખલું મોં, ચહેરા ઉપર રસોળી, માથે ફાળિયું, હાથમાં થેલી, થેલીમાં ચલમ અને માળા. કોઈકની સાથે વાત કરતાં ચલમ પીવે, એકલો હોય તો માળા ફેરવે. આ તો આજનું ચિત્ર છે. જિંદગીથી થાકેલા ધનિયાનું દર્શન છે. એની યુવાનીમાં વાઘ જોડે બાથોડાં લે એવી શક્તિ. પાકો ભારાડી. પાકો કોળી. બધી જ એબનો સ્વામી. અજબ હિંમત. કોઈ ચોરીનું સગડ એના સુધી પહોંચતું ન હોય એવું ન બને. ચોરી-લૂંટ, ઊભા પાક વાઢી જવા, બળદો ઉઠાવી જવા જેવાં અનેક કામો ધનિયાએ કર્યાં છે. ગુમ થાય તો શોધવો મુશ્કેલ. કારેલા ગામ દરબારનું, પણ દરબારોને ય ઢંફાવે તેવી એની બુદ્ધિ.

મૂછનો દોરો ફૂટ્યો નહોતો ત્યારનો એ કર્મી કોળી બનેલો. એમ જ રીઢો બનતો ગયો. ગામના દરબારોમાંથી કોઈકને આ કોળીનો છોકરો ભવિષ્યમાં મોટું કારસ્તાન કરશે એમ લાગ્યું. આથી એક ચોરીમાં ધનિયો પકડાયો ત્યારે મુખીએ હવાલદારને કહેલું કે 'સરખાઇનો મારજો એને.' બરાબર ઢીબાયો. ધનિયાનું માનસ-પરિવર્તન થયું. કોળીપણું ઘટતું ગયું. હવે તે સામાન્ય કોળી કરતાં પણ સુધરેલો બની ગયો. એબો છૂટી ગઈ. કોળી-સમાજમાં ચર્ચાનો વિષય બનતો ગયો. લગ્ન જેવા પ્રસંગે પણ દારૂ ન પીતો કે પરમાટી ન ખાતો. જુગાર પણ ન રમતો. એના સમાજથી વિખૂટો પડતો ગયો. ઉચ્ચ ગુણો ધરાવતો થઈ ગયો. પરિણામ એ આવ્યું કે ધનિયાની સ્થિતિ 'ધોબીનો કૂતરો ન ઘરનો, ન ઘાટનો' જેવી થઈ. કોળી સમાજ ધનિયાને ભગત માનતો થયો અને સમાજના ઉચ્ચ વર્ગમાં તો તેનું સ્થાન હોય જ ક્યાંથી? કોઇએ તેને સ્વીકાર્યો જ નહિ. આપણા ઉચ્ચ વર્ગની આ તો બલિહારી છે! ખરાબ ગમે નહિ. ખરાબની ટીકા કરવી અને છતાં ખરાબીને પોષવી. ખરાબ માણસ સારો બને તો પણ ઉપલો વર્ગ મૂંઝાય. ખરાબને સારા બનવાની તક જ નહિ. ધનિયો એનું જાગતું ઉદાહરણ છે.

ધનિયો સારો બનતો ગયો. કારેલા ગામની સહકારી સોસાયટીમાં ચોકીદાર તરીકે હતો. સોસાયટીના મંત્રીએ કશીક ગોલમાલ કરેલી. જેલમાં જાય તેવી પરિસ્થિતિ. પૈસાની જરૂર પડી. ખાસ્સી મોટી રકમ હતી. ધનિયાને કહ્યુ : 'તું કશોક રસ્તો કાઢ.'

'શું કરું?'

'ક્યાંકથી પૈસા લાવી આપ'.

'તો છૂટી જવાશે?'

'હા...' પેલાએ કહ્યુ. ધનિયો ઊપડ્યો. બેચાર જગ્યાએ ફર્યો. ઉપલા વર્ગનું કોઈ તૈયાર ન થયું મંત્રીને નાણાં ધીરવા. છેવટે ધનિયાએ પોતાનું ખેતર ગીરવે મૂકીને મંત્રીને નાણાં આપ્યાં. મંત્રી બચી ગયો, પણ ધનિયો હજી ગીરવે મૂકેલા ખેતરનું વ્યાજ ભરે છે. મંત્રી સલામત છે. ધનિયાની પરની પીડા જાણવાની વૃત્તિ આજે એટલી જ સાત્ત્વિક છે. માત્ર તેની આર્થિક સ્થિતિ ડામાડોળ બની છે.

દરબારી ગામનું મહત્ત્વનું લક્ષણ તે દરબારોનો વટ. સીંદરીના વળ જેટલો વટ. ગમે તે થાય પણ વટ ન જાય. પરંતુ મહદ્અંશે આ વટ દરબારનો, દુઃખ ધનિયાનું. પૈસાની જરૂર પડે તો ધનિયો સાંભરે. ગામમાં ધનિયાની છાપ સારી. વાણિયો ધીરે તો ધનિયાને. શાહુકાર પાસેથી પોતાની શાખ પર ધનિયો નાણાં લે અને વટ જળવાય દરબારોનો. એમ જ ધનિયો દેવાદાર બનતો ગયો. ઉપલા વર્ગે માત્ર એનો ઉપયોગ જ કર્યો. સારપનો લાભ ઉઠાવ્યો. સારા થવાની-બનવાની લ્હાયમાં ધનિયો ઉપલા વર્ગની ચાલમાં સપડાયો. પૂરી ભીંસ આવી ગઈ. મૂંઝાયો. ઘરે નાનાં છોકરાંઓ. ખાવા જોઇએ. એમ જ એક દિવસ માછલાં મારવા તળાવે પહોંચ્યો. માછલાં પકડયાં. ધનિયાનું કોળીપણું પુનઃ સજીવન થયું, પરંતુ વળી સત્ત્વ ઝબક્યું. પકડેલાં માછલાં વહેંચી દીધાં. પાપ કર્યું. પછી પાપને પુણ્યમાં પલોટ્યું. આ સાંભળ્યું ત્યારે મને બાહુબલીની યાદ આવી ગઈ. પૂર્વભવનો કોઈ ભ્રષ્ટ યોગી હશે! એ ટાણે તે બોલેલો : 'નૉ રે'વાયુ'. આ જ તેનું સત્ત્વ. સત્યનો એકરાર. વળી થોડાક દિવસો ચાલ્યું. આવકની જરૂર. વરલી મટકાના રસ્તે ચડ્યો. એકાદ વાર ફાવ્યો. એમાં રમમાણ થયો. વધુ દેવાદાર બન્યો. હર્ષદભાઇએ એમાંથી છોડાવ્યો. તંગીમાં જીવતો'તો એવામાં એક દિવસ હર્ષદભાઈ કારેલા ગામ ગયા. ઘરમાંથી બધાં લગ્નપ્રસંગે બહાર ગયેલાં. ધનિયો એની સેવામાં. બપોરે ક્યાંકથી વ્યાજવા પૈસા લઈ આવ્યો અને હર્ષદભાઇને આપ્યા. ધનિયો સાચે જ ધનિક છે. મનનો ધનિક. દિલનો ધનિક. વૃત્તિનો ધનિક. ભાવનો ધનિક. હું આવો ધનિક બનવા સતત મથું છું, પણ બનાતું નથી.

'થોડા દિવસ પહેલાં ધનિયો મળ્યો. લોટરીની ટિકિટ મંગાવેલી. તેના ઉપર નામ લખાવતો'તો. 'લો ને, જોવાને કાંઈક' કહી મારી સામે હાથ ધર્યો.

(અનુ. પૃ. ૧૧૫)

૧૩ * ૧૪ * ૧૫ * ૧૬ * ૧૭

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધવાક્યો ઇત્યાદિમાં અનેક રીતે વિવિધ અંકસંખ્યાઓ સંકળાએલી છે. એની જાણકારી જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે. આ સંખ્યાઓ સાથે વણાએલાં સૂત્રો, બોધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ વિસ્તારભયે તથા સકારણ કેટલુંક જતું કર્યું છે.

રતિલાલ હરિભાઈ નાયક

૧૩

'સૂર્ય કવચ'માં સૂર્યનાં તેર નામ: સૂર્યનાં તેર નામ: સહસ્રકિરણ, ભાસ્કર, અમિતદ્યુત, દિનમણિ, વાસરેશ્વર ધર્મધૃણિ, વેદવહન, માનદ, પ્રભાકર, જનપ્રિય, દ્વારવશાત્મ અને સકલેશ્વર.

તેર પ્રકારનું શીલ (સદ્‌વર્તન): બ્રહ્મનિષ્ઠતા, દેવો તથા પિતૃઓની ભક્તિ, સૌમ્યપણું, પ્રાણીઓને દુઃખ ન દેવું, અન્યના ગુણો ઉપર દોષબુદ્ધિ ન રાખવી, કોમળતા કઠોરતા ન કરવી, સર્વ તરફ મિત્રતા, પ્રિય બોલવું, ઉપકાર ધ્યાનમાં રાખી વર્તવું, શરણે આવેલાનો અનાદર ન કરવો, સર્વ તરફ દયા અને અપાર શાંતિ જાળવવી.

દુષ્ટોના સંગથી આ તેર બાબતો નાશ પામે છે: સત્ય, પવિત્રતા, દયા, મૌન, પુરુષાર્થ, બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, કીર્તિ, ક્ષમા, શમ, દમ અને ઉન્નતિ.

૧૪

ચૌદ ભુવન (સાત લોક અને સપ્ત પાતાલ મળીને ચૌદ ભુવન, ચૌદ લોક કે ચૌદ જગત): ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્ય(બ્રહ્મ) લોક, તથા અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ ને પાતાલ.

ચૌદ રત્નો (દેવો અને દાનવોએ કરેલા સમુદ્રમંથનમાંથી નીકળેલાં): લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરિ, ચંદ્રમા, કામધેનુ, ઐરાવત, રંભા, સપ્તમુખ અશ્વ, ઉચ્ચૈઃશ્રવા, હલાહલ વિષ, સારંગ ધનુષ્ય, પંચજન્ય શંખ અને અમૃત.

વિષ્ણુ ભગવાનના ચૌદ પાર્ષદો (સેવકો): નંદ, સુનંદ, જય, વિજય, બલ, પ્રબલ, કુમુદ, કુમુદાક્ષ, વિશ્વક્સેન, ગરુડ, જયંત, શ્રુતદેવ, પુષ્પદંત અને સાત્વત.

ચૌદ વિદ્યાઓ: ચાર વેદો, છ વેદાંગો, ધર્મ, પુરાણ, ન્યાય અને મીમાંસા.

ચૌદ મહા રત્નો (માર્કંડેય પુરાણ પ્રમાણે રાજાનું ઐશ્વર્ય બતાવવા માટેનાં): હાથી, ઘોડા, રથ, સ્ત્રીઓ, બાણ, ભંડાર, પુષ્પ, વસ્ત્રો, વૃક્ષો, શક્તિ (હથિયાર), પારા, મણિઓ, છત્ર અને વિમાન.

ચૌદ છંદો: ચોવીસ અક્ષરોથી શરૂ થઈ ચારચાર અક્ષરો વધતા જતા–ગાયત્રી (૨૪ અક્ષરો), ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ, જગતી, અતિજગતી, શકવરી, અતિશકવરી, અષ્ટિ, અત્યષ્ટિ, વિરાટ અને અતિવિરાટ.

ઇન્દ્રના ચૌદ ભેદો (શ્રુતિઓ અનુસાર): વાક્, પ્રાણ, મન, બલ, ગતિ, વિદ્યુત, પ્રકાશ, ઐશ્વર્ય, પરાક્રમ, રૂપ, સૂર્ય, ચંદ્ર, ઉત્સાહ અને આત્મા.

સૂર્યરથના સારથિનાં ચૌદ નામ: રથકૃત, રથૌજા, રથંતર, પ્રાત, રવિ, સેનજિત, સુષેણ તક્ષા, અરિષ્ટનેમિ, સત્યજિત, ઋતજિત, અરુણ, અનુરુ અને અપૂર્ણપાદ.

એક ઉખાણામાં ચૌદ ઉખાણાં: વૃષભ જેનું વાહન, તેનો પુત્ર, તેનું પુત્રનુ વાહન, તે વાહનનું ભોજન, તે ભોજનનો ભક્ષ્ય, તે ભક્ષ્યથી જન્મેલ, તે જન્મેલનો સ્વામી, તે સ્વામીનો મિત્ર, તે મિત્રનો શત્રુ, તે શત્રુનો પુત્ર, તે પુત્રનો શત્રુ, તે શત્રુનું વાહન, તે વાહનનો વેરી, તે વેરી જેનું વાહન, તે કોણ? (જવાબ = 'મા અંબિકા'. કઈ રીતે તે વાચક શોધી કાઢે.)

૧૫

ધનના પંદર અનર્થો: ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, ગર્વ, મદ, ભેદ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા, પરસ્ત્રીગમન, જુગાર અને મદિરા.

પંદર પ્રાણધારીઓ (ભૂતલ, સમુદ્રો, પર્વતો પાતાલમાં અને સ્વર્ગમાં આ પંદર પ્રાણધારીઓ નિવાસ કરે છે.) અસુર, ગન્ધર્વ, કિન્નર, કિંપુરુષ, યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, અપસ્માર્ક, અપ્સરા, બ્રહ્મરાક્ષસ, કુષ્માન્ડ, દેવો અને મનુષ્યો.

૧૬

સોળ સંસ્કાર: પુંસવન, ગર્ભાધાન, અનવલોભન, વિષ્ણુબલિ, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, ગાયત્રી ઉપદેશ, સમાવર્તન, વિવાહ અને સ્વર્ગારોહણ.

ષોડશોપચાર: પ્રાર્થનાના સોળ પ્રકાર–આવાહન, આસન, અર્ઘ્યપાદ્ય, આચમન, મધુપર્ક, સ્નાન, વસ્ત્રાભરણ, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, પરિક્રમા અને વંદન.

વિષ્ણુનાં સોળ નામ: વિષ્ણુ, જનાર્દન, પદ્મનાભ, પ્રજાપતિ, ચક્રધર, ત્રિવિક્રમ, નારાયણ, શ્રીધર, ગોવિંદ, મધુસૂદન, નરસિંહ, જલશાયિન, વારાહ, રઘુનંદન, વામન અને માધવ.

સૂર્યકિરણનાં સોળ નામો: ચંદના, મેધ્યા, કેતના, ચેતના, અમૃતા, જીવના, શુક્લા, સુષુમ્ના, હરિકેશ, વિશ્વકર્મા, વિશ્વાવસુ, સંવર્ધન, અશ્વભૂ, સુરાટ, તારકા અને શુક્લિકા.

સોળ પવિત્ર નદીઓ: ગંગા, સિંધુ, સરસ્વતી, યમુના, ગોદાવરી, નર્મદા, કાવેરી, સરયુ, મહેન્દ્ર, તનયા, ચર્મણ્વતી, વેદિકા, ક્ષિપ્રા, વેત્રવતી, મહા, ગંડકી અને પૂર્ણા,

મંત્રયોગનાં સોળ અંગો: ભક્તિ, શુદ્ધિ, આસન, પંચાંગ સેવન, આચાર, ધારણા, દિવ્ય દેશ સેવન, પ્રાણક્રિયા, મુદ્રા, તર્પણ, હવન, બલિ, યોગ, જપ, ધ્યાન અને સમાધિ.

ષોડશ શૃંગાર: દંતમંજન, વસ્ત્ર, હાર, તિલક, સિંદુર, અંજન, કુંડલ, નથની, નૂપુર, કંકણ, તાંબૂલ, અળતો, કેશ-રચના, કંચુકી, ગાલ પર તલ અને સુગંધ.

૧૭

ગીતાનાં સત્તર નામો: ગીતા, ગંગા, ગાયત્રી, સીતા, સત્યા, સરસ્વતી, બ્રહ્મવલ્લી, બ્રહ્મવિદ્યા, ત્રિસંધ્યા, મુક્તિગેહિની, અર્ધમાત્રા, ચિરાનંદા, ભવઘ્ની, ભ્રાંતિનાશિની, વેદત્રયી, પરાનંદા, અને તત્ત્વાર્થ જ્ઞાનમંજરી.

સત્તર તત્ત્વો: રૂપ રસાદિ પાંચ વિષય, પાંચ મહાભૂત, પાંચ ઇન્દ્રિયો, મન ને આત્મા.

ટેસ્ટ-ક્રિકેટની વિશ્વએકાદશ-૧૦

ભરત ના. ભટ્ટ

ક્લૅરી ગ્રિમેટ



આપણી વિશ્વ-એકાદશની ટીમ સૈદ્ધાંતિક રીતે ત્યારે જ સંપૂર્ણ બને જ્યારે તેમાં બે સ્પિન બોલરો આવે: એક લેગ-સ્પિનર અને બીજા ઑફ-સ્પિનર. પહેલા આવશે લેગ-સ્પિનર-વિશુદ્ધ એટલે કે જમણેરી લેગ-સ્પિનર. આમ તો ગ્રિમેટ, બેનો, ચંદ્રશેખર, ઓ'રીલી, રામાધીન એવાં પાંચેક નામો હોઠે આવે છે, પરંતુ એ બધામાં મોખરે છે ક્લૅરી ગ્રિમેટ.

ટેસ્ટ ક્રિકેટ રમવાની પોતાની મહાત્ત્વાકાંક્ષાને કારણે ૨૨ વર્ષની વયે વતન છોડવું, લાયકાત હોવા છતાં, એક યા બીજા કારણે પરદેશમાં ૧૦ વર્ષ સુધી ઉપેક્ષા વચ્ચે ધીરજ ધરવી, ૩૩મે વર્ષે ટેસ્ટ-પ્રવેશ કરી *૧૨ વર્ષ સુધી રમવું અને અંતે* લાયકાત છતાં પડતા મુકાવું! અને આ છતાં ત્યાં સુધીમાં ૨૦૦ ટેસ્ટ વિકેટો લેનાર *વિશ્વના પ્રથમ બોલર બનવું* એટલું જ નહિ, સ્લૉ લેગ સ્પિન બોલિંગ કલાત્મકતા લક્ષી તેમાં પરાકાષ્ઠા સિદ્ધ કરવી – આ બધું કોણે કર્યું તેવા પ્રશ્નનો જવાબ એક જ હોઇ શકે – ગ્રિમેટ.

ન્યૂ ઝીલૅન્ડના દક્ષિણ ટાપુ પર ડનેડિન *શહેર નજીક* કેવરશામ (Caversham) ખાતે ૨૫-૧૨-૧૮૯૧ (સામાન્ય રીતે માનવામાં આવે છે તેમ ૧૮૯૨માં નહિ)ના રોજ ક્લૅરેન્સ વિક્ટર ગ્રિમેટનો જન્મ થયેલો.

કિશોર વયે ગ્રિમેટ વેલિંગ્ટનની માઉન્ટ કૂક બૉયઝ સ્કૂલમાં હતા ત્યાં જ તેમણે પ્રથમ વાર ઝડપી બોલર બનવાનાં સ્વપ્નાં ઘડ્યાં. આ પછી તેઓ શાળાની ક્રિકેટ ટીમમાં જોડાયા અને ઝડપી બોલર તરીકે શાળા કક્ષાએ કારકિર્દી શરૂ કરી. અહીં તેમને હૅમ્પલમૅન નામની વ્યક્તિએ (કોચે?) પ્રેરણા અને માર્ગદર્શન આપ્યાં. આ હૅમ્પલમૅને ગ્રિમેટને સ્પષ્ટ કહ્યું કે તમે સ્લૉ લેગબ્રેક બોલિંગ પર હાથ અજમાવો. દુબળા, નીચા ગ્રિમેટ માટે આ સલાહ વધુ ઉચિત હતી, પરંતુ તેઓએ આ સલાહ આરંભમાં ન સ્વીકારી અને ઝડપી બોલર તરીકે એક ક્લબ તરફથી રમતાં ૩ રનમાં ૭ વિકેટો લીધી! આમ છતાં ક્લૅરીના શુભેચ્છક હૅમ્પલમૅને પોતાની સલાહ પ્રમાણેનો આગ્રહ ચાલુ રાખ્યો ને ક્લૅરી ધીરેધીરે ઝડપી બોલિંગ છોડી સ્પિન બોલિંગ તરફ વળ્યા.

ઈ. ૧૯૧૧-'૧૨માં, ૨૦ વર્ષની વયે તેઓ વેલિંગ્ટન વતી ઑકલૅન્ડ સામે પોતાની પહેલી પ્રથમ કક્ષાની મૅચ રમ્યા. આ પછીની ત્રણ સીઝનમાં તેઓ નવ મૅચો રમ્યા અને ૨૧ જેટલી વિકેટો લીધી. આમ છતાં તેમને ન્યૂઝીલૅન્ડની તત્કાલીન પ્રતિનિધિ ટીમમાં સ્થાન ન મળ્યું. આ જ ગાળામાં (૧૯૧૩-'૧૪ની સીઝનમાં) ઑસ્ટ્રેલિયન પ્રતિનિધિ ટીમ મૅચ રમવા ન્યૂઝીલૅન્ડ આવી ત્યારે પોતાના આરાધ્ય ખેલાડી, દંતકથાના નાયક સમા બૅટ્સમૅન (અને આ ટીમના ઓપનિંગ બૅટ્સમૅન) વિક્ટર ટ્રમ્પરની વેલિંગ્ટનના બેસીને રિઝર્વ મેદાન પરની રમત જોવા તેઓ કાંટાળા તારની વાડ ઠેકીને કૂદી પડેલા!

આ ગાળામાં અહીં ન્યૂઝીલૅન્ડમાં તેમની અંગુલિઓ રહસ્યમયી બોલિંગ દ્વારા તો નહિ, પણ સૂચનાપત્રો, જાહેરાતો (બોર્ડ્ઝ) લખીને તેમનું ભરણ-પોષણ કરતી હતી. તેમનું આવું ચિત્રકામ ઠીકઠીક યશસ્વી પણ બનેલું. (બોલિંગ કલાને અને ચિત્રકામને કાંઈક નાતો હોવો જોઇએ. સીડની બાર્નેસના અક્ષરો ખૂબ સુંદર હોવાનું આપણે જ નોંધ્યું છે.)

આગળ વધવું હતું, આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બનવું હતું, તે તક મળતી નહોતી. રાહ જોઈ, થાકીને હતાશ થયેલા ગ્રિમેટે આખરે ૧૯૧૪માં માદરે વતનનો કિનારો છોડ્યો અને સીડની (ઑસ્ટ્રેલિયા) આવ્યા. અહીં ઊતરીને તરત જ તેઓ સીડની ક્રિકેટ મેદાન પર પહોંચ્યા તો ત્યાં તેમને પોતાના પ્રિય બૅટ્સમૅન ટ્રમ્પરનું બૅટિંગ જોવા મળ્યું. વર્ષો પછી પણ તેઓ એ દિવસ સંભારતાં ઉત્તેજના અનુભવતા.

ઉચ્ચતર તકો મળે તે માટે તેઓ ઑસ્ટ્રેલિયા ગયા તો ખરા, પરંતુ અહીં પણ કમનસીબી તેમનાથી ચાર ડગલાં આગળ જ હતી. પ્રથમ વિશ્વયુદ્ધ આરંભાયું અને ક્રિકેટ પર પ્રધાનતઃ પર્દો પડ્યો. આ ગાળામાં તેઓ સીડની ક્રિકેટ ક્લબ તરફથી રમતા રહ્યા, પણ તેમના રાજ્ય (ન્યૂ સાઉથ વેલ્સ) તરફથી સતત બીજા સ્પિનર (જેઓ પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઑસ્ટ્રેલિયન ટીમના આધારસ્તંભ સ્પિનર બનેલા તે) આર્થર મેઇલીને સ્થાન મળતું રહ્યું એટલે ક્લૅરી માટે હતાશા જ રહી. આવું ત્રણેક વર્ષ ચાલ્યું. આવા સંજોગોએ તેમ જ લગ્નએ ગ્રિમેટને ૧૯૧૮ આસપાસ મેલબોર્ન આણ્યા. અહીં તેમણે દક્ષિણ મેલબોર્ન ક્લબ તરફથી રમવાનું શરૂ કર્યું.

અહીં પણ છ વર્ષના નિવાસ દરમિયાન ગ્રિમેટને માત્ર ત્રણ વખત વિક્ટોરિયા ટીમ વતી રમવાની તક મળી. આમાંની ત્રીજી મૅચમાં દક્ષિણ ઑસ્ટ્રેલિયા સામે, એડીલેઇડ ઓવલ ખાતે, તેમણે ૮૯ રનમાં ૮ વિકેટો લીધી. તેમનો આ દેખાવ જોઈ એડીલેઇડના એક ક્રિકેટપ્રેમીએ તેમને નોકરીની ઑફર કરી અને દ. ઑસ્ટ્રેલિયાનું-દેવળનું નગર-એડીલેઇડ તેમનું સાચું વતન બન્યું. લિયોનાર્દો દ વિન્સીની રખડપાટ યાદ કરાવે તેવી રખડપાટ પછી એડીલેઇડમાં આવીને ગ્રિમેટે એવી રીતે ટેસ્ટ દ્વાર ખખડાવ્યાં કે ઑસ્ટ્રેલિયન પસંદગીકારોના બહેરા કાને પણ તે ધ્વનિ સંભળાયો.

આખરે ૧૯૨૪-'૨૫ની ઇંગ્લૅન્ડ સામેની ગૃહશ્રેણીની પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં તેમને પોતાના જૂના હરીફ મેઇલીની સાથે સ્પિનર તરીકે લેવામાં આવ્યા. પોતાના ૩૩મા જન્મદિન પછી – પોતાની પહેલી પ્રથમ કક્ષાની મૅચ રમ્યા પછી ૧૩ વર્ષે – ૨૭ ફેબ્રુઆરી ૧૯૨૫ના રોજ ટેસ્ટ-પ્રવેશ કરી તેમણે ૨૮મી એ ઇંગ્લૅન્ડના પ્રથમ દાવની પોતાની ત્રીજી ઓવરના ચોથા બૉલે ખ્યાત ડાબેરી ઑલ-રાઉન્ડર ફ્રૅન્ક વૂલીને ક્લીન બોલ્ડ કર્યા. બૉલ લેગબ્રેક હતો પરંતુ વૂલીએ તેને ટૉપ સ્પિન ધારેલો અને તેમની ઑફ સ્ટમ્પ ઊખડી ગયેલી. પોતાની આ પ્રથમ ટેસ્ટમાં જ પછી તેમણે ૮૨ રનમાં ૧૧ વિકેટો લઈ મેઇલી સંદર્ભે થયેલી તેમની ઉપેક્ષાનો-શબ્દોમાં નહિ, ક્રિયામાં-જવાબ આપેલો.

ઈ. ૧૯૨૬ની ઇંગ્લૅન્ડમાં રમાયેલી સીરીઝ પ્રતિકૂળ હવામાનને કારણે બંને પક્ષે નિરસ અને નગણ્ય રહી. ૧૯૨૮-૨૯માં ફરી ઇંગ્લૅન્ડ

ની ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવી. મેઈલી નિવૃત્ત થતાં હવે ગ્રિમેટ પર જ સ્પિન બોલિંગનો મુખ્ય ભાર હતો. આ સીરીઝ ઇંગ્લૅન્ડ ૪-૧થી જીત્યું અને હેમન્ડે ૯૦૫ રન કર્યા, છતાં પણ ગ્રિમેટે ૨૩ વિકેટો લઈ પોતાની ક્ષમતા બતાવેલી.

ગ્રિમેટના બૉલ કેવા છેતરામણા હતા તે આ સીરીઝમાં અદ્‌ભુત રીતે દેખાયું. પ્રસિદ્ધ ઑસ્ટ્રેલિયન વિકેટકીપર અને સ્ટમ્પિંગના તો જાદુગર એવા ઑલ્ડફીલ્ડે નેટ પ્રૅક્ટિસમાં (વચ્ચે બૅટ્સમૅનને રાખ્યા વગર) ગ્રિમેટના છેતરામણા દડાઓને સમજવા ઠીકઠીક મહાવરો કર્યો. આમ છતાં આ સીરીઝમાં તેઓ હેમન્ડના પાંચ સ્ટમ્પિંગ ચાન્સ અને ત્રણ કૅચો ચૂકી ગયેલા! હેમન્ડનું 'ફૉર્મ' અને ઓલ્ડફીલ્ડની સજ્જતાના સંદર્ભે તે બંનેને સાથે જ છેતરે એવા બૉલનું આ પ્રમાણ કલ્પવૃક્ષસમ ગણાય.

ઈ. ૧૯૩૦માં ઇંગ્લૅન્ડની ભૂમિ પર જે 'બ્રેડમૅન સીરીઝ' રમાઈ તેમાં ગ્રિમેટે ૨૯ વિકેટો લઇને બતાવી આપ્યું કે ઇંગ્લૅન્ડની ભેજવાળી હવા કે ઘાસવાળી પીચ પણ તેમની મદદ માટે હાજરાહજૂર છે. આ સીરીઝની પ્રથમ ટેસ્ટમાં જ ફરી તેમણે ઇંગ્લૅન્ડ સામે ૨૦૧ રનમાં ૧૦ વિકેટો લીધી હતી.

ઈ. ૧૯૩૦-'૩૧માં ગૃહશ્રેણીમાં વેસ્ટ-ઇન્ડીઝ સામે (૩૩ વિકેટો) અને ૧૯૩૧-'૩૨માં ગૃહશ્રેણીમાં જ દક્ષિણ આફ્રિકા સામે (૩૩ વિકેટો) તેઓએ યશસ્વી દેખાવ કરેલો, અને આ બંને ટીમો સામે એડીલેઈડ ખાતેના પોતાના ગૃહમેદાન પરની ટેસ્ટમાં તેમણે અનુક્રમે ૧૧ અને ૧૪ વિકેટો લીધેલી. જે ટેસ્ટમાં તેઓએ ૧૪ વિકેટો ખેરવી (દ. આફ્રિકા સામેની, એડીલેઈડ ખાતેની ચોથી ટેસ્ટમાં) તેમાં ગ્રિમેટના સાથી તરીકે એક યુવાન સ્પિનર આવ્યા – ઓ'રીલી. જતે દિવસે તેઓ પાકા મિત્રો બન્યા–આજીવન મિત્રો રહ્યા અને બંને સાથે મળીને એક ઉત્તમ સ્પિન જોડી બન્યા. આપણે જેમનો પહેલા જ ફકરામાં ઉલ્લેખ કર્યો છે તે જ આ ઓ'રીલી.

ઈ. ૧૯૩૨-'૩૩ની 'બૉડીલાઈન' સીરીઝમાં સ્વાભાવિક છે કે સ્પિનરોનું મહત્ત્વ ન જ રહે. ગ્રિમેટ તેમાં બહુ સફળ ન રહ્યા ને ૩ ટેસ્ટ રમ્યા. ૧૯૩૪માં તેમણે અને ઓ'રીલીએ ઇંગ્લૅન્ડમાં તરખાટ મચાવ્યો ત્યારે લંડનના એક પદ્યકારે નીચેનું જોડકણું રચી તેની અસર બતાવેલી:

The men who play for England
Are apt to make mistakes
Against O'Reilly and McCabe
And Grimmett's hidden breaks.

ઈ. ૧૯૩૫-૩૬માં આ બંને સ્પિનરો દક્ષિણ આફ્રિકા ગયા જ્યાં ૪૪ વર્ષના ગ્રિમેટે ૪૪ વિકેટો લઈ આજ સુધી વણતૂટયો ઑસ્ટ્રેલિયન વિક્રમ સ્થાપ્યો. આ સીરીઝની ૪થી ટેસ્ટમાં ગ્રિમેટ, પોતાની ૩૬મી ટેસ્ટ રમતા હતા ત્યારે તેમણે ૨૦૦મી ટેસ્ટ વિકેટ લીધી અને એ સીમાચિહ્ન સ્થાપનાર તેઓ વિશ્વના પહેલા બોલર બન્યા. પ્રતિકૂળતાઓની રેતાળ જમીનમાં ઉગાડેલું પ્રાપ્તિનું આ કેવું લીલુંછમ વૃક્ષ!

ગ્રિમેટ ૩૭ ટેસ્ટમાં ૨૧૬ વિકેટો લીધી ત્યાં વળી પ્રતિકૂળતાઓએ (કલિયુગની જેમ) તેમના માર્ગમાં પેસારો કર્યો. ૧૯૩૬-'૩૭ની ઇંગ્લૅન્ડ સામેની ગૃહશ્રેણીમાં તેઓ પડતા મુકાયા. (પસંદગીકારો માનતા હશે કે દક્ષિણ આફ્રિકામાં વિક્રમ સ્થાપીને ગ્રિમેટ થાકી ગયા હશે.) ગ્રિમેટને પડતા મુકાયા તે ઘટના, આઠમા દાયકાના જાણીતા ઑસ્ટ્રેલિયન ઑફસ્પિનર મેલેટ લખે છે તેમ, 'આજે ૪૦ વર્ષથી ગ્રિમેટની બોલિંગ કરતાં પણ વધુ મૂંઝવતું રહસ્ય છે.' ગ્રિમેટના સાથી-ખેલાડી મિત્ર, પ્રશંસક અને તજજ્ઞ ઓ'રીલીને પણ ગ્રિમેટનું આમ પડતા મુકાવું કદી સમજાયું નથી. ૧૯૩૮ની સીરીઝમાં (જેમાં સર લેન હટને ૩૬૪ રનનો વિક્રમ સ્થાપેલો અને સીરીઝ ૧-૧ સરભર રહેલી) જો ગ્રિમેટ હોત તો તેનું પરિણામ ઑસ્ટ્રેલિયાની તરફેણમાં આવ્યું હોત તેમ ઓ'રીલી માને છે.

બ્રેડમૅન જેવા વિચક્ષણ અને ક્રિકેટપ્રેમી ખેલાડી ગ્રિમેટને પડતા મુકાવવામાં કારણભૂત હતા તે જાણીએ ત્યારે બંનેના ચાહક તરીકે ખેદનો જ અનુભવ કરવો રહ્યો. ૧૯૩૬-'૩૭ની સીરીઝથી બ્રેડમૅન સુકાની બનેલા અને પસંદગી-સમિતિમાં તેમનો મત મહત્ત્વનો બની રહેતો. બ્રેડમૅનની ત્યારે તેવી માન્યતા હતી કે ગ્રિમેટ હવે લેગ-બ્રેક બોલિંગ પૂર્ણ સફળતાથી નથી કરી શકતા. બાનેંસે જેવો વૉર્નરને જવાબ આપેલો તેવો ગ્રિમેટે બ્રેડમૅનને આપેલો. નવેમ્બર ૧૯૩૭માં, એડીલેઈડ ઓવલ ખાતે રિચાર્ડસનની અને પોતાની 'ટેસ્ટીમોનીઅલ' મૅચમાં ગ્રિમેટે બ્રેડમૅનની ઑફ સ્ટમ્પ માત્ર ૧૩ રને જ એક શુદ્ધ લેગ-બ્રેક બૉલમાં કાઢી નાખેલી! ગમે તેમ પણ આ આખા પ્રકરણની ગ્લાનિએ ગ્રિમેટને મૃત્યુ સુધી સાવ મુક્ત નહિ કરેલા. આ રીતે ૧૯૩૭માં ગ્રિમેટની ટેસ્ટ કારકિર્દી પૂરી થઈ, પણ જે સીઝનમાં તેઓ ટેસ્ટમાંથી પડતા મુકાયા તે જ સીઝનમાં તેમણે શેફીલ્ડ શીલ્ડમાં ૭૫ વિકેટો લીધેલી. દક્ષિણ ઑસ્ટ્રેલિયા વતી તેમનું રમવાનું ૫૦ વર્ષ સુધી ચાલુ રહ્યું હતું.

ગ્રિમેટ એકવડિયા બાંધાના, ૫ ફૂટ ૭ ઈંચની (ઑસ્ટ્રેલિયન ધોરણ પ્રમાણે ઓછી) ઊંચાઈના હતા. વર્ષો સુધી તેમણે પોતાના ઘર પાછળના બાગમાં પીચ તૈયાર કરીને જાતે જ સ્પિન બોલિંગની કળા વિકસાવેલી.

ગ્રીમેટનો ઉત્તમ બૉલ 'ફ્લિપર'. આ બૉલ તેમણે લગભગ ૮ વર્ષની પ્રૅક્ટિસ પછી મૅચોમાં અજમાવેલો. 'ફ્લિપર' એટલે એવો બૉલ કે જે લેગ-બ્રેક એક્શનથી નખાયો હોય, પણ છેલ્લે તેને આંગળીથી ઝડકો (ફ્લિપ=ટચકો, ઝટકો) આપવામાં આવે જેથી તે પીચ પડ્યા પછી સ્પિન થવાને બદલે ગતિ વધારી સીધો ધસી જાય. પછીથી કેટલાક બેટ્સમૅનો ગ્રિમેટની આંગળીના અવાજથી આ બોલ પારખતા જેના તોડ રૂપે ગ્રિમેટ વળી ડાબે હાથે અવાજ કરી એવા ચીકણા બેટ્સમૅનને પણ છેતરતા.

તેઓ માત્ર ૬ ડગલાં લઈ બૉલ ફેંકતા અને ઝાઝા જ પરિશ્રમ વગર ઝડપથી ઓવર પૂરી કરતા. તેમનો બોલિંગ કરતો હાથ સીધો ઉપર ન જતો પણ થોડો ત્રાંસો ૬૬ અંશે ઘૂમતો અને એકદમ ઝડપથી ફરતો જેથી બૅટ્સમૅનને અચાનક ઉતાવળ કરવી પડતી.

ગ્રિમેટના લેગ-બ્રેક બૉલ બહુ ખતરનાક રીતે ટર્ન થતા. આ ઉપરાંત તેમનો ટૉપ-સ્પિન બૉલ પણ અદ્‌ભુત ગણાતો. ગૂગલી તેઓ નાખી શકતા, પરંતુ તેનો તેમણે નહિવત્ ઉપયોગ કર્યો છે. તેઓ મેઈલી વગેરેની જેમ માત્ર સ્પિન પર જ આધાર ન રાખતા, પણ 'એક્યુરસી' અને ફ્લાઈટનો પણ પૂરો સહારો લેતા. તેમની પાસે સ્લૉ બોલર હતા છતાં, ગતિ વૈવિધ્ય વિપુલ હતું. આ બધું એક સાથે સાચવીને તેઓ કેવા અજોડ બનેલા તે એક અંગ્રેજ તદ્‌વિદ્‌ના જ શબ્દોમાં જોઇએ :

'He was a remarkably accurate bowler. Few slow bowler have had a greater command of length and direction, related to so many different paces, whether back or front of hand or right or left arm.'

ગ્રિમેટ જેવા બોલિંગ કલાકાર હતા તેવા જ પોતાના ક્ષેત્રના વણથંભ્યા ચિંતક હતા. કોઈ સી. આઈ. ડી. પણ તેમની બોલિંગનાં રહસ્યોને ન પકડી શકે તેવું ગહન તેમનું કૌશલ. બીજી બાજુ બૅટ્સમૅનની નબળાઇઓ પારખી તેને મુંઝવવામાં ભારે ચતુર. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ સમીક્ષક ફ્રિંગલ્ટન લખે છે: **'Clarrie was a deep and long thinker. He would never bowl at one in the practice nets on tour, he never** (અનુસંધાન પૃષ્ઠ ૧૨૭)

બ્રિજ અને શતરંજ

સુરેશ મોદી

આપણે અગાઉ જોએલા કોયડા કરતાં આ વખતના કોયડામાં વધુ વિકલ્પો હોઈ તેનો સંપૂર્ણ ઉકેલ બહુ સરળ નથી.

S —
H A J 10 9
D Q 2
C 10 9 8 4

S 6	ઉત્તર	S Q J 10 9
H Q 7 6	પશ્ચિમ પૂર્વ	H —
D A 10 9 8 7 6	દક્ષિણ	D J 5
C —		C K Q J 7

S 5 4 3 2
H K 8 3 2
D K 3
C —

હુકમ : લાલ

કોયડો : દક્ષિણે ઊતરવાનું અને સાત હાથ કરવાના.

દક્ષિણ કાળીની ઊતર ઉત્તરના હાથમાં કાપી કુલ્લીનો અઠ્ઠો ઊતરે છે. દક્ષિણ કાળી અને પશ્ચિમ ચોકટ ફેંકી પૂર્વનો હાથ થવા દે છે. હવે પૂર્વ જે ભાત ઊતરે તે પ્રમાણે ત્રણ વિકલ્પ થાય :

૧) પૂર્વ કાળી રમે તો પશ્ચિમ તેના પર ચોકટ ફેંકે અને ઉત્તર તે કાપે, તથા ચોકટની રાણી ઊતરી પશ્ચિમને હાથ આપે. પશ્ચિમે તે હાથ લેવો રહ્યો, નહિ તો પછી દક્ષિણ તેનો રાજા કુલ્લી પર ફેંકી દે તો એકાનો હાથ ન મળે. પશ્ચિમ એકાનો હાથ લઈ હુકમ જ ઊતરે. જેનો હાથ ઉત્તરના હાથમાં લઈ ચોકટના રાજાથી ઉત્તર દક્ષિણના હાથમાં લે. કાળી કાપીને ઉત્તર ફરી કુલ્લી ઊતરે, જે દક્ષિણ હલકા પાનાથી કાપે, અને તેના પર પશ્ચિમ ભારે પાનાથી કાપીને તેનો ત્રીજો અને છેલ્લો હાથ મેળવે.


૨) પૂર્વ ચોકટ રમે તો દક્ષિણ ચોકટનો રાજા રમે. પશ્ચિમ હાથ લઈ હુકમ રમે, ઉત્તરના હાથમાં તે જીતીને ચોકટની રાણીનો હાથ લઈ કુલ્લી ઊતરે. દક્ષિણ તેને અઠાથી કાપે. પશ્ચિમ તેના પર રાણીથી કાપીને છેલ્લો હુકમ ઊતરે. ઉત્તર અહીં ગુલામ રમે અને પૂર્વ પાસે કયાં પાનાં બાકી રહ્યાં છે તે જોઇને દક્ષિણ રાજાથી હાથ લેવો કે ગુલામનો હાથ થવા દેવો તે નક્કી કરે.

પૂર્વ પાસે બે કાળી અને એક કુલ્લી બાકી રહે તો ઉત્તરના ગુલામનો હાથ દઈ, કુલ્લી કાપી, પછી કાળી કપાવીને ઉત્તરની છેલ્લી કુલ્લીનો વધારાનો હાથ મેળવે. પણ પૂર્વ પાસે એક કાળી અને બે કુલ્લીનો વધારાનો હાથ મેળવે. પણ પૂર્વ પાસે એક કાળી અને બે કુલ્લી બાકી હોય તો દક્ષિણ ગુલામ પર રાજા નાખી ઊતર પોતાના હાથમાં લઈ લે. હવે કાળી અને કુલ્લી કાપી પોતાના હાથમાંના કાળીના છેલ્લા પાનાથી વધારાનો હાથ મેળવે.

૩) ત્રીજી ઊતરે પૂર્વ કુલ્લી રમે (ભારે જ તો) તો દક્ષિણ રાજાથી કાપે અને હુકમથી ઉત્તરના હાથમાં ઊતર આપે. તે કુલ્લી ઊતરે જેના પર પૂર્વે ભારે પાનું રમવું રહ્યું. દક્ષિણ તેને કાપે અને પશ્ચિમ ભારેથી કાપે. હવે ઉત્તરનાં હાથમાં પૂર્વ કરતાં કુલ્લીનું ભારે પાનું બાકી રહેતું હોવાથી તેને કુલ્લીમાં જોઇતો વધારાનો હાથ મળે. □

જે વાચકો આ માળા ઘણા વર્ષોથી વાંચે છે કે જેમણે 'કુમાર કાર્યાલય' તરફથી પ્રકાશિત થયેલ 'શતરંજ' પુસ્તિકા વાંચી છે તે, નવ કાંકરીની યાદ આપે તેવું Torre-Laskerની રમતમાંનું એક અવિસ્મરણીય કૉમ્બિનેશન ભૂલ્યા નહિ હોય. તેમાં Torre વજીરનો ભોગ આપીને ઊંટ તથા હાથીના બળે શેહ આપતા રહી સામા પક્ષનો વજીર જીતે છે. અને તે પહેલાં બીજાં પણ ઘણાં મહોરાં હજમ કરી જાય છે (જે વાચકો એનાથી પરિચિત નથી તેમને માટે તે સ્થિત આ વખતના કૉમ્બિનેશનની ચર્ચા પૂરીને આપીશું.) તે કૉમ્બિનેશનની યાદ આપે તેવું – જો કે તેના જેટલું આકર્ષક તો નહિ, પણ એવું કૉમ્બિનેશન આપણે આજે જોઇએ છીએ. અહીં સફેદ વજીરને કાળો વજીર મારે તેમ છે. તેનો કોઈ બચાવ નથી. છતાં તેને બચાવવાને બદલે તેનો ભોગ આપી સફેદ આકર્ષક કૉમ્બિનેશન ઉપજાવે છે.

Aubener



Antuanitz

સફેદે રમવાનું

1 R-B7, Q×Q; 2 R-K7ch, K-Bl; 3 R×B dis. ch.

હાથી K7 પર આવે ત્યારે શેહ અને ત્યાંથી બીજે જાય ત્યારે પણ શેહ આવતી હોવાથી કાળો તો શેહમાંથી છૂટવા રાજાને બે ખાનાં વચ્ચે ફેરવ્યા કરે. ત્યાં સુધીમાં સફેદ હાથી પોતાની હડફેટમાં આવે તે બધાંને સાફ કરી નાખે.

3 ..., K-K1; 4 R-K7ch, KB1; 5 R×KRPdis, ch. તે કાળાના QRPને છોડી દે છે, કારણ તેમ કરવાથી કાળા હાથીને ખુલ્લી પંક્તિ મળે છે.

5 ..., K-K1; 6 R×Q. અને હવે જીતવા માટે પૂરતી સરાસરી છે.

Torre-Laskeaની રમતમાં આવી સ્થિતિ હતી :

r3rnk1/pb3pp1/3pp2p/1q4BQ/1P1P4/4N1R1/P4PPP/4R1K1. સફેદે રમવાનું.

રમત આમ આગળ વધી હતી.

1 B-B6!, Q×Q; 2 R×Pch, K-R1; 3 R×Pdis. ch., K-N1; 4 R-N7ch, K-R1; 5 R×B dis. ch., K-R1; 6 R-N7ch, K-N1; 7 R-N5dis. ch., K-R2; 8 R×Q, K-N3; 9 R-R3, K×B; 10 R×Pch, Resigns. □


કલાવાર્તા

જગદીપ સ્માર્ત

અહીં તેમજ આ અંકમાં પૂઠામાં જેમની કૃતિઓ આપી છે તે ભાઈ જગદીપ સ્માર્ત સૂરતના એક યુવાન કલાકાર છે. ઈ. ૧૯૫૬માં એમનો જન્મ. વડોદરાની મ. સ. યુનિવર્સિટી-માં કળાનો અભ્યાસ કરી ૧૯૮૦માં એમ.-



એફ્.એ. થયા. અમદાવાદના 'દર્પણ થીઅટર'-માં એમણે પપેટ્રીનો પણ અભ્યાસ કર્યો. જાણીતા કલાકાર શ્રી વાસુદેવ સ્માર્ત સાથે ભારતના અનેક કલાસ્થાનોનો પ્રત્યક્ષ પરિચય કરી એમણે દેશની વિવિધ કલાશૈલીઓનો અચ્છો પરિચય મેળવ્યો અને તે દરેક સ્થળે ઓછુંવધતું ચિત્રકામ પણ કર્યું. અજંતાનાં ભીંત-ચિત્રોની નકલો કરી એ શૈલીનો પણ તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે. સૂરતની ગાર્ડન સિલ્ક મિલ્સના ટેક્સ્ટાઈલ ડિઝાઈનના વિભાગમાં, અને વાલોડની વનસ્થલી ફાઇન આર્ટ્સ કૉલે-જમાં મદદનીશ વ્યાખ્યાતા તરીકે કામ કર્યાનો પણ તેમને અનુભવ છે. કલાપ્રદર્શનોમાં તેઓ પોતાની કૃતિઓ રજૂ કરતા રહે છે.




△ ચમ્બા. પહાડોની ગોદમાં વસેલા એ ગામનું એક સુંદર આલેખન નીચે-અનુક્રમે: નૃત્યરત ગણેશ. જગદીપે ગણેશનાં તો અનેક ચિત્રો કર્યાં છે. એમાંનું આ એક લીથોગ્રાફ છે. કાંગરાનો કિલ્લો અને બનારસની ગલી. સામેના પૃષ્ઠ પર અનુક્રમે: લૅન્ડસ્કેપ, વરરાજા અને ગીચ ઝાડી, 'પેન ઍન્ડ ઈન્ક' પરનો કાબૂ તથા વિગતસભર કલામય સંયોજન ને નિરીક્ષણશક્તિની દ્યોતક ત્રણ કૃતિઓ. આબુના પથરાળ સૌંદર્યને પ્રકટ કરતું એક પેસ્ટલ ડ્રૉઈંગ, બનારસના ઘાટ પરની છત્રીઓનું સુંદર સંયોજન અને 'સેલ્ફ પોર્ટ્રેટ' – એક કૉલાજ.


તેમાં ૧૯૬૮માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના પ્રદર્શનમાં, ઑલ ઇંડિયા સેન્ટ્રલ સ્કૂલ પેઇન્ટિંગની સ્પર્ધામાં, જિનીવામાં 'યુનિસેફ'યોજિત પ્રદર્શનમાં તથા બે વાર ઉજ્જૈનના કાલિદાસ સમારોહના કલાપ્રદર્શનોમાં પારિતોષિકો મેળવ્યાં છે. 'આકાશવાણી' પર તથા સૂરતની રોટરી ક્લબમાં એમણે કલા વિષયક વ્યાખ્યાનો પણ આપ્યાં છે. બનારસમાં ત્યાંના ઘાટ અને ગલીઓનાં એમણે કરેલાં ચિત્રો ત્યાંના ભારત કલાભવનના ઉપક્રમે પ્રદર્શિત થયાં હતાં. તાજેતરમાં સૂરતમાં યોજાએલી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન-

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૮)









યુવાન કલાકાર જગદીપ સ્માર્તની કલાશક્તિની
દ્યોતક કૃતિઓ

અનુસંધાન] **હાર, જીત...** [પૃષ્ઠ ૧૦૭થી

જેમ એના પર જાણે ધરતીમાં ઊંડેઊંડે ખૂંપી ગયા હતા. એ એકદમ સ્ટેચ્યૂ બની ઊભો રહ્યો હતો. એની નજર પ્રિન્સિપાલની દેખાતી રિટક પર સ્થિર બની ગઈ હતી.

હા, પછી તો પ્રો. શાહના પ્રસંગમાં પ્રિન્સિપાલે જરાય નમતું જોખ્યું નહિ અને એને કૉલેજમાંથી ડિસમિસ કર્યો હતો. એ પછી તો પોતાની આંખના એક ઇશારા માત્રથી કૉલેજમાં ધાંધલ-ધમાલ, ઘેરાવ, હડતાલ, તોડફોડ અને... અંતે હવે ખુદ પ્રિન્સિપાલે જ થાકીને કૉલેજના હિત ખાતર સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ રાજીનામું આપ્યું હતું મૅનેજમૅન્ટે પણ કૉલેજના ડહોળાઈ ગયેલા વાતાવરણને ધ્યાનમાં લઇને અનિચ્છાએ તે મંજૂર રાખ્યું હતું. અને આજે પ્રિન્સિપાલ-સાહેબ જઈ રહ્યા હતા.

એક ધુર્રાટા સાથે ધુમાડો ઊડાડતી બસ ઊપડી. સંદીપને એકાએક ચાલતી બસ તરફ દોડી જવાનું મન થઈ ગયું. પણ પગ ઊપડયા નહિ. એ ચૂપચાપ પોતાની જગ્યાએ સ્થિર ખોડાઈ રહ્યો. એની નજર દોટ મૂકીને ધીમેધીમે આગળ વધતી બસ તરફ પહોંચી ગઈ. પ્રિન્સિપાલે એકાએક બસમાંથી બહાર ડોકિયું કર્યું. કદાચ એ છેલ્લી નજરે કૉલેજની દિશા ભણી જોઈ રહ્યા હતા. નાનકડો વળાંક લેતી બસ લગભગ એ ઊભો હતો ત્યાંથી જ પસાર થઈ. પ્રિન્સિપાલની નજર કદાચ પહેલી જ વાર એના પર પડી. એકાએક એમની આંખો હસી ઊઠી, એમના હોઠો પર સદાયનું પેલું પરિચિત વાત્સલ્યભર્યું સ્મિત રમી રહ્યું હતું. એ એની સામે જ જોઈ રહ્યા હતા–કૉલેજ છોડતાં પહેલાં પ્રિન્સિપાલસાહેબે બે દિવસ અગાઉ છેલ્લી વાર એને બોલાવ્યો ત્યારે એની સામે જોઇ રહ્યા હતા તેમ – અત્યંત સ્વસ્થપણે એની આંખોની આરપાર તાકી એમણે કહેલું :

'સંદીપ, જો ભાઇ, હું કંઈ લૅન્ગવેજનો પ્રોફેસર નથી, એટલે મારા વિચારોને શબ્દ દ્વારા વ્યક્ત કરતાં મને બરાબર નહિ ફાવે, પણ અત્યારે આ ક્ષણે હું જે કંઈ ફીલ કરું છું તે આ છે : આ કૉલેજ સાથે એના જન્મકાળથી જ હું સંકળાયેલો છું. એમ કહું કે આ કૉલેજ મારી પોતાની ટીન-એજેડ ડૉટર છે... એની આબરુ તમારા સૌના હાથમાં છે. મને શ્રદ્ધા છે કે...'

પ્રિન્સિપાલે બસમાં પોતાનું માથું અંદર ખેંચી લીધું હતું. ને આમ છતાં ય સંદીપને પોતાને પણ ખબર ન રહી હોય તેમ, દૂ...ર રસ્તાનાં વાહનોની ભીડ વચ્ચે અદૃશ્ય થઈ ગયેલી બસ પાછળ દોડીને થાકીને પાછી ફરેલી એની નજરની જેમ જ, બસની દિશા તરફ ક્યારનો ય ઊંચો થઈ ગયેલો એનો અક્કડ હાથ હવે થાકીને ઢીલોઢસ બની પહેલી જ વાર ઝૂકી પડયો હતો. □

અનુસંધાન] **રામાનુજાચાર્ય** [પૃષ્ઠ ૧૦૯થી

રામાનુજાચાર્યે પણ અન્ય ધર્માચાર્યોની જેમ જ અનેક ગ્રંથોની રચના કરી. બ્રહ્મસૂત્રનું 'શ્રીભાષ્ય' એમની શ્રેષ્ઠ કૃતિ છે. એનું ગુજરાતી ભાષાન્તર આચાર્ય આનંદશંકર ધ્રુવે કર્યું છે. એમના અન્ય ગ્રંથોમાં 'વેદાંતસંગ્રહ', 'વેદાંત-દીપ', 'વેદાંત-સાર', 'ગીતા-ભાષ્ય', 'ગદ્યત્રય', 'ઈશાવાસ્યોપનિષદ્-ભાષ્ય', 'નિત્ય પદ્ધતિ', 'પ્રશ્નોપનિષદ્ વ્યાખ્યા', 'મુંડકોપનિષદ્ભાષ્ય', 'શ્વેતાશ્વેતરોપનિષદ્વ્યાખ્યા', 'રામાયણ વ્યાખ્યા' ઇત્યાદિ મુખ્ય છે.

વિશિષ્ટાદ્વૈત મત રામાનુજાચાર્ય નામ ઉપરથી 'રામાનુજદર્શન' નામથી ઓળખાય છે. સ્થૂળ-સૂક્ષ્મ અને ચેતન-અચેતન વિશિષ્ટ બ્રહ્મ એ ઇશ્વર. અનંતજીવ અને જગત એ એનું શરીર. નારાયણ તે સત્, મહાલક્ષ્મી તે ચિત્ અને આ એમના આનંદનો વિલાસ. એ આભાસ નથી. એ જ સચ્ચિદાનંદ. નારાયણના પાંચ સ્વરૂપો છે. પરમાત્મા સ્વરૂપનાં અવિક્ષિપ્ત દર્શન એ જ જીવની મુક્તિ.

રામાનુજાચાર્ય પછી શ્રીવૈષ્ણવ સંપ્રદાયના સર્વોત્તમ પ્રવર્તક હતા વેદાંત દેશિકાચાર્ય. એ પહેલાં પિળળૈકાચાર્યના સમયમાં શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં (૧) તેનકલૈ (દક્ષિણાવાદી) અને (૨) વડકલૈ (ઉત્તરવાદી) એમ બે પંથ પડયા. વેદાંત દેશિકાચાર્ય વડકલૈ પંથના પુરસ્કર્તા હતા.

રામાનુજાચાર્યનો વિશિષ્ટદ્વૈત મત વૈષ્ણવ ભક્તિ-પરંપરાનું આદ્ય દર્શન છે, અને ઉત્તરકાલીન ભક્તિ-પરંપરામાં એ મત સહુથી મોખરે છે. અનુકાળમાં સ્વામી સહજાનંદે એનો સ્વીકાર કર્યો તે એની મહત્તાને નિર્દેશે છે. રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત પછી કાળક્રમે નિમ્બાર્કનો દ્વૈતાદ્વૈત મત, મધ્વાચાર્યનો દ્વૈત મત, વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત મત પ્રચલિત બન્યો છે. વળી, ચૈતન્યાદિ દ્વારા સન્તપ્રણાલિ પણ અસ્તિત્વમાં આવી છે. જ્ઞાનદેવ, નામદેવ, કબીર, રામદાસ ઈત્યાદિએ ભક્તિનો અપૂર્વ મહિમા ગાયો છે. અત : રામાનુજાચાર્યથી પ્રારંભાયેલી ભક્તિ-પરંપરા આજ સુધી જીવંત છે. □

અનુસંધાન] **સી. વી. ગ્રિમેટ** [પૃષ્ઠ ૧૨૩થી

believed in giving the batsman a look at his wiles.'

ગ્રિમેટ કંજૂસ પણ ભારે. વિકેટના ભૂખ્યા ખરા, પણ તેમની બૉલિંગમાં રન લેવા એ સહેલી વાત. નહિ ફીલ્ડિંગમાં પણ તેમની ઇચ્છા વિરુદ્ધ ફેરફાર ન થઈ શકે.

ઓ'રીલી તેમને 'ગ્રમ'ના હુલામણા નામથી બોલાવતા. જ્યારે તેમણે ગ્રિમેટને સૌપ્રથમ એક મૅચમાં જોયા ત્યારે ત્યાં 'Grimmett'ને બદલે 'Grummett' લખેલું હોવાથી ઓ'રીલીએ તેમનું આ નામ પાડેલું. અન્ય સાથીદારો તેમને 'Scarlet'ના હુલામણા નામથી બોલાવતા.

ગ્રિમેટે અદ્ભુત સ્પિન બૉલિંગ કરી છે, છતાં તેમનાં આંગળાઓની ચામડીને ભાગ્યે જ નુકશાન થયું છે. કદાચ ફ્લાઈટનો ઉપયોગ તેમની જેટલો ઉત્તમ રીતે ભાગ્યે જ કોઈ કરી શક્યું હશે.

માત્ર ૩૭ ટેસ્ટમાં ૨૧૬ વિકેટો લઇને તેમણે (બાર્નેસની માફક) પોતાની ક્ષમતા બતાવી જ છે, પરંતુ એથી વધુ નોંધપાત્ર તો એ છે કે તેઓ માત્ર એક જ એવા સ્પિનર છે જેમણે ૭ વખત એક ટેસ્ટમાં ૧૦ કે તેથી વધુ વિકેટો લીધી છે! તેમના નજીકના હરીફ અન્ડરવૂડે (ઇંગ્લૅન્ડ) ૬ વખત આ સિદ્ધિ મેળવી છે, પણ ૭૯ ટેસ્ટમાં !

તેમને ઘણું સહન કરવું પડયું છતાં તેમણે કદી ઉદારતા, વિવેક, હળવાશને છોડયાં નહિ. તેમની એક આંખમાં જાણે સિદ્ધિઓ અને ગુણવત્તાનો સૂર્ય ચમકતો હતો, તો બીજી આંખમાં ઉપેક્ષા અને કમનસીબીનો નિબિડ અંધકાર રહેતો. પણ પડયા વગર કોઈ ચડી શક્યું છે? ક્રિકેટના આ જાદુગર માટે ગર્વ અને સહાનુભૂતિ બંને છે!

બીજી મે ૧૯૮૦માં પોતાના એડીલેઇડ ખાતેના ઘરમાં 'ક્લૅરી' એ ચિરનિદ્રા લીધી ત્યારે તેમને ૮૮ વર્ષ થએલા. એ અંતિમ ક્ષણો વખતે તેમની પાસે તેમનાં દ્વિતીય પત્ની એક પુત્ર તથા પૌત્ર અને પૌત્રી હતાં. □

સુધારો : ગયા અંકમાં જેની નોંધ લીધી છે તે 'ફોટોગ્રાફીસૂત્રપોથી'ની કિંમત (૨૦ નહિ પણ) રૂ. ૩૦/– (પોસ્ટેજ અલગ) છે, તથા પ્રાપ્તિસ્થાન (૧૦ નહિ પણ) ૧૯ ઇન્કિલાબ સોસાએટી છે.



શ્રી હરિનારાયણ આચાર્ય–'વનેચર' સ્વર્ગસ્થ

જેમના અભ્યાસપૂર્ણ રસાળ લેખોનો લાભ અને લ્હાવ મેળવવા 'કુમાર' અને તેના વાચકો જ સૌથી વધુ ભાગ્યશાળી થયા છે એ બહુશ્રુત પ્રકૃતિતત્ત્વવિદ્ શ્રી હરિનારાયણ ગિરધરલાલ આચાર્ય—'વનેચર'ના ૨૨ મે ના રોજ મધરાતે ૮૬ વર્ષની વયે કમળાથી અવસાન થયાની જાણ કરતાં અમે અત્યંત દુઃખ અનુભવીએ છીએ.

છેક ઈ. ૧૯૨૬થી આરંભી એમણે જીવનચરિત્રો, પ્રોત્સાહક લેખો, વ્યાયામવિષયક વિભાગો, પક્ષી-પ્રાણીને લગતી વાર્તાઓ, પર્યટન લેખો તથા નાનીમોટી સંખ્યાબંધ નોંધો વડે એમણે 'કુમાર'માં જ્ઞાનસમૃદ્ધ વાચનસામગ્રી આપી છે તે 'કુમાર'ને માટે સદા અભિમાનનો વિષય રહ્યો છે.ગુજરાતમાં પ્રકૃતિવિજ્ઞાનનો રસ પ્રકટાવનાર પ્રકૃતિમંડળના મુખપત્ર 'પ્રકૃતિ' સિવાય એકમાત્ર 'કુમાર' જ એમના લેખનનો લાભ પામવા ભાગ્યશાળી રહ્યું છે.

કોઈ પણ વિષયના તલસ્પર્શી જ્ઞાનની પ્રાપ્તિ એ એમનો વ્યાસંગ હતો. સંસ્કૃત ને અંગ્રેજી ભાષાના એ પ્રખર જ્ઞાતા હતા. 'વનફૂલ'ના ઉપનામે એમણે કાવ્યો પણ રચેલાં ને સ્વ. મેઘાણીની યે પહેલાં ગામડે ગામડે ફરીને એમણે પ્રકૃતિનાં બધાં અંગોના અભ્યાસની સાથેસાથે લોકગીતો પણ એકઠાં કરેલાં. સિક્કાશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, મિલઉદ્યોગનાં બધાં અંગો વગેરે સંખ્યાબંધ વિષયોનું એમને તલસ્પર્શી જ્ઞાન હતું. એમના જેવી બહુમુખી પ્રતિભાના જવાથી ગુજરાતને પડેલી ખોટ ન જાણે ક્યારે પુરાશે? કદાચ ન યે પુરાય. એમનો વિસ્તૃત પરિચય 'કુમાર' ૫૧૦ (ઑક્ટો. ૧૯૪૯)માં જોવા મળશે.

સદ્ગતના આપ્તજનો પ્રત્યે અંતરથી દિલસોજી વ્યક્ત કરવા સાથે સદ્ગતના આત્માને શાંતિ પ્રાર્થીએ છીએ. —બિ.

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૧૨૫થી માં એમનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. રાજ્યસરકારના ઉપક્રમે આબુમાં યોજાએલા કલાકારોના કૅમ્પમાં યે એમણે ભાગ લીધો હતો. ઉત્તર પ્રદેશના પુરાતત્ત્વ વિભાગ માટે મથુરાનાં ભીંતચિત્રોની અનુકૃતિઓ ઉતારવા એમણે શ્રી વાસુદેવના સહાયક તરીકે કામ કરેલું છે. પ્રત્યક્ષ પરિચયથી ભારતની વિધવિધ કલાશૈલીઓનો ઊંડો અભ્યાસ કરેલો છે. અનેક સ્થળે એમણે પપેટ્રીની પોતાની કલા પણ પ્રદર્શિત કરી છે. આ ઉપરાંત, માટીનાં શિલ્પ, પૉટરી, નાટક અને કાવ્યોમાં પણ એમને રસ છે. હાલ તેઓ સૂરતમાં સ્વતંત્ર કલાવર્ગો ચલાવવા સાથે આગવું ચિત્રસર્જન કરે છે. ગુજરાત રાજ્યની લલિતકલા અકાદમી, ઉજ્જૈનના કલાભવન અને અન્ય ખાનગી સંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાએલી છે. આ ઉપરાંત આફ્રિકાના એક કલાચાહક માટે એમણે 'કૃષ્ણચરિત'નું એક મ્યુરલ બનાવી આપેલું છે. વારાણસીના જૈન ભવન માટે પણ એમણે એક મ્યુરલ બનાવેલું છે.

પોતાના કલાવિકાસનો યશ તેઓ શ્રી વાસુદેવ સ્માર્તને આપે છે, પણ પોતાની કલાભિવ્યક્તિ માટે કેવળ ભારતીય શૈલીના જ આગ્રહી ન રહેતાં એમણે ગ્રાફિક્સ સહિત વિધવિધ રીતિઓ અપનાવી છે, અને તે દરેકમાં એમણે આગવી કલાશક્તિ બતાવી છે. છે. અહીં આપેલી એમની થોડી કૃતિઓમાં પહાડો વચ્ચે વસેલા ચંબાનું દર્શન, વરરાજાના આલેખનમાં અલંકરણની ઝીણીઝીણી વિગતો, કાશ્મીરની ગલીની બાંધણી, કાંગરાના કિલ્લાના ચડઊતર બાંધકામની વચ્ચેથી કળાતું ઊંડાણ, આબુની પથરાળ ભૂમિ, ગીચ વૃક્ષઘટા વગેરેમાંથી એમણે જે સૌંદર્યને પકડી પાડ્યું છે તે એમની કલાદૃષ્ટિનું દ્યોતક હોવા ઉપરાંત, એમના ઘડાએલા હાથની પ્રતીતિ કરાવે છે. શરસંધાન કરતા કામદેવ અને નૃત્યરત ગણેશની રજૂઆતમાં એમની શોભનાત્મક કલમનો એક જુદો જ પરિચય મળે છે, તો પોતાના વિવિધ ફોટોગ્રાફો અને સાંકેતિક આકાર-આકૃતિઓ દ્વારા આત્મપરિચિય આપતું કૉલાજ એમની પ્રયોગશીલતા દર્શાવે છે. એમની બધી કૃતિઓમાં ઊંડો અભ્યાસ, બહોળો અનુભવ ને આગવી કલાસૂઝ પ્રતિબિંબિત થાય છે. હજી તો એમણે પોતાની વયનો ત્રીજો દાયકો પણ વટાવ્યો નથી, પણ ત્યાં સુધીમાં એમણે દાખવેલી પ્રતિભા એમના ભાવિની ઉજ્જવળતાને પ્રતિબિંબિત કરે છે.

—બંસીલાલ દલાલ

રાત ગઁવાઈ સોય કર,
દિવસ ગઁવાયા ખાય,
હીરા જનમ અમોલ થા,
કૌડી બદલે જાય.
(કબીર)

બિયાનાના રાજા જેવા કારમા શત્રુને જેર કરી આપવા માટે દિલ્હીના બાદશાહ આદિલશાહે જ્યારે પોતાના સેનાપતિ વીર હેમુને દરબારમાં શિરપાવ આપવા માંડ્યો, ત્યારે વિનયપૂર્વક ના પાડીને તેણે કહ્યું, 'નામદાર, હું આપના લશ્કરની બહાદુરીથી જ વિજય પામ્યો છું માટે ઇનામ તો એમને આપો.'

બાળકોને થતા મુખ્ય રોગોમાંથી ઓરી, ગાલપચોળિયાં ને બાળલકવા જેવા રોગો પર તો ઠીકઠીક કાબૂ આવી શક્યો છે, પણ હજી અછબડાના વાયરાને પૂર્ણ અંકુશમાં લાવી શકાયો નથી. આ માટે છેલ્લા પાંચેક વર્ષથી અછબડાની રસીની ચકાસણી થઈ રહી છે. મનાય છે કે બેએક વર્ષમાં આ પ્રકારની રસી બજારમાં મૂકી શકાશે.

અલાસ્કા એ એમેરિકાના સંયુક્ત રાજ્યોમાંનું મોટામાં મોટું રાજ્ય છે. પરંતુ ત્યાંના વિશાળ બરફીલા વિસ્તારોને કારણે પરિવહનની પૂરતી સગવડો ન હોઈ ત્યાંની વિપુલ કુદરતી સંપત્તિનો હજી પૂરતો લાભ લઈ શકાતો નથી. ત્યાંની માત્ર એક ટકા જેટલી જમીનમાં હજી લગભગ ૪૦૦ અબજ રૂપિયા જેટલી કિંમતનાં ખનિજો ભંડારાએલાં છે. આ જ રીતે ૪ કરોડ ૭૬ લાખ હેક્ટર જેટલાં જંગલો હજી અકબંધ છે. ૯૦૦૦ અબજ ઘન મીટર જેટલો કુદરતી ગૅસ ત્યાંના ભૂતળમાં પડ્યો છે. અલાસ્કાના ઉત્તર છેડે હજી ૯ અબજ ૬૦ કરોડ બેરલ જેટલું તેલ મળી શકે તેમ છે.

પુખ્ત વયની સ્પર્મ વ્હેલનું માથું એના સમગ્ર શરીરની લંબાઈના ચોથા ભાગ જેટલું મોટું હોય છે, અને તેનું વજન સમગ્ર શરીરના ત્રીજા ભાગ જેટલું.

ઘરમાં પ્રવેશતાં પતિએ પત્નીને ખબર આપી, 'જાણે છે? સરકારે જાહેર કર્યું છે કે ખાનપાનમાં મિલાવટ કરનારને હવે પછી કેદની સજા કરવામાં આવશે.'

'હાય રામ, હવે શું થશે! મેં તો અત્યારે બટાટા સાથે વટાણા ભેળવીને શાક કર્યું છે!'

ફિલિપાઈન્સમાં લગભગ ૭૧૦૦ ટાપુઓનો સમાવેશ થાય છે.